સામાન્ય જ્ઞાન

# હું બનું વિશ્વ માનવી

## ભાગ - 2



ઈતિહાસ • ભૂગોળ • અર્થશાસ્ત્ર • ભારતીય બંધારણ • ચૂંટણી


ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ

ગાંધીનગર

# પ્રસ્તાવના

બાળકોના સર્વાંગી વિકાસ માટે માત્ર સાક્ષરી વિષયોનું એટલે કે પાઠ્યપુસ્તકમાં આપેલું વિષયવસ્તુ પૂરતું નથી. માનવજીવનને રોજબરોજ સ્પર્શતાં એવાં અન્ય ઘણાં ક્ષેત્રો છે, જે વિશે બાળક પાસે સામાન્ય માહિતી હોવી જોઈએ. આ બધાં ક્ષેત્રોના સમૂહને આપણે પરંપરાગત રીતે 'સામાન્ય જ્ઞાન' તરીકે ઓળખીએ છીએ. ધોરણઃ 6 થી 8 નાં બાળકો વર્તમાનપત્રો વાંચીને સમજી શકે એવી અધ્યયન નિષ્પત્તિ ભાષાશિક્ષણમાં હોય છે. વર્તમાનપત્રમાં આવતા સમાચાર સમજવા હોય તો જે તે બાબતનો મૂળભૂત સંદર્ભ સમજવો જરૂરી છે. આ માટે રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા સાહિત્ય, પ્રત્યાયન, કલા, ફિલ્મ, રમત-ગમત, ઇતિહાસ, ભૂગોળ, અર્થશાસ્ત્ર, ભારતીય બંધારણ, ચૂંટણી, ગણિત, બેન્ક, વિજ્ઞાન, ICT વગેરે જેવાં કેટલાંક ક્ષેત્રો પસંદ કરીને એના વિશેની માહિતી બાળકોને સમજાય એવી ભાષામાં **'હું બનું વિશ્વ માનવી'** શીર્ષક હેઠળ ત્રણ પુસ્તકોમાં રજૂ કરવામાં આવી છે.

ધોરણઃ 6 થી 8 નાં બાળકોને ઉપયોગી આ સામગ્રી GCERT દ્વારા સમગ્ર રાજ્યમાંથી પસંદ કરેલ તજજ્ઞોની મદદથી તૈયાર કરવામાં આવી છે. આ પુસ્તકો આપણે શાળા પુસ્તકાલયમાં એવી રીતે રાખીશું જેથી બાળકોને સહજ રીતે પ્રાપ્ય બને. આ ઉપરાંત, બાળકો અવારનવાર આ પુસ્તકોનો ઉપયોગ કરવા પ્રેરાય એવા પ્રયાસ શિક્ષકોએ કરવા જોઈએ. જેમકે આ પુસ્તકોમાંથી કોઈ એક વિષય પસંદ કરી શિક્ષકો દરરોજ પ્રાર્થનાસભામાં બાળકોને એ વિષય વિશે વાત કરે. ક્યારેક બાળકોને જ વિષયો આપી શકાય. બાળકો વાંચે અને શિક્ષક બાળકો સાથે નિયત થયેલ મુદ્દાઓ બાબતે પ્રશ્નોત્તરી કરે.

આ પુસ્તકો તૈયાર કરવાનો વિચાર શિક્ષણ વિભાગના માન. અગ્રસચિવ સુશ્રી સુનયના તોમર (IAS) દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યો તેમજ તે માટે સતત માર્ગદર્શન શ્રી અજયકુમાર તોમર (IPS) દ્વારા પ્રાપ્ત થયું તે માટે બંનેનો હું આભારી છું. તમામ પુસ્તકોને ગુણવત્તાસભર બનાવવા માટે આ કાર્યમાં સતત જોડાયેલા GCERT તથા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રશિક્ષકો તેમજ તજજ્ઞ શિક્ષકોનો આભાર માનીએ છીએ. આ પુસ્તકો રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓને નિઃશુલ્ક પહોંચાડવા માટે સર્વ શિક્ષા અભિયાનનો પણ આભાર.

આશા છે કે આ ત્રણ પુસ્તકો Beyond the Textbook હોઈ વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષામાં ટકી રહેવા, સતત સફળતા હાંસલ કરવા અને સતત નવું નવું જાણવાની પ્રેરણા આપવા ઉપયોગી નીવડશે. આ પુસ્તકોને ગુણવત્તાસભર અને વધુ ઉપયોગી બનાવવા માટે આપનાં સૂચનો આવકાર્ય છે.

નિયામક
જીસીઈઆરટી
ગાંધીનગર

**ખાસનોંધ:** આ પુસ્તકમાં આપવામાં આવેલા નકશાઓ માત્ર અને માત્ર વિદ્યાર્થીઓને માહિતી પૂરી પાડવા માટે જ છે, પ્રમાણમાપ મુજબના નથી. (*Not as per the Original Scale)

## નિર્માણ - સંયોજન

ડૉ. ટી.એસ.જોષી, નિયામક, જીસીઈઆરટી, ગાંધીનગર
શ્રી બહાદુરસિંહ સોલંકી, સચિવ, જીસીઈઆરટી, ગાંધીનગર
ડૉ. હરેશભાઇ ચૌધરી, અભ્યાસક્રમ કોઑર્ડીનેટર, જીસીઈઆરટી, ગાંધીનગર
ડૉ. અખિલભાઇ ડી. ઠાકર, રિસર્ચ એસોસિએટ, જીસીઈઆરટી, ગાંધીનગર

## ભાષાશુદ્ધિ

શ્રી નરેન્દ્રભાઇ રાવલ, રીડર, જીસીઈઆરટી, ગાંધીનગર
શ્રી પ્રકાશભાઇ સોની, નિવૃત્ત, રીડર, જીસીઈઆરટી, ગાંધીનગર

## સાહિત્ય

શ્રી નરેન્દ્રભાઇ રાવલ, રીડર, જીસીઈઆરટી, ગાંધીનગર
ડૉ. ગજેન્દ્રભાઇ જોશી, નિવૃત્ત, લેક્ચરર, ડાયટ, પાલનપુર
શ્રી કિશોરભાઇ પાર્થ, સિનિયર લેક્ચરર, ડાયટ, અમદાવાદ ગ્રામ્ય
શ્રી યાહ્યા સપાટવાલા, લેક્ચરર, ડાયટ, વડોદરા
શ્રી સ્મિતાબેન રાણા, ઉ.શિ., ઠિકરીયા મઠ પ્રા. શાળા, વડોદરા
શ્રી સોનુબેન ગોહેલ, મુ. શિ., ભરોડા પ્રા. શાળા, આણંદ

## માહિતી અને પ્રત્યાયન તકનીકી (ICT)

શ્રી હિરેનભાઇ વ્યાસ, સિનિયર લેક્ચરર, ડાયટ, નવસારી
શ્રી નીતિનભાઇ દલવાડી, રિસર્ચ એસોસિએટ, જીસીઈઆરટી, ગાંધીનગર
શ્રી નિલેશભાઇ ચાંપાનેરી, સિનિયર લેક્ચરર, ડાયટ, અમરેલી
શ્રી ચેતનભાઇ પંચોલી, સિનિયર લેક્ચરર, ડાયટ, વઘઇ
શ્રી અનિલભાઇ વેકરીયા, લેક્ચરર, ડાયટ, મહેસાણા
શ્રી ધ્રુવભાઇ પંડ્યા, લેક્ચરર, ડાયટ, સુરેન્દ્રનગર
શ્રી જૈનીબેન ભોજક, ટેકનિશ્યન, જીસીઈઆરટી, ગાંધીનગર
શ્રી કેતનભાઇ નિરંજન, ટેકનિશ્યન, ડાયટ, રાજકોટ

## ફિલ્મ

ડૉ. ભૌમિકભાઇ ત્રિવેદી, લેક્ચરર, ડાયટ, અમદાવાદ ગ્રામ્ય
શ્રી નીતિનભાઇ દલવાડી, રિસર્ચ એસોસિએટ, જીસીઈઆરટી, ગાંધીનગર
શ્રી અનિલભાઇ વેકરીયા, લેક્ચરર, ડાયટ, મહેસાણા
શ્રી જૈનીબેન ભોજક, ટેકનિશ્યન, જીસીઈઆરટી, ગાંધીનગર

## કલા

શ્રી ધર્મેશભાઇ ચાવડા, લેક્ચરર, ડાયટ, અમદાવાદ શહેર
શ્રી ભરતભાઇ સેડાલા, લેક્ચરર, ડાયટ, ભરૂચ
શ્રી યોગેશભાઇ ચૌધરી, લેક્ચરર, ડાયટ, વઘઇ
શ્રી બીનાબેન દેસાઇ, લેક્ચરર, ડાયટ, અમદાવાદ ગ્રામ્ય

## અર્થશાસ્ત્ર

શ્રી વિમલભાઈ દંગી, સિનિયર લેક્ચરર, ડાયટ, સુરેન્દ્રનગર
શ્રીમતી વિજયાલક્ષ્મી યન્દુરી, લેક્ચરર, ડાયટ, ગાંધીનગર
શ્રી અંકિતાબેન ત્રિવેદી, રિસર્ચ એસોસિએટ, જીસીઈઆરટી, ગાંધીનગર

## બંધારણ

ડૉ. ગૌરાંગભાઈ વ્યાસ, મદદનીશ નિયામક, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર
શ્રી ભદ્રસિંહ વાઘેલા, સંકલન અધિકારી, નિયામકશ્રી શાળાઓની કચેરી, ગાંધીનગર

## વિજ્ઞાન

શ્રી હિરેનભાઈ વ્યાસ, સિનિયર લેક્ચરર, ડાયટ, નવસારી
ડૉ. પંકજભાઈ દેસાઈ, સિનિયર લેક્ચરર, ડાયટ, વલસાડ
શ્રી ભાર્ગવભાઈ ઠક્કર, સિનિયર લેક્ચરર, ડાયટ, ઈડર
ડૉ. ભૌમિકભાઈ ત્રિવેદી, લેક્ચરર, ડાયટ, અમદાવાદ ગ્રામ્ય
શ્રી કપિલભાઈ વસાણી, લેક્ચરર, ડાયટ, વલસાડ
શ્રી જેતલભાઈ પંચાલ, ઉ.શિ., અણદાપુર પ્રા. શાળા, અરવલ્લી

## ઈતિહાસ- ભૂગોળ- ચૂંટણી

શ્રી વી.એમ. બલદાણિયા, લેક્ચરર, ડાયટ, ભરૂચ
ડૉ. અખિલભાઈ ઠાકર, રિસર્ચ એસોસિએટ, જીસીઈઆરટી, ગાંધીનગર
શ્રી દિપકભાઈ ચૌહાણ, લેક્ચરર, ડાયટ, રાજપીપળા
શ્રી બી.એમ. મેટાલીયા, લેક્ચરર, ડાયટ, ભાવનગર
શ્રી પંકજભાઈ પ્રજાપતિ, હેડટીચર, કપુરાઈ પ્રા. શાળા, વડોદરા
શ્રી હરજીભાઈ પ્રજાપતિ, હેડટીચર, ગુમડા મસ્જિદ પ્રા. શાળા, પાટણ
શ્રી તેજસકુમાર પટેલ, ઉ.શિ., સાહોલ પ્રા. શાળા, ભરૂચ
શ્રી હિરેન કાકડીયા, ઉ.શિ., નગર પ્રાથમિક મિશ્ર શાળા નં. ૧૦, ભરૂચ

## રમત-ગમત

શ્રી ચિરાગભાઈ સેઈલર, લેક્ચરર, ડાયટ, સુરત
શ્રી હરીશભાઈ સેઈલર, લેક્ચરર, ડાયટ, નવસારી
શ્રી શરદભાઈ બારૈયા, લેક્ચરર, ડાયટ, ભાવનગર

## ગણિત અને બેન્ક

ડૉ. સંજયભાઈ શાહ, સિનિયર લેક્ચરર, ડાયટ, વડોદરા
શ્રી ડી. આર. પટેલ, લેક્ચરર, ડાયટ, ગાંધીનગર
શ્રી એલ. જે. પુરોહિત, લેક્ચરર, ડાયટ, રાજકોટ

## પ્રત્યાયન

શ્રી યાહ્યા સપાટવાલા, લેક્ચરર, ડાયટ, વડોદરા
શ્રી સોનુબેન ગોહેલ, મુ. શિ., ભરોડા પ્રા. શાળા, આણંદ










# અનુક્રમણિકા


| ક્રમ | વિષયનું નામ | નંબર |
|---|---|---|
| 1. | ઈતિહાસ | 05 - 32 |
| 2. | ભૂગોળ | 33 - 82 |
| 3. | અર્થશાસ્ત્ર | 83 - 108 |
| 4. | ભારતીય બંધારણ | 109 - 120 |
| 5. | ચૂંટણી | 121 - 128 |

# ઇતિહાસ












# ઇતિહાસ

## સમાવિષ્ટ મુદ્દાઓ

- વિશ્વ ઇતિહાસની ઈ.સ. પૂર્વેની મહત્ત્વપૂર્ણ ઘટનાઓ
- વિશ્વ સંસ્કૃતિની એક ઝલક
- વિશ્વની મહત્ત્વની ક્રાંતિઓ
- ભારતના મુખ્ય ધર્મો
- ભારતીય ઇતિહાસનો કાલક્રમ
- સીમાચિહ્નરૂપ યુદ્ધો
- મધ્યકાળ (1206 થી 1857) દિલ્હી સલ્તનત અને મુઘલ યુગ
- આધુનિક કાળ (1885 થી 1950)
- ભારતનાં મહત્ત્વનાં સ્થાપત્યો
- ગુજરાતનાં મહત્ત્વનાં સ્થાપત્યો
- ગુજરાતના સમાજ સુધારકો
- ગુજરાતનાં પ્રાચીન નગરો (સિંધુ ખીણ સંસ્કૃતિ)
- ગુજરાતના લોકમેળાઓ
- ગુજરાત : આધુનિક યુગમાં
- ગુજરાતમાં ગાંધીયુગના સત્યાગ્રહો
- ગુજરાત : પ્રાચીન અને અર્વાચીન નામો

# પ્રસ્તાવના

આપણા ગૌરવશાળી અતીતને આપણે ઇતિહાસના માધ્યમથી આત્મસાત કરીએ છીએ. આપણાં શ્રેષ્ઠ તત્ત્વોને જાણીએ તેમજ ક્ષતિઓનું પુનરાવર્તન ન કરીએ એ માટે પણ ભૂતકાળને જાણવો જરૂરી છે.

વિશ્વ ઇતિહાસની રસપ્રદ જાણકારી મળી રહે તે હેતુથી અત્રે કેટલીક માહિતી પ્રસ્તુત કરવામાં આવી છે, જેમાં વિશ્વ ઇતિહાસની ઇસવીસન પૂર્વેની મહત્ત્વપૂર્ણ ઘટનાઓ, વિશ્વની મહત્ત્વની ક્રાંતિઓ, સીમાચિહ્નરૂપ યુદ્ધો, મહત્ત્વનાં સ્થાપત્યો, ગુજરાતનાં પ્રાચીન નગરો, ગુજરાતના લોકમેળાઓ, ગાંધીયુગના સત્યાગ્રહો વગેરે જેવી વિવિધ બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. શ્રદ્ધા છે કે આ માહિતી આપણને ઉપયોગી થવાની સાથે સાથે ઇતિહાસ પ્રત્યે આપણી અભિરુચિ ખીલવવામાં ઉપયોગી થશે.

## વિશ્વ ઈતિહાસની ઈ.સ. પૂર્વેની મહત્ત્વપૂર્ણ ઘટનાઓ



1

**ઈ.સ. પૂર્વે 6000**

મેહરગઢ, બલુચિસ્તાન, સિંધુ ખીણમાં નવી શહેરી સંસ્કૃતિનો ઉદય



2

**ઈ.સ. પૂર્વે 5000**

સિંધુ ખીણમાં ખેતીનો પ્રારંભ અને વિકાસ



3

**ઈ.સ. પૂર્વે 4000**

સિંધુ ખીણમાં ચક્રની શોધ, માટીના વાસણો બનાવવાનો આરંભ



4

**ઈ.સ. પૂર્વે 3500**


સિંધુ ખીણમાં તાંબાના મિશ્રણથી કાંસાનો ઉપયોગ શરૂ



5

**ઈ.સ. પૂર્વે 2850**

ચીનની સભ્યતાની શરૂઆત




6

**ઈ.સ. પૂર્વે 2650**

ઈજિપ્તમાં પ્રથમ પિરામીડનું નિર્માણ મોટા રાજ્યતંત્રની વ્યવસ્થા


7



**ઈ.સ. પૂર્વે 1500 થી**
**ઈ.સ. પૂર્વે 1000**

ભારતમાં વૈદિકકાળની શરૂઆત,
ઋગ્વેદની રચના

8



**ઈ.સ. પૂર્વે 1000**

ભારતમાં મહાકાવ્ય કાળની
શરૂઆત અને રામાયણ,
મહાભારતની રચના

9



**ઈ.સ. પૂર્વે 800**

આર્યો પૂર્વમાં બંગાળ
સુધી પહોંચ્યા

10



**ઈ.સ. પૂર્વે 753**

રોમ નગરનું નિર્માણ


11



**ઈ.સ. પૂર્વે 599**

જૈન ધર્મના પ્રવર્તક
મહાવીર સ્વામીનો
વૈશાલીના કુંડ ગામમાં જન્મ

12



**ઈ.સ. પૂર્વે 566**

બૌદ્ધ ધર્મના પ્રવર્તક
ગૌતમ બુદ્ધનો
લુમ્બિની વનમાં જન્મ

13



**ઈ.સ. પૂર્વે 509**

રોમના એથેન્સમાં
ગણતંત્રની સ્થાપના



14

ઈ.સ. પૂર્વે 486

ગૌતમ બુદ્ધનું કુશિનારા ખાતે મહાપરિનિર્વાણ



15

ઈ.સ. પૂર્વે 399

ઍથેન્સમાં સૉક્રેટીસને મૃત્યુદંડ



16

ઈ.સ. પૂર્વે 347

સૉક્રેટીસના શિષ્ય પ્લેટોનું મૃત્યુ



17

ઈ.સ. પૂર્વે 336

એલેક્ઝાન્ડર (સિકંદર) ગ્રીકનગર મેસેડોનનો રાજા બન્યો



18

ઈ.સ. પૂર્વે 323

પ્રાચીન મેસોપોટેમીયાના બેબીલોનમાં સિકંદરનું મૃત્યુ



19

ઈ.સ. પૂર્વે 321

ચંદ્રગુપ્ત મૌર્યએ ભારતમાં પ્રથમ ઐતિહાસિક મૌર્ય સામ્રાજ્યની સ્થાપના કરી




20

ઈ.સ. પૂર્વે 273

મૌર્ય સમ્રાટ અશોક મગધમાં સત્તા પર આવ્યા

ઈ.સ. પૂર્વે 261

કલિંગ(હાલ ઓડિશા)ના યુદ્ધ બાદ અશોક બુદ્ધ ધર્મનો અનુયાયી બન્યો



21

22



ઈ.સ. પૂર્વે 220 થી ઈ.સ. પૂર્વે 206

ચીનની દિવાલનું નિર્માણ

ઈ.સ. પૂર્વે 45

જુલીયસ સીઝર દ્વારા કેલેન્ડરમાં સુધારો અને જુલિયન કેલેન્ડરનો આરંભ



23

24



ઈ.સ. પૂર્વે 44

સીઝરની હત્યા

ઈ.સ. પૂર્વે 30

દક્ષિણ ભારતમાં સાતવાહનવંશ તથા પાંડ્ય વંશના શાસનની શરૂઆત



25

26




ઈ.સ. પૂર્વે 4

જીસસ ક્રાઈસ્ટ(ઈસુ)નો જન્મ


# વિશ્વ સંસ્કૃતિની એક ઝલક

### હડપ્પા (સિંધુ ખીણની સંસ્કૃતિ)




ગટર, મકાન અને માર્ગ વ્યવસ્થા, સમકાલીન બધી જ સભ્યતાઓમાં વિસ્તારની દૃષ્ટિએ મોટી

### ઈજિપ્ત (નાઈલ નદી સંસ્કૃતિ)




સૂર્ય ઘડિયાળ અને જળ ઘડિયાળ, સર્વપ્રથમ કેલેન્ડર

### મેસોપોટેમિયા




કિલાક્ષર લિપિ, અણીદાર વસ્તુથી માટીના લખાણ, પંચાંગની દેન, ફળદ્રુપ ચાંદનો પ્રદેશ

### ચીન



સિસ્મોગ્રાફ - ભૂકંપની આગાહી કરવાનું યંત્ર, હોકાયંત્ર, ચા-રેશમના કીડાનો ઉછેર

### ગ્રીક - યુનાની



સાહિત્ય, વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાન ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન, ઑલમ્પિક રમતોની જન્મભૂમિ

### વૈદિક




વેદ, ઉપનિષદ, પુરાણો અને મહાકાવ્યો, વર્ણાશ્રમ વ્યવસ્થા

### રોમન




ખ્રિસ્તી ધર્મનો પ્રચાર, અંગ્રેજી, ફ્રેન્ચ, સ્પેનીશ જેવી ભાષાઓની જનની, લેટિન ભાષાની દેણ

# વિશ્વની મહત્ત્વની ક્રાંતિઓ




## ઈંગ્લેન્ડની રક્તવિહીન ક્રાંતિ (ઈ.સ 1688)

ઈંગ્લેન્ડમાં ઈ.સ. 1642 થી 1649 સુધી સપ્તવર્ષીય ગૃહયુદ્ધ થયું, ઈંગ્લેન્ડમાં રાજા ચાર્લ્સ પ્રથમને મૃત્યુદંડ આપી પ્રજાતંત્ર શાસનની ઘોષણા કરવામાં આવી. પરંતુ ઈ.સ. 1600માં ઈંગ્લેન્ડમાં ફરીથી રાજાશાહીની સ્થાપના થઈ. ચાર્લ્સ બીજા ઈંગ્લેન્ડના રાજા બન્યા. ચાર્લ્સ બીજા પછી ઈંગ્લેન્ડની ગાદી ઉપર આવનાર જેમ્સ બીજાની ભૂલોને લઈને આંતરિક અંધાધૂંધી ફેલાઈ. ઈ.સ. 1688માં ઈંગ્લેન્ડમાં એક ભવ્ય ક્રાંતિ થઈ અને તેના ફળસ્વરૂપે ઈંગ્લેન્ડમાં ફરીથી પ્રજાતંત્રની સ્થાપના થઈ. આ ક્રાંતિમાં જાનહાનિ ન થઈ. આ કારણે આ ક્રાંતિને ભવ્ય ક્રાંતિ કે રક્તવિહીન ક્રાંતિ કહેવામાં આવે છે.




## ઔદ્યોગિક ક્રાંતિ (ઈ.સ. 1740 થી 1850)

ક્રાંતિનો જે સામાન્ય અર્થ કરવામાં આવે છે તેનાથી ઔદ્યોગિક ક્રાંતિ એકદમ અલગ હતી. આમાં કોઈપણ પ્રકારની લડાઈ કે ઝઘડો ન હતો. આ ઔદ્યોગિક ક્ષેત્રે ઉત્પાદન આધારિત ક્રાંતિ હતી. ઈંગ્લેન્ડ અને પશ્ચિમ યુરોપમાં ઔદ્યોગિક ક્રાંતિમાં વિવિધ વૈજ્ઞાનિક શોધોની સાથો સાથ નવા નવા યંત્રોની પણ શોધ થઈ. પ્રત્યેક વ્યવસાય માટે કારખાના અને યંત્રોનું નિર્માણ થયું. કૃષિ, પરિવહન, મશીન અને સિંચાઈ સંબંધિત નવી નવી શોધો થઈ.

ઔદ્યોગિક ક્રાંતિની શરૂઆત ઈંગ્લેન્ડમાં થઈ અને ધીરે ધીરે યુરોપ અને વિશ્વના અલગ અલગ ભાગોમાં ફેલાઈ. જેના પરિણામે ઈંગ્લેન્ડ અને યુરોપના દેશો સમસ્ત વિશ્વમાં આર્થિક રીતે છવાઈ ગયા અને અમેરિકા, એશિયા અને આફ્રિકાના ઘણા દેશો પર શાસન કરી શક્યા.

## અમેરિકન ક્રાંતિ (ઈ.સ. 1776)




અમેરિકાની ક્રાંતિ બ્રિટનના સંસ્થાનવાદની એક મહત્ત્વપૂર્ણ ઘટના હતી. એ સમયે અમેરિકામાં 13 બ્રિટિશ વસાહતો હતી. ઈ.સ.1713 થી 1763ના ગાળામાં જર્મન, ફ્રેન્ચ, અંગ્રેજ અને સ્કોટીશ લોકો અમેરિકાની વસાહતોમાં આવીને રહેવા લાગ્યા. 50 વર્ષના ગાળામાં અમેરિકાવાસીઓ આર્થિક વિકાસ થવાને કારણે ખૂબ જ સમૃદ્ધ બન્યા. હવે અમેરિકાના વસાહતીઓને બ્રિટનના સંસ્થાન તરીકે રહેવું પસંદ ન હતું. ઈ.સ. 1776માં વિવિધ વસાહતીઓની એક સભાનું આયોજન ફિલાડેલ્ફિયામાં કરવામાં આવ્યું. સભામાં અમેરિકાની સ્વતંત્રતાની ઘોષણા કરવામાં આવી. બધી જ વસાહતોને એક કરી સંયુક્ત રાજય અમેરિકા (United States of America - USA) એક નવા રાષ્ટ્રના નામની ઘોષણા કરવામાં આવી. જ્યોર્જ વૉશિંગ્ટનનાં નેતૃત્વ હેઠળ બ્રિટન સાથે લાંબી લડાઈને અંતે 1783માં પેરિસ સંધિ અનુસાર સંયુક્ત રાજ્ય અમેરિકાના રૂપમાં નવા દેશને માન્યતા આપી દેવામાં આવી.



## ફ્રાંસની ક્રાંતિ (ઈ.સ. 1789)

1789ની ફ્રાંસની ક્રાંતિ માત્ર યુરોપની જ નહિ, પરંતુ સમગ્ર વિશ્વની મહત્ત્વપૂર્ણ ક્રાંતિના રૂપમાં જોવાય છે. સામાજિક સમાનતા, વિશેષાધિકારોનો અંત અને નિરંકુશ સત્તાધીશો સામે વહીવટી સુધારા માટે આ ક્રાંતિ કરવામાં આવી. ઘણા લાંબા સમય સુધી ચાલેલી આ ક્રાંતિને કારણે નેપોલિયનનો એક સરમુખત્યારના રૂપે ઉદય થયો. એના શાસનમાં સ્વતંત્રતાને સ્થાન ન હતું. પરંતુ આ ક્રાંતિની અન્ય બે ભાવનાઓ સમાનતા તેમજ બંધુત્વનું તેણે સંપૂર્ણપણે પાલન કર્યું. 1789ની ફ્રાંસની ક્રાંતિએ જ ઈટાલી, જર્મન, રશિયા, એશિયા તેમજ સ્પેનમાં આ ભાવનાનો ફેલાવો કર્યો. સ્વતંત્રતા, સમાનતા અને બંધુત્વનાં મૂલ્યો વિશ્વને ફ્રેન્ચ ક્રાંતિની અણમોલ ભેટ છે.

## રશિયન ક્રાંતિ (1905-1917)



રશિયન ક્રાંતિ તો એક જ હતી પણ તેના તબક્કાઓ બે હતા. પ્રથમ માર્ચ - 1917 અને દ્વિતીય નવેમ્બર - 1917.

રશિયામાં આપખુદ ઝાર રાજાઓનું શાસન હતું. લેનિને રશિયામાં 'બોલ્શેવિક' નામના સંગઠનની રચના કરી. એલેક્ઝાન્ડર બીજાના રેઢિયાળ, ભ્રષ્ટ, શોષણ કરતા તંત્રથી લોકો ત્રસ્ત હતા. લોકો તેના વિરુદ્ધ અરજી આપવા માટે વિન્ટર પૅલેસ સુધી કૂચ કરીને રાજા ઝાર બીજાને પ્રજાની તકલીફો જણાવવા ઈચ્છતા હતા.


22મી જાન્યુઆરી 1905ના રોજ કૂચને રોકી તેના પર ઝારના સૈન્ય દ્વારા ગોળીબાર કરવામાં આવ્યો. આ દિવસને 'લોહિયાળ રવિવાર' તરીકે ઓળખાય છે. બોલ્શેવિક સંગઠન માર્ક્સના વિચારોથી પ્રભાવિત હતું. માર્ક્સવાદ સમાન આર્થિક વલણો પર ભાર મુકે છે. સમાજમાં ગરીબ અને તવંગર એમ બે વર્ગો વચ્ચે સંઘર્ષ ચાલ્યા જે વર્ગવિગ્રહ તરીકે ઓળખાય છે. આ વર્ગવિગ્રહને કારણે 'બોલ્શેવિક ક્રાંતિ' થઈ હતી. રશિયન ક્રાંતિ દુનિયાની સૌપ્રથમ શ્રમજીવી ક્રાંતિ ગણાય છે. લેનિન આ ક્રાંતિના પિતા તરીકે ઓળખાય છે.

## ભારતમાં હરિત ક્રાંતિ (ઈ.સ. 1960)



ઈ.સ. 1960ના દશકમાં શરૂ થયેલ તકનિકી સુધારાનાં સમયને હરિત ક્રાંતિ સમય કહેવાય છે. આ સમય દરમ્યાન ભારતમાં ખેડૂતો અને ખેતીને લગતા વિવિધ કાયદાઓ, સંસ્થાગત અને માળખાકીય સુધારાઓ થયા. અન્ન ક્ષેત્રે વિવિધ વૈજ્ઞાનિક શોધો, હાઈબ્રીડ બીજનો ઉપયોગ, રાસાયણિક ખાતરનો ઉપયોગ વગેરેને લીધે ભારતમાં ખેતપેદાશનું ઉત્પાદન નોંધપાત્ર રીતે વધ્યું. ખેતપેદાશ ક્ષેત્રે ભારત સ્વનિર્ભર બન્યું અને ઘણી ખેતપેદાશો આધારિત નિકાસો કરવા લાગ્યું. ભારતમાં કૃષિ ક્ષેત્રે આવેલ આમૂલ પરિવર્તનને 'હરિત ક્રાંતિ' કહેવામાં આવે છે. જેના પ્રણેતા ડૉ. એમ. એસ. સ્વામીનાથન હતા.

## શ્વેતક્રાંતિ (ઈ.સ. 1970)



શ્વેતક્રાંતિ દૂધ ઉત્પાદન સાથે સંબંધિત છે. શ્વેતક્રાંતિની ગતિને વધારે તેજ કરવા માટે 'ઑપરેશન ફ્લડ'નો આરંભ કરવામાં આવ્યો. આ ક્રાંતિના પ્રણેતા ડૉ. વર્ગીસ કુરિયન હતા. આ કાર્યક્રમ સમગ્ર વિશ્વનો સૌથી મોટો સહકારી ડેરી વિકાસ કાર્યક્રમ છે. જેને 1970માં રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડે (National Dairy Development Board - NDDB) આરંભ કર્યો. દૂધ ઉત્પાદનનાં ક્ષેત્રે વિશ્વમાં ભારતનું સ્થાન પ્રથમ છે.

ગુજરાતના આણંદ જિલ્લાની Amul (આણંદ મિલ્ક યુનિયન લિમિટેડ) ડેરી શ્વેતક્રાંતિની પ્રયોગશાળા બની.

## યુરોપમાં પુનર્જાગરણ

ઈ.સ. 1453માં તુર્કીના કોન્સ્ટેન્ટિનોપલનું પતન એ યુરોપના પુનર્જાગરણ પાછળનું મુખ્ય કારણ હતું.

ઇટાલી પુનર્જાગરણની માતૃભૂમિ ગણાય છે. યુરોપના લોકો માટે ગણિત, ઈતિહાસ, ભૂગોળ, તત્ત્વજ્ઞાન, ખગોળશાસ્ત્ર ઇટાલીના વિદ્વાનો શીખવતા હતા. આ બાબતોથી પુનર્જાગરણનો જન્મ થયો. ઈટાલી, ફ્રાન્સ, બેલ્જિયમ અને અન્ય યુરોપીયન દેશોમાં પ્રિન્ટિંગ મશીનની સ્થાપના થઇ. ઘણા રાજાઓ, ઉમરાવો અને વેપારીઓએ નવા સાહિત્ય અને કલાને પ્રોત્સાહન આપ્યું. લોરેન્ઝો-દે-મેડિસિ, ફલોરેન્સના શાસકોએ ઘણા કલાકારોને તેમના દરબારમાં આમંત્રણ આપ્યું.

પુનર્જાગરણના પરિણામ સ્વરૂપે નવા સાહિત્ય, કલા અને વિજ્ઞાનનો જન્મ થયો.

# ભારતના મુખ્ય ધર્મો

### હિંદુ

હિંદુ સનાતન ધર્મ છે.એક જીવનશૈલી છે. હિંદુ ધર્મના કોઈ એક સ્થાપક નથી. હિંદુ ધર્મ લોકોનાં જીવન સાથે જ વણાઈ ગયેલ છે.વેદ,પુરાણ,ઉપનિષદ, મહાભારત, ગીતા અને રામાયણ હિંદુ ધર્મના મહત્ત્વપૂર્ણ ગ્રંથો છે.

### જૈન

જૈન ધર્મના સ્થાપક ઋષભદેવ(આદિનાથ) છે. તે જૈન ધર્મના પ્રથમ તીર્થંકર છે. મહાવીર સ્વામી જૈન ધર્મના 24માં અને અંતિમ તીર્થંકર હતા. હિંસા ન કરવી, હંમેશાં સત્ય બોલવું, ચોરી ન કરવી આ જૈન ધર્મનો મહત્ત્વનો ઉપદેશ છે. આગમ ગ્રંથો-નવકાર મંત્રો તથા પર્યુષણ પર્વ જૈન ધર્મમાં અગત્યનું સ્થાન ધરાવે છે.

### બૌદ્ધ

બૌદ્ધ ધર્મના સ્થાપક ગૌતમ બુદ્ધ છે. એમને ‘એશિયાના જ્યોતિપુંજ’ પણ કહેવામાં આવે છે. ગૌતમ બુદ્ધે તેમનો ઉપદેશ પાલી ભાષામાં આપ્યો. હિંસા ન કરવી, ચોરી ન કરવી, સત્ય બોલવું, અપરિગ્રહ, દારૂનું સેવન ન કરવું વગેરે બૌદ્ધ ધર્મનો મુખ્ય ઉપદેશ છે. મુખ્ય સાહિત્ય ‘ત્રિપિટક’ અને તહેવાર બુદ્ધ પૂર્ણિમા છે.

### ઈસ્લામ

ઈસ્લામ ધર્મના સ્થાપક હજરત મુહમ્મદ પયગંબર હતા. કુરાને - શરીફ ઈસ્લામ ધર્મનો પવિત્ર ગ્રંથ છે. ઈસ્લામમાં સુન્ની અને શિયા એવા બે પંથો છે. નમાજ દરમ્યાન મુસલમાન મક્કા તરફ મોઢું રાખીને બંદગી કરે છે. ભારતથી મક્કા પશ્ચિમ તરફ છે. મક્કા તરફની દિશાને ‘કિબલા’ કહેવામાં આવે છે.

### ખ્રિસ્તી

ઈસાઈ(ખ્રિસ્તી) ધર્મના સ્થાપક છે ઈસુ મસીહ. બાઈબલ ખ્રિસ્તી ધર્મનો મુખ્યગ્રંથ છે. ઈસુના જન્મદિવસને ‘ક્રિસમસ’ તરીકે મનાવવામાં આવે છે.

### પારસી

પારસી ધર્મના સ્થાપક જરથુષ્ટ્ર છે. તેમના ઉપદેશનું સંકલન 'ઝિંદ અવેસ્તા' નામના ગ્રંથમાં કરવામાં આવ્યું છે. જે પારસી લોકોનો ધાર્મિક ગ્રંથ છે. પારસીઓ અગિયારીમાં અગ્નિની પૂજા કરે છે. મુખ્ય દેવ 'યહૂર મઝદા' છે.

### શીખ

ગુરુનાનક શીખ ધર્મના સ્થાપક છે. તેમનો જન્મ ઈ.સ. 1469માં હાલના પાકિસ્તાનના તલવંડી ગામે થયો હતો. તેમણે કિર્તનોના માધ્યમથી ઉપદેશ આપ્યો છે. અમૃતસરમાં આવેલું સુવર્ણમંદિર શીખ ધર્મનું પવિત્ર તીર્થસ્થાન છે. ગુરુગ્રંથ સાહેબ તેમનો પવિત્ર ગ્રંથ છે. શીખો ગુરુદ્વારામાં પૂજા કરે છે.



# ભારતીય ઈતિહાસનો કાલક્રમ

| સમય | વિગત |
|---|---|
| | ઈસવીસન પૂર્વે (ઈ.સ. પૂર્વે) |
| 1500 | આર્યોનું ભારતમાં આગમન |
| 599-527 | મહાવીર સ્વામી અને જૈન ધર્મ |
| 566-486 | ગૌતમ બુદ્ધ અને બૌદ્ધ ધર્મ |
| 327-326 | સિંકદરની હિંદ પર ચઢાઈ |
| 321-297 | ચંદ્રગુપ્તમૌર્યનો રાજ્યકાળ |
| 273-232 | સમ્રાટ અશોકનો રાજ્યકાળ |
| 56 | વિક્રમસંવતની શરૂઆત |
| | ઈસવીસન (ઈ.સ.) |
| 78 | શક સંવતની શરૂઆત |
| 320 | ગુપ્ત સામ્રાજ્યની શરૂઆત |
| 380-413 | વિક્રમાદિત્યનો શાસનકાળ |
| 606-647 | હર્ષવર્ધનનો શાસનકાળ |
| 735 | પારસીઓનું ગુજરાતમાં આગમન |
| 1206 | દિલ્હીમાં ગુલામવંશની સ્થાપના |
| 1236 | રઝિયા બેગમ દિલ્હીના સુલતાન બન્યા |
| 1290 | ખિલજી વંશની સ્થાપના |
| 1320 | તઘલખ વંશની સ્થાપના |
| 1336 | વિજયનગર સામ્રાજ્યની સ્થાપના |
| 1469 | શીખધર્મની સ્થાપના |
| 1498 | વાસ્કો-દ-ગામાનું ભારતમાં કાલિકટ બંદરે આગમન |
| 1526 | પાણીપતનું યુદ્ધ-1, મુઘલ વંશની સ્થાપના |
| 1540-55 | શેરશાહનું દિલ્હી પર શાસન |
| 1600 | ઈસ્ટ ઈન્ડિયા કંપનીની સ્થાપના |
| 1605-27 | જહાંગીરનો શાસનકાળ |
| 1628-58 | શાહજહાંનો શાસનકાળ |
| 1674 | શિવાજીનો રાજ્યાભિષેક |
| 1707 | ઔરંગઝેબનું અવસાન |
| 1757 | પ્લાસીનું યુદ્ધ |
| 1764 | બકસરનું યુદ્ધ |

| સમય | ઈસવીસન (ઈ.સ.) |
|---|---|
| 1772 | વૉરન હેસ્ટિંગ્સ બંગાળાના ગવર્નર બન્યા |
| 1798 | વેલેસ્લી ગવર્નર જનરલ બન્યા |
| 1828 | બ્રહ્મોસમાજની સ્થાપના |
| 1848 | ડેલહાઉસી ગવર્નર જનરલ બન્યા |
| 1857 | ભારતનો પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામ |
| 1869 | ગાંધીજીનો જન્મ |
| 1875 | આર્યસમાજની સ્થાપના |
| 1885 | હિંદ રાષ્ટ્રીય મહાસભાની સ્થાપના |
| 1914-18 | પ્રથમ વિશ્વયુદ્ધ |
| 1915 | ગાંધીજીનું દક્ષિણ આફ્રિકાથી ભારતમાં આગમન |
| 1919 | જલિયાંવાલા બાગનો હત્યાકાંડ |
| 1920 | અસહકારનું આંદોલન |
| 1927 | સાયમન કમિશનનું આગમન |
| 1929 | પૂર્ણ સ્વરાજનો ઠરાવ |
| 1930 | સવિનય કાનૂનભંગની ચળવળ: દાંડીકૂચ |
| 1935 | રિઝર્વ બેંકની શરૂઆત |
| 1939-45 | દ્વિતીય વિશ્વયુદ્ધ |
| 1942 | હિંદ છોડો આંદોલન |
| 1947 | આઝાદી અને ભારતના ભાગલા |
| 1950 | ભારત સાર્વભૌમ પ્રજાસત્તાક બન્યું |
| 1951-1952 | ભારતમાં પ્રથમ સામાન્ય ચૂંટણીઓ |
| 1954 | ભારત-ચીન વચ્ચે પંચશીલ કરાર |
| 1960 | મુંબઈ રાજ્યનું વિભાજન : ગુજરાત રાજ્યની સ્થાપના |
| 1962 | ભારત ચીન યુદ્ધ |
| 1965 | ભારત પાકિસ્તાન યુદ્ધ : પાકિસ્તાનની હાર |
| 1971 | ભારત પાકિસ્તાન યુદ્ધ, ભારતની જીત, બાંગ્લાદેશનો જન્મ |
| 1975 | ભારતમાં આંતરિક કટોકટી |
| 1977 | મોરારજી દેસાઈ - પ્રથમ ગુજરાતી વડાપ્રધાન |
| 1991 | નવી આર્થિક નીતિ |
| 1999 | ભારત પાકિસ્તાન કારગિલ યુદ્ધ |
| 2001 | ગુજરાતમાં વિનાશકારી ભૂકંપ |
| 2004-2014 | ડૉ. મનમોહનસિંહ - ભારતના વડાપ્રધાન |
| 2014 | શ્રી નરેન્દ્ર મોદી - ભારતના વડાપ્રધાન |

## સીમાચિહ્નરૂપ યુદ્ધો

| ક્રમ | સમય | યુદ્ધ |
|---|---|---|
| 1 | ઈ.સ. પૂર્વે 326 | સિકંદર અને પોરસ વચ્ચે યુદ્ધ |
| 2 | ઈ.સ. 389-412 | ચંદ્રગુપ્ત દ્વિતીય અને શકો વચ્ચે યુદ્ધ |
| 3 | ઈ.સ. 630-634 | હર્ષ અને પુલકેશી બીજા વચ્ચે યુદ્ધ |
| 4 | ઈ.સ. 1192 | તરાઈનું બીજું યુદ્ધ |
| 5 | ઈ.સ. 1526 | પાણીપતનું પ્રથમ યુદ્ધ |
| 6 | ઈ.સ. 1565 | તાલીકોટાનું યુદ્ધ |
| 7 | ઈ.સ. 1576 | હલ્દીઘાટીનું યુદ્ધ |
| 8 | ઈ.સ. 1757 | પ્લાસીનું યુદ્ધ |
| 9 | ઈ.સ. 1761 | પાણીપતનું ત્રીજું યુદ્ધ |
| 10 | ઈ.સ. 1764 | બક્સરનું યુદ્ધ |
| 11 | ઈ.સ. 1798-99 | ચોથો મૈસુર વિગ્રહ |

### સિકંદર-પોરસનું યુદ્ધ

સિકંદર અને પોરસ (પંચનંદ-પંજાબનો રાજા) વચ્ચે ઈ.સ. પૂર્વે 326 માં ઝેલમ નદીના કિનારે યુદ્ધ થયું હતું. જેમાં પોરસે અદ્‌ભુત વીરતા બતાવી હતી, છતાં અંતિમ સમયે સિકંદરની જીત થઈ હતી.

### ચંદ્રગુપ્ત દ્વિતીય અને શક યુદ્ધ

ગુપ્તકાળમાં ચંદ્રગુપ્ત દ્વિતીય (વિક્રમાદિત્ય) અને શક શાસક ચંદ્રસિંહ તૃતીય વચ્ચે યુદ્ધ થયું હતું. જેમાં ચંદ્રગુપ્ત દ્વિતીયનો વિજય થયો હતો.

### હર્ષ અને પુલકેશી બીજા વચ્ચેનું યુદ્ધ

હર્ષ અને પુલકેશી બીજા વચ્ચેનું યુદ્ધ ઈ.સ. 630-634 દરમ્યાન ચાલુક્ય શાસક પુલકેશી બીજા અને હર્ષવર્ધન વચ્ચે નર્મદા કાંઠે મહત્ત્વપૂર્ણ યુદ્ધ થયું હતું. જેમાં હર્ષવર્ધનનો પરાજય થયો હતો.

### તરાઈનું બીજું યુદ્ધ

ઈ.સ. 1192માં મુહમ્મદ ઘોરી અને પૃથ્વીરાજ ચૌહાણ વચ્ચે તરાઈના મેદાનમાં થયેલા બીજા યુદ્ધમાં પૃથ્વીરાજ ચૌહાણનો પરાજય થયો હતો. ભારતમાં મુસ્લિમ શાસનની શરૂઆત થઈ હતી. યુદ્ધ બાદ દિલ્હીમાં સલ્તનતકાળ શરૂ થયો.

### પાણીપતનું પ્રથમ યુદ્ધ

મુઘલ શાસક બાબર અને ઈબ્રાહીમ લોદી વચ્ચે ઈ.સ. 1526માં પાણીપતના મેદાનમાં થયેલા આ યુદ્ધમાં બાબરનો વિજય થયો અને આ વિજયથી ભારતમાં મુઘલ શાસનનો પાયો નંખાયો અને સલ્તનતકાળનો અંત થયો.

### તાલીકોટાનું યુદ્ધ

ઈ.સ. 1565માં બહમની સામ્રાજ્યના મુસ્લિમ શાસકોએ એક સાથે આક્રમણ કરીને વિજયનગર સામ્રાજ્યને પરાજય આપ્યો હતો. આ યુદ્ધને 'રાક્ષસી તંગડી'નું યુદ્ધ પણ કહે છે.

### હલ્દીઘાટી યુદ્ધ

ઈ.સ. 1576માં મેવાડના શાસક મહારાણા પ્રતાપ અને મુઘલ શાસક અકબર વચ્ચે યુદ્ધ થયું હતું. જેમાં અકબરનો વિજય થયો હતો..

### પ્લાસીનું યુદ્ધ

ઈ.સ. 1757 માં બંગાળના નવાબ સિરાજ-ઉદ્-દૌલા અને બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીના સેનાપતિ રોબર્ટ ક્લાઈવ વચ્ચે થયું, જેમાં નવાબનો પરાજય થયો.

### પાણીપતનું ત્રીજું યુદ્ધ

ઈ.સ. 1761માં અફઘાન સુલ્તાન અહમદ શાહ અબ્દાલી અને મરાઠાઓ વચ્ચે થયેલા આ યુદ્ધમાં મરાઠાઓનો પરાજય થયો હતો.

### બકસરનું યુદ્ધ

ઈ.સ. 1764 માં બ્રિટિશ ઈસ્ટ ઇન્ડિયા કંપની અને નવાબી સંયુક્ત સૈન્ય વચ્ચે બકસર મેદાનમાં આ યુદ્ધ થયું, જેમાં સંયુક્ત સૈન્યનો પરાજય થયો. યુદ્ધ બાદ બંગાળ, બિહાર અને ઓડિશામાં દ્વિમુખી શાસન લાગુ થયું.

### ચોથો મૈસુર વિગ્રહ

ઈ.સ. 1798-99માં ટીપુ સુલતાન અને અંગ્રેજો વચ્ચે ચોથો મૈસુર વિગ્રહ થયો હતો. જેમાં અંગ્રેજો વિજયી થયા હતા.

## ગુજરાત : આધુનિક યુગમાં

| ક્રમ | સમય | યુદ્ધ |
|---|---|---|
| 1 | ઇ.સ. 1613 | જહાંગીરના સમયમાં અંગ્રેજોએ સુરતમાં પ્રથમ વેપારી કોઠી સ્થાપી. |
| 2 | ઇ.સ. 1861 | રણછોડલાલ છોટાલાલ દ્વારા અમદાવાદમાં સૌ પ્રથમ કાપડની મિલની શરૂઆત. |
| 3 | ઇ.સ. 1917 | સાબરમતી આશ્રમની સ્થાપના. |
| 4 | ઇ.સ. 1956 | મહાગુજરાત આંદોલનનો પ્રારંભ. |
| 5 | ઇ.સ. 1960 | અલગ ગુજરાત રાજ્યની સ્થાપના. |
| 6 | ઇ.સ. 1963 | પંચાયતી રાજનો પ્રારંભ. |
| 7 | ઇ.સ. 1974 | નવનિર્માણ આંદોલન. |
| 8 | ઇ.સ. 1979 | મચ્છુ બંધ હોનારત. |
| 9 | ઇ.સ. 1983 | અમદાવાદથી દૂરદર્શન કેન્દ્રનો પ્રારંભ. |
| 10 | ઇ.સ. 2001 | 26મી જાન્યુઆરીના રોજ ભયંકર ભૂકંપ. |

## મધ્યકાળ (1206 થી 1857)
## દિલ્હી સલ્તનત અને મુઘલ યુગ

**1206**
ગુલામ વંશની સ્થાપના

**1210**
કુતુબ મિનારનું બાંધકામ શરૂ થયું

**1236**
રઝિયા સુલતાન - પ્રથમ મહિલા મુસ્લિમ શાસક

**1290**
ખિલજી વંશની સ્થાપના

**1296**
અલાઉદ્દીન ખિલજીના શાસનમાં ભાવ નિયંત્રણ ધારો અને સૈન્ય સુધાર

**1320**
ગ્યાસુદ્દીન તુઘલકે ટપાલ પદ્ધતિ (ડાક ચોકી) શરૂ કરી

**1325**
મહંમદ બિન તુઘલકે મૂડી વિમુદ્રીકરણ કર્યું, દિલ્હીથી દોલતાબાદ રાજધાની સ્થળાંતરિત કરી.

**1526**
પાણીપતનું પહેલું યુદ્ધ થયું અને બાબરે મુઘલ વંશનો પાયો નાખ્યો.

**1527**
ખાનવા યુદ્ધ (બાબરે રાણા સાંગાને પરાજિત કર્યા.)

**1540**
હુમાયુંનો શેરશાહ શૂરી સામે પરાજય

**1576**
હલ્દીઘાટી યુદ્ધ

**1857**
પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામ

## આધુનિક કાળ (1885 થી 1950)

| | |
|---|---|
| 1885 | હિંદી રાષ્ટ્રીય મહાસભાની સ્થાપના (મુંબઈ),<br>મવાળવાદી પ્રથમ તબક્કો (1885 થી 1905) |
| 1905 | બંગાળના ભાગલા,<br>સ્વદેશી આંદોલન, જહાલવાદી દ્વિતીય તબક્કો (1905 થી 1915) |
| 1911 | રાષ્ટ્રગાન 'જન ગણ મન'ની રવીન્દ્રનાથ ટાગોર દ્વારા રચના.<br>ભારતની નવી રાજધાની નવી દિલ્હી બની |
| 1915 | ગાંધીજીનું સ્વદેશ આગમન,<br>કોચરબ આશ્રમની સ્થાપના (અમદાવાદ) |
| 1917 | ગાંધીજીનો પ્રથમ સત્યાગ્રહ (ચંપારણ),<br>સાબરમતી આશ્રમની સ્થાપના |
| 1919 | રૉલેટ ઍક્ટ અને જલિયાંવાલા બાગ હત્યાકાંડ (અમૃતસર),<br>ખિલાફત આંદોલન |
| 1920 | બાપુએ પ્રથમ રાષ્ટ્રીય સત્યાગ્રહ અસહકાર આંદોલન શરૂ કર્યું |
| 1930 | સવિનય કાનૂન ભંગ લડત (દાંડી કૂચ),<br>પહેલી ગોળમેજી પરિષદ (લંડન) |
| 1931 | ગાંધી ઈરવીન કરાર, બીજી ગોળમેજી પરિષદમાં બાપુની હાજરી,<br>ભગતસિંહ, સુખદેવ, રાજગુરુને ફાંસી (લાહોર) |
| 1932 | કોમી ચુકાદો અને પૂણે કરાર,<br>ત્રીજી ગોળમેજી પરિષદ |
| 1940 | વ્યક્તિગત સત્યાગ્રહ, મુસ્લિમ લીગની પાકિસ્તાન માટે અલગ<br>રાષ્ટ્રની માંગણી, ઑગસ્ટ ઑફર (વાયસરૉય લીનલીથ ગો) |
| 1942 | હિંદ છોડો આંદોલન,<br>ક્રિપ્સ મિશન, આઝાદ હિંદ ફોજની સ્થાપના |
| 1947 | માઉન્ટ બેટન યોજના, હિંદના ભાગલા,<br>ભારતની આઝાદી (15 ઑગસ્ટ 1947) |
| 1950 | ભારતનું બંધારણ અમલી થયું,<br>26મી જાન્યુઆરીના રોજ ભારત પ્રજાસત્તાક બન્યું |

# ભારતનાં મહત્ત્વનાં સ્થાપત્યો



## સાંચીનો સ્તૂપ (મધ્યપ્રદેશ)

સ્તૂપ એટલે ભગવાન બુદ્ધના અવશેષો (દાંત, વાળ, હાડકાં અને ભસ્મ)ને લોખંડની દાબડીમાં રાખી તેના પર થતું અર્ધ-અંડાકાર ચણતર. ગૌતમ બુદ્ધના મૃત્યુ પછી તરત જ સ્તૂપનું નિર્માણ થયેલ. તેનો મૂળ હેતુ અસ્થિઓને સાચવવાનો હતો. સ્તૂપ બૌદ્ધ ધર્મના સર્વવ્યાપી પ્રતીક બન્યા. મહાન અશોકે મૂળ સ્તૂપ પડાવીને ફરી નવા બનાવ્યા હતા. સાંચીનો સ્તૂપ મૌર્ય કાળનો નમૂનો છે. અશોકના સમયે ઈંટોના બાંધેલા સ્તૂપ પર લગભગ બે સદીઓ બાદ પથ્થર બેસાડવામાં આવ્યા હતા અને સ્તૂપ મૂળ કદથી લગભગ બમણો મોટો કરવામાં આવ્યો હતો.

## સારનાથ (ઉત્તરપ્રદેશ)




સારનાથ બૌદ્ધ ધર્મનું પ્રાચીન તીર્થસ્થળ છે. સારનાથમાં સમ્રાટ અશોકે બનાવેલા શિલાલેખ તથા પ્રસિદ્ધ સ્તંભ આવેલા છે. આ શિલાલેખ અને સ્તૂપનો જીર્ણોદ્ધાર કરવામાં આવેલ છે. આપણા દેશની રાષ્ટ્રીયમુદ્રા, રાષ્ટ્રીયમુદ્રાલેખ, રાષ્ટ્રધ્વજમાં રહેલું અશોકચક્ર અહીંથી સ્વીકૃત થયા છે. અહીં જૂની શૈલીનું ભવ્ય બૌદ્ધ મંદિર જોવાલાયક છે.

## કોણાર્કનું સૂર્યમંદિર (ઓડિશા)



કોણાર્કનું સૂર્યમંદિર ઓરિસ્સામાં આવેલું છે. 13મી સદીમાં વર્મન શાસકોએ આ વૈદિક સ્થાપત્યનું બાંધકામ કોણાર્કના સૂર્યમંદિરમાં કરાવ્યું. કોણાર્કનું સૂર્યમંદિર રથ આકારનું છે. વિશાળ આકારના બાર જેટલાં પૈડાં છે. દરેક પૈડા ઉપર ઉત્તમ પ્રકારનું શિલ્પકામ કરવામાં આવેલ છે. રથ સાથે સાત ઘોડા અને બે રક્ષક સિંહોવાળું આ સૂર્યમંદિર વિશ્વમાં અદ્ભુત છે.



## તાજમહેલ (ઉત્તરપ્રદેશ)

આગ્રામાં આવેલ તાજમહેલ વિશ્વ પ્રસિદ્ધ છે. તાજમહાલ મુઘલ શાસક શાહજહાંના સમયમાં બન્યો હતો. સફેદ આરસથી બનેલ આ ઈમારત વિશ્વમાં અજોડ છે.

આગ્રા નજીક ફતેહપુર સિક્રી નગર અકબરે બંધાવ્યું, જેમાં દિવાને-ખાસ અને દિવાને-આમ, મોતી મસ્જિદ, અકબરની કબર, જહાંગીરનો મહેલ વગેરે જોવાલાયક સ્થાપત્યો છે.



## બૃહદેશ્વરનું મંદિર (તામિલનાડુ)

ચૌલ વંશના શાસક રાજરાજ પ્રથમે આ મંદિર અગિયારમી સદીમાં બનાવેલ છે. તે તમિલનાડુના તાંજૌરમાં આવેલ છે. આ મંદિરની વિશેષતા એ છે કે મંદિરોનો પડછાયો એકપણ વખત જમીન પર પડતો નથી. તેની ઊંચાઈ લગભગ 63 મીટર (208 ફૂટ) જેટલી છે.

## ખજૂરાહોનાં મંદિર (મધ્યપ્રદેશ)

ખજૂરાહોનાં ભવ્ય મંદિરો મધ્યપ્રદેશમાં આવેલાં છે. આ મંદિરો સ્થાપત્યનાં ઉત્તમ નમૂનાઓ છે. ખજૂરાહોમાં 22 ચંદ્રકાલિન મંદિરો છે. જેમાં ચોસઠ યોગિની, કુલદેવી, માતંગેશ્વર જેવા મંદિરોનો સમાવેશ થાય છે.



# ગુજરાતનાં મહત્ત્વનાં સ્થાપત્યો

## રાણીની વાવ

રાણીની વાવ પાટણમાં આવેલી છે. સોલંકી યુગમાં ભીમદેવ સોલંકીની રાણી ઉદયમતીએ અગિયારમી સદીના ઉત્તરાર્ધમાં આ વાવનું નિર્માણ કરાવ્યું હતું. ઘણાં વર્ષો સુધી ઢંકાઈ રહેલી રાણીની વાવ ઈ.સ.1968 માં પુરાતત્ત્વ ખાતાએ શોધી. કલા અને સ્થાપત્યનો ઉત્તમ નમૂનો છે. સાત માળમાં આકાર પામેલી રાણીની વાવને ઈ.સ. 2014 માં વર્લ્ડ હેરિટેજમાં સ્થાન મળ્યું. રાણીની વાવમાં વપરાયેલ પથ્થર પર તે સમયનું અદ્ભુત શિલ્પ કંડારાયેલું છે.



## રુદ્ર મહાલય




પ્રાચીન ગ્રંથો અનુસાર રુદ્ર મહાલય એક ભવ્ય શિલ્પ સમૃદ્ધિવાળું સ્થાપત્ય હતું. સોલંકીયુગમાં મૂળરાજે રુદ્ર મહાલય બાંધવાની શરૂઆત કરી હતી અને સિદ્ધરાજ જયસિંહે પૂર્ણ કર્યું. તેના સભાખંડો, ઉપખંડો, માળ-મેડીઓ, ઝરૂખાઓ, અસંખ્ય સ્તંભો અને તોરણો પર અદ્ભુત શિલ્પ કોતરાયેલું છે. આજે તો માત્ર ચારેક થાંભલા બચ્યા છે. એક સમયે 100 મીટર લાંબા અને 75 મીટર પહોળા પ્રાંગણમાં પથરાયેલું આ મહાલય સોલંકીકાળના ઉત્તમ સ્થાપત્યની ઝાંખી કરાવે



## કીર્તિ તોરણ

પુરાણકાળમાં આ પ્રદેશ 'આનર્ત' કહેવાતો હતો. વડનગરને આનર્તપુર, આનંદપુર એવા નામોથી ઓળખવામાં આવતું. સંગીત સમ્રાટ તાનસેનના દાહનું મેઘમલ્હાર રાગ ગાઈને શમન કરનાર તાના-રીરી બહેનોની સમાધિ, સોલંકીકાળમાં બનેલ ભવ્ય હાટકેશ્વરનું શિવાલય, શર્મિષ્ઠા તળાવ વડનગરમાં આવેલાં છે. સોલંકીકાળમાં બનેલા સુંદર તોરણોના અવશેષો પણ છે. વડનગરમાં 14 મીટર ઊંચાઈનું કીર્તિ તોરણ આવેલ છે.

## સીદી સૈયદની જાળી




ગુજરાતમાં જ્યારે સુલતાનોનું શાસન હતું ત્યારે સીદી સૈયદે ભદ્રમાં લાલ દરવાજા પાસે સીદી સૈયદની મસ્જિદ બનાવી હતી. આ મસ્જિદ તેની જાળી માટે વિખ્યાત છે. મસ્જિદની દિવાલોમાં ત્રણ મોટી જાળી છે. તે પોણા ચાર મીટર લાંબી અને સવા બે મીટર પહોળી છે. એક જાળીમાં વૃક્ષની ડાળીઓમાંથી રચાયેલી આકૃતિ છે, તો બીજીમાં ભૌમિતિક ભાતો છે. આજે પણ તેની કારીગરી જોવા દેશ-વિદેશથી હજારો લોકો આવે છે.

# ગુજરાતના સમાજ સુધારકો



### દયાનંદ સરસ્વતી (1824 - 1883)

મોરબી પાસેના ટંકારા ગામમાં સ્વામી દયાનંદ સરસ્વતીનો જન્મ થયો હતો. તેમણે પંજાબ અને હરિયાણાને પોતાની કર્મભૂમિ બનાવી હતી. અંધશ્રદ્ધા અને ધર્મના નામે ચાલતા ગોરખધંધાના તેઓ વિરોધી હતા. સંસ્કૃતના પ્રખર જ્ઞાતા હતા. 'વેદો તરફ પાછા વળો'નું સૂત્ર તેમણે આપ્યું. તેમણે આર્યસમાજની સ્થાપના કરી હતી. એમણે 'સત્યાર્થ પ્રકાશ' નામનો ગ્રંથ રચ્યો.




### દાદાભાઈ નવરોજી (1825-1917)

'હિંદના દાદા' એવું પ્રેમભર્યું સંબોધન ભારતીય પ્રજા પાસેથી મેળવનાર દાદાભાઈ નવરોજીએ પાંચ વર્ષની ઉંમરે પિતાની છત્રછાયા ગુમાવી હતી. અભ્યાસમાં તેઓ તેજસ્વી હતા. તેમણે વિલાયતમાં ભારતીય પ્રજા પર થતા અંગ્રેજોના અત્યાચારો સામે અવાજ ઉઠાવ્યો. ભારતમાં સ્થપાયેલી હિંદ રાષ્ટ્રીય મહાસભાના તેઓ ત્રણ વખત પ્રમુખ બન્યા હતા. તેઓ બ્રિટિશ સંસદમાં ચૂંટાનાર પ્રથમ ભારતીય સભ્ય હતા.




## રવિશંકર મહારાજ (1892-1985)

ગુજરાત રાજ્યની સ્થાપના અને ઉદ્ઘાટન જેમના હાથે થયું તેવા રવિશંકર મહારાજનો જન્મ ખેડા જિલ્લાના રઢુ ગામમાં થયો હતો. તેમનું વતન સરસવણી હતું. તેમણે જીવનના અંત સુધી લોકોની સેવા કરી હતી. તેમનું જીવન ખૂબ જ સાદું હતું. આથી તેઓ 'મૂકસેવક' મહારાજ કહેવાતા હતા. સ્વાતંત્ર્ય સંગ્રામમાં પણ તેમણે સક્રિય ભૂમિકા ભજવી હતી. વિનોબાજી સાથે તેઓ ભૂદાન પ્રવૃત્તિમાં જોડાયા હતા.




## ઠક્કરબાપા (1869-1951)

ભાવનગરના વતની એવા અમૃતલાલ ઠક્કર ઈજનેર બન્યા બાદ સમાજસેવક બન્યા. મહારાષ્ટ્રમાં હરિજન ઉત્થાન પ્રવૃત્તિના તેઓ જનક હતા. આદિવાસીઓના ઉત્કર્ષ માટે તેમણે ભગીરથ કાર્ય કર્યું હતું. તેમણે 'આદિજાતિ સેવા સંઘ' ની સ્થાપના કરી, જે આગળ જતાં વિશાળ સંસ્થા બની હતી. તેમણે હરિજન સેવક સંઘના આજીવન મહામંત્રી તરીકે સેવા આપી. પંચમહાલમાં 'ભીલ સેવા મંડળ'ની સ્થાપના કરી.



## કસ્તુરબા (1869-1944)

પતિની જ્યોતિમાં પોતાની જ્યોત સમર્પિત કરનાર કસ્તુરબા ભારત વર્ષનાં સનાતન નારીના પ્રતીક સમાં હતાં. મહાત્મા ગાંધીજીનાં પત્ની બન્યા બાદ બાપુના પગલે જીવન જીવનાર કસ્તુરબાએ સંપૂર્ણ ધૈર્યથી બાપુને સાથ આપ્યો. એક સૈનિકની જેમ તેઓ ખડે પગે રહેતા. ઈ.સ.1944ની 22મી ફેબ્રુઆરીએ જેલવાસ દરમ્યાન પૂનામાં આગાખાન પૅલેસમાં તેમણે ગાંધીજીના ચરણે દેહ છોડ્યો.



## શ્રી મોટા (1898-1976)

વડોદરાના સાવલીમાં જન્મેલા આશારામ ભાવસાર સંત ખરા, પણ સમાજ ઉત્કર્ષ માટેના સંત. તેમણે ન તો ભગવા ધારણ કર્યા કે ન ઘરબારનો ત્યાગ કર્યો પણ માનવના કલ્યાણ માટે સતત કામ કરતા રહ્યા. આઝાદીની ચળવળમાં ભાગ લીધો. વ્યક્તિ અને સમાજ માનસિક, શારીરિક રીતે સ્વસ્થ બને તે માટે તેઓ જીવનના અંત સુધી કાર્યરત રહ્યા. તેમણે 'હરિઓમ આશ્રમ'ની સ્થાપના નડિયાદ ખાતે કરી.

## ગુજરાતનાં પ્રાચીન નગરો (સિંધુ ખીણ સંસ્કૃતિ)

| ક્રમ | કેન્દ્ર | જીલ્લો | શોધક |
|---|---|---|---|
| 1 | રંગપુર | સુરેન્દ્રનગર | ડૉ. એમ. એસ. વત્સ |
| 2 | લોથલ | અમદાવાદ | ડૉ. એસ. આર. રાવ |
| 3 | રોજડી (શ્રીનાથગઢ) | રાજકોટ | ડૉ. એમ. એસ. વત્સ |
| 4 | ધોળાવીરા | કચ્છ | ડૉ. જે.પી. જોશી, આર. એસ. બિષ્ટ |
| 5 | લાંઘણજ | મહેસાણા | રોબર્ટ બ્રુશફુટ |

## ગુજરાતના લોકમેળાઓ

### વૌઠા

ગુજરાતનો સૌથી મોટો લોકમેળો છે, જે દર વર્ષે કાર્તિકી પૂર્ણિમાએ ભરાય છે. અમદાવાદ જિલ્લાના ધોળકાના વૌઠા ખાતે સાત નદીઓનો 'સપ્તસંગમ' થાય છે. ગધેડા અને પશુઓનાં ખરીદ-વેચાણ માટે પ્રસિદ્ધ છે.





### તરણેતર

સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ તાલુકાના તરણેતરમાં ત્રિનેત્રેશ્વર મંદિર ખાતે ગુજરાતનો સૌથી પ્રસિદ્ધ મેળો ભરાય છે. દર વર્ષે ભાદરવા સુદ ચોથથી ભાદરવા સુદ છઠ સુધી આ મેળો ભરાય છે. આહિર, કાઠી, ભરવાડ યુવાનો ભરત ભરેલી છત્રીઓ સાથે અહીં જોવા મળે છે.

રાજ્ય સરકાર દ્વારા અહીં ગ્રામીણ ઑલમ્પિકનું આયોજન થાય છે.

## શામળાજી



અરવલ્લી જિલ્લાના શામળાજીમાં મેશ્વો નદીના કાંઠે શામળાજીનો મેળો દર વર્ષે કાર્તિકી પૂર્ણિમાએ ભરાય છે. ગુજરાતનો જાણીતો આદિવાસી મેળો છે. અહીં ગદાધર શ્રી કૃષ્ણની પ્રતિમા આવેલી છે.

## ચિત્ર-વિચિત્ર મેળો



બનાસકાંઠાના પોશીના નજીક ગુણભાખરી મુકામે મહાભારતના પાત્રોના નામે આદિવાસી મેળો હોળીના પખવાડિયા પછી ભરાય છે.

## ખુશબૂ ગુજરાત કી : કચ્છ રણોત્સવ



રાજ્ય સરકાર દ્વારા 2006 થી કચ્છના ધોરડો રણમાં ડિસેમ્બર-જાન્યુઆરી માસમાં રણોત્સવનું આયોજન થાય છે. કચ્છ સફેદ રણ ભૂંગા, બન્નીભરત, મોચીભરત, આરીભરત માટે પ્રસિદ્ધ છે.

## પોળોત્સવ

સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકામાં પોળોત્સવનું આયોજન થાય છે.

## તાના-રીરી શાસ્ત્રીય સંગીત મહોત્સવ



મહેસાણા જિલ્લાના વડનગર ખાતે 2003 થી રાજ્ય સરકાર દ્વારા નરસિંહ મહેતાની દોહિત્રી તાના-રીરીની યાદમાં આ મહોત્સવનું આયોજન થાય છે.

## મોઢેરા - ઉત્તરાર્ધ મહોત્સવ

રાજ્ય સરકાર પ્રતિ વર્ષે સૂર્ય મંદિરના સાનિધ્યમાં દેશના જાણીતા નૃત્યકારોને આમંત્રિત કરી તેમને પ્રોત્સાહન પૂરું પાડે છે.

# ગુજરાતમાં ગાંધીયુગના સત્યાગ્રહો

| | |
|---|---|
| ગુજરાતમાં પ્રથમ સત્યાગ્રહ | 1918, ખેડા સત્યાગ્રહ |
| ગુજરાતનો પ્રથમ શહેરી સત્યાગ્રહ | 1919, અમદાવાદ મિલ મજૂર આંદોલન |
| બોરસદ સત્યાગ્રહ | 1923, ખેડા |
| બારડોલી સત્યાગ્રહ | 1928 |
| દાંડી કૂચ (સવિનય કાનૂન ભંગ) | 12મી માર્ચ 1930, અમદાવાદ |
| ધરાસણા સત્યાગ્રહ | 21 મે 1930, વલસાડ |
| લીમડી સત્યાગ્રહ | 1939 |
| હિન્દ છોડો સત્યાગ્રહ | 9 ઓગસ્ટ 1942, અમદાવાદ |
| જૂનાગઢનું ભારત સંઘમાં જોડાણ | 25 સપ્ટેમ્બર 1947,<br>આરઝી હકુમતની સ્થાપના |

# ગુજરાત : પ્રાચીન અને અર્વાચીન નામો

| પ્રાચીન નામો | અર્વાચીન નામો |
|---|---|
| કર્ણાવતી | અમદાવાદ |
| બારીગાઝા - ભૃગુકચ્છ | ભરૂચ |
| શ્રી સ્થળ | સિદ્ધપુર |
| નાગસારિકા | નવસારી |
| આનંદપુર - ચમત્કારપુર | વડનગર |
| ગિરિનગર | જૂનાગઢ |
| પાદલીપ્તપુરમ | પાલીતાણા |
| વલ્લભી | વલ્લભીપુર |
| પુંડરીક | શેત્રુંજય |
| ઉજ્યંત | ગિરનાર |
| સ્તંભતીર્થ | ખંભાત |
| સુદામાપુરી | પોરબંદર |
| આનર્ત | ઉત્તર ગુજરાત |
| લાટ | દક્ષિણ ગુજરાત |
| કાઠિયાવાડ - સુ-રાષ્ટ્ર | સૌરાષ્ટ્ર |
| સૂર્યપુર | સુરત |

# ભૂગોળ



# ભૂગોળ

## સમાવિષ્ટ મુદ્દાઓ

- **વિશ્વ ભૂગોળ**


  ખંડો, મહાસાગરો, સૌથી મોટા દેશો, સૌથી વધુ વસતિ ધરાવતા દેશો, નાના દેશો, લાંબી નદીઓ, લાંબી પર્વત માળાઓ, ઊંચા પર્વત શિખરો, મોટાં રણ, મોટાં સરોવરો, સૌથી મોટા ટાપુ, સૌથી ઊંચા ધોધ, પ્રાચીન અજાયબીઓ

- **ભારતની ભૂગોળ**

  ભારતનાં રાજ્યો તેનાં પાટનગર અને કેન્દ્ર શાસ્તિ પ્રદેશો, મુખ્ય બંદરો અને સાગર સીમા ધરાવતાં રાજ્યો, પર્વત શિખરો, લાંબી નદીઓ, બહુહેતુક યોજનાઓ, વિસ્તારની દૃષ્ટિએ અને વસતિની દૃષ્ટિએ મોટાં રાજ્યો, જળધોધ, સરોવરો, મુખ્ય ધાતુ ઉદ્યોગો, પ્રવાસન સ્થળો, ભારતના લોકોની વિશેષતાઓ,

- **ગુજરાતની ભૂગોળ**

  ગુજરાતનો પરિચય, સીમા, સિંચાઈ યોજનાઓ, નેશનલ પાર્ક, અભયારણ્યો, ધાર્મિક તીર્થ સ્થાનો, પ્રવાસન સ્થળો, જળધોધ, મુખ્ય પાકો



# પ્રસ્તાવના


'માતા પૃથ્વી પુત્રોહમ્ પૃથવ્યા:।' અર્થાત્ આ ભૂમિ માતા છે અને હું પૃથ્વીનો પુત્ર છું. આ ઘોષણા વેદકાલીન છે. આ ઘોષણા સૂચવે છે કે ધરતી સાથે આપણો સંબંધ બહુ જૂનો છે. વિશ્વની તેમજ રાષ્ટ્રની પૃથ્વીનો પરિચય આપણે 'ભૂગોળ' ના માધ્યમથી કરીએ છીએ.

ભૂગોળ વિષયની રસપ્રદ જાણકારી મળી રહે તે હેતુથી અત્રે કેટલીક માહિતી પ્રસ્તુત કરવામાં આવી છે, જેમાં ખંડ, મહાસાગરો, વિસ્તાર અને વસતિની દૃષ્ટિએ સૌથી મોટા દેશ, વિશ્વની નદીઓ-પર્વતમાળાઓ-સરોવરો-ટાપુઓ-ધોધ-અજાયબીઓ તેમજ ભારત અને ગુજરાતની વિવિધ ભૌગોલિક બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. શ્રદ્ધા છે કે આ માહિતી આપણને ઉપયોગી થવાની સાથે સાથે ભૂગોળ પ્રત્યે આપણી અભિરુચિ ખિલવવામાં ઉપયોગી થશે.

## વિશ્વના ખંડ

| ક્રમ | ખંડનું નામ | ક્ષેત્રફળ (ચો.કિ.મી. માં) | % | કુલ દેશો |
|---|---|---|---|---|
| 1. | એશિયા | 4,38,20,000 | 29.50 | 50 |
| 2. | આફ્રિકા | 3,03,70.000 | 20.40 | 54 |
| 3. | ઉત્તર અમેરિકા | 2,44,90,000 | 16.60 | 23 |
| 4. | દક્ષિણ અમેરિકા | 1,78,40,000 | 12.00 | 12 |
| 5. | એન્ટાર્કટિકા | 1,37,20.000 | 09.20 | -- |
| 6. | યુરોપ | 1,01,80,000 | 06.80 | 51 |
| 7. | ઓસ્ટ્રેલિયા + ઓસિનિયા | 90,08,500 | 05.90 | 14 |


## વિશ્વના ખંડ



## વિશ્વના મહાસાગરો

| ક્રમ | મહાસાગરનું નામ | ક્ષેત્રફળ (ચો.કિ.મી. માં) | સરેરાશ ઊંડાઈ |
|---|---|---|---|
| 1. | પૅસિફિક | 15,55,57,000 | 3904 મી. |
| 2. | ઍટલાન્ટિક | 7,67,62,000 | 3310 મી. |
| 3. | હિન્દ | 6,85,56,000 | 3840 મી. |
| 4. | આર્કટિક | 1,40,56,000 | 1205 મી. |


## વિશ્વના મહાસાગરો




## વિશ્વના વધારે વસતિ ધરાવતા દેશ

| ક્રમ | દેશ | વસતિ (કરોડમાં ) | ખંડ |
|---|---|---|---|
| 1. | ચીન | 137 | એશિયા |
| 2. | ભારત | 131 | એશિયા |
| 3. | અમેરિકા | 32 | ઉત્તર અમેરિકા |
| 4. | ઈન્ડોનેશિયા | 25 | એશિયા |
| 5. | બ્રાઝિલ | 20 | દક્ષિણ અમેરિકા |
| 6. | પાકિસ્તાન | 18.9 | એશિયા |
| 7. | નાઈઝિરિયા | 18.2 | આફ્રિકા |
| 8. | બાંગ્લાદેશ | 16 | એશિયા |
| 9. | રશિયા | 14 | એશિયા યુરોપ |
| 10. | મેક્સિકો | 12 | ઉત્તર અમેરિકા |

## વિશ્વના વધારે વસતિ ધરાવતા દેશ






### વિશ્વના સૌથી મોટા દેશ (વિસ્તારની દૃષ્ટિએ)

| ક્રમ | દેશ | ક્ષેત્રફળ (ચો.કિ.મી. માં) | % | ખંડ |
|---|---|---|---|---|
| 1. | રશિયા | 1,70,98,242 | 11.50 | એશિયા, યુરોપ |
| 2. | કેનેડા | 99,84,670 | 6.70 | ઉત્તર અમેરિકા |
| 3. | યુ.એસ.એ. | 98,26,675 | 6.50 | ઉત્તર અમેરિકા |
| 4. | ચીન | 95,96,960 | 6.40 | એશિયા |
| 5. | બ્રાઝિલ | 85,14,877 | 5.70 | દક્ષિણ અમેરિકા |
| 6. | ઑસ્ટ્રેલિયા | 77,41,220 | 5.20 | ઑસ્ટ્રેલિયા |
| 7. | ભારત | 32,87,263 | 2.30 | એશિયા |
| 8. | આર્જેન્ટિના | 27,80,400 | 2.00 | દક્ષિણ અમેરિકા |
| 9. | કઝાકિસ્તાન | 27,24,900 | 1.80 | એશિયા |
| 10. | અલ્જેરિયા | 23,81,741 | 1.60 | આફ્રિકા |


Source : www.worldatlas.com/articles/the-largest-countries-in-the-world


કે ટિ ક મ હા સા ગ ર
પૅ સિ ફિ ક મ હા સા ગ ર
સ્વલબર્ડ (નૉર્વે)
રશિયા
સ્વિડન
ફિનલૅન્ડ
એસ્ટોનિયા
લિથુનિયા
પોલૅન્ડ
બેલારુસ
સ્લોવાકીયા
હંગેરી
યુક્રેન
સ્લોવિનીઆ
ક્રોએશિયા
રોમાનિયા
માલ્ડોવા
બુલ્ગારીયા
આર્મેનીયા
અઝરબૈજાન
ગ્રીસ
તુર્કી
માલ્ટા
સાયપ્રસ
સિરિયા
લેબેનોન
ઇઝરાયેલ
જૉર્ડન
ઈરાક
ઈરાન
કુવૈત
કઝાકિસ્તાન
મૅંગોલિયા
ઉઝબેકીસ્તાન
તુર્કમેનીસ્તાન
અફઘાનિસ્તાન
પાકિસ્તાન
નેપાળ
ભૂતાન
બાંગ્લાદેશ
મ્યાનમાર (બર્મા)
લાઓસ
ચીન
ઉત્તર કોરિયા
દક્ષિણ કોરિયા
જાપાન
લિબિયા
ઇજિપ્ત
સાઉદી અરેબિયા
કતાર
ઓમાન
યુનાઈટેડ આરબ અમિરાત
યમન
ઈરીટ્રીયા
ચાડ
સુદાન
જીબૌતી
સોમાલિયા
ઈથોપિયા
સેન્ટ્રલ આફ્રિકન રિપબ્લિક
યુગાન્ડા
કેન્યા
ડેમોક્રેટિક રિપબ્લિક ઑફ કોંગો
રવાન્ડા
બુરુન્ડી
તાન્ઝાનિયા
માલાવી
અન્ગોલા
ઝામ્બિયા
મોઝામ્બિક
ઝીમ્બાબ્વે
નામીબિઆ
બોત્સવાના
સ્વાઝીલૅન્ડ
લેસોથો
દક્ષિણ આફ્રિકા
મડાગાસ્કર
મોરેશિયસ
હિંદ મહાસાગર
ભા ર ત
શ્રીલંકા
થાઈલૅન્ડ
વિએતનામ
કંબોડિયા
ફિલિપિન્સ
બ્રુનેઈ
મલેશિયા
ઈન્ડોનેશિયા
પપૂઆ ન્યુ ગુએના
સોલેમોન આઈલૅન્ડ
વેનૌતા
ફીજી
ન્યૂ કૅલેડોનિયા (ફ્રાન્સ)
ઑસ્ટ્રેલિયા
ટાસ્માનિયા (ઑસ્ટ્રેલિયા)
ન્યૂઝીલૅન્ડ
ઉ
Not to Scale

## વિશ્વના નાના દેશ (વિસ્તારની દૃષ્ટિએ)

| ક્રમ | દેશ | ક્ષેત્રફળ (ચો. કિ.મી.માં) |
|---|---|---|
| 1. | વેટીકન સીટી | 0.44 |
| 2. | મોનાકો | 1.95 |
| 3. | નાઊરૂ | 21.2 |
| 4. | તૂવાલૂ | 26.59 |
| 5. | સૅન મારીનો | 61 |
| 6. | લીસ્ટેન સ્ટેઈન | 160 |
| 7. | માર્શલ ટાપુ | 181 |
| 8. | સેશેલ્સ | 270 |
| 9. | માલદીવ્સ | 298 |
| 10. | માલ્ટા | 316 |


## વિશ્વના નાના દેશ (વિસ્તારની દૃષ્ટિએ)



## વિશ્વનાં વધારે વસતિ ધરાવતા શહેર

| ક્રમ | દેશ | વસતિ (લાખમાં) |
|---|---|---|
| 1. | ટોકિયો-યોકોહામા | 378 |
| 2. | જકાર્તા | 249 |
| 3. | દિલ્હી | 229 |
| 4. | સાઉલ ઈન્ચેઓન | 208 |
| 5. | મનિલા | 208 |
| 6. | મુંબઈ | 207 |
| 7. | કરાંચી | 201 |
| 8. | શાંઘાઈ | 195 |
| 9. | ન્યુયોર્ક | 185 |
| 10. | સાઉ પાઉલો | 184 |


## વિશ્વનાં વધારે વસતિ ધરાવતા શહેર



## વિશ્વની લાંબી નદીઓ

| ક્રમ | નદીનું નામ | લંબાઈ (કિ.મી.માં) | મુખદ્વાર | દેશ |
|---|---|---|---|---|
| 1. | નાઈલ | 6700 | ભૂમધ્ય સાગર | ઈથોપિયા, સુડાન, યુગાન્ડા, કેન્યા, ઈજિપ્ત |
| 2. | એમેઝોન | 6570 | ઍટલાન્ટિક | તાન્ઝાનીયા |
| 3. | યાંગત્સે | 6276 (6300) | પૂર્વ ચીન સમુદ્ર | ચીન |
| 4. | મિસિસિપ્પી-મિસુરી | 6019 (6000) | મેક્સિકોનો અખાત | યુએસએ, કેનેડા |
| 5. | યેનેસી | 5540 | | રશિયા, મંગોલિયા |
| 6. | યેલ (હવાંગહો) | 5464 | બોહાઈ સમુદ્ર | ચીન |
| 7. | ઑબ | 5410 | ઓબનો અખાત | રશિયા, કઝાકિસ્તાન, ચીન, મોંગોલિયા |
| 8. | પનારા | 4880 | | બ્રાઝિલ, આર્જેન્ટિના, ઉરુગ્વે અને પેરુગ્વે |
| 9. | કોંગો | 4700 | ઍટલાન્ટિક મહાસાગર | કોંગો, અંગોલા, ઝાંમ્બિયા, તાન્ઝાનીયા, કેમેરુન, બુરુન્ડા, રુવાન્ડા |
| 10. | સિંધુ | 3180 | અરબ સાગર | પાકિસ્તાન, ભારત, ચીન |


## વિશ્વની લાંબી નદીઓ



## વિશ્વની લાંબી પર્વતમાળાઓ

| ક્રમ | પર્વતમાળાઓ | લંબાઈ (કિ.મી.માં) | ખંડ |
|---|---|---|---|
| 1. | એન્ડીઝ | 7242 | દક્ષિણ અમેરિકા |
| 2. | રોકી | 6035 | ઉત્તર અમેરિકા |
| 3. | હિમાલય (હિન્દીકુશ) | 3862 | એશિયા |
| 4. | ગ્રેટ ડિવાઈડીંગ | 3561 | ઓસ્ટ્રેલિયા |
| 5. | ટ્રાન્સ એન્ટાર્કટીક | 3541 | ----- |
| 6. | બ્રાઝીલ પૂર્વ તટીય | 3058 | દક્ષિણ અમેરિકા |
| 7. | સુમાત્રા | 2897 | એશિયા |
| 8. | ટીયાગ સાંગ | 2253 | એશિયા |
| 9. | પૂર્વ ઘાટ | 2092 | એશિયા |
| 10. | અલ્ટાર્શ અરલસ | 2012 | ----- |


## વિશ્વની લાંબી પર્વતમાળાઓ



## વિશ્વનાં ઊંચાં પર્વત શિખરો

| ક્રમ | શિખર | ઊંચાઈ (મીટરમાં) | દેશ |
|---|---|---|---|
| 1. | માઉન્ટ એવરેસ્ટ | 8848 | નેપાળ, ચીન |
| 2. | માઉન્ટ ગૉડવીન- ઑસ્ટીન (K2) | 8611 | ભારત |
| 3. | કાંચનજંઘા | 8598 | ભારત, નેપાળ |
| 4. | લોત્સે (Lhotse) | 8516 | નેપાળ, ચીન |
| 5. | મકાલુ | 8481 | નેપાળ, ચીન |
| 6. | ધવલગિરિ | 8172 | નેપાળ |
| 7. | મનસાલુ (Manaslu) | 8156 | નેપાળ |
| 8. | ચો-ઓયુ (Cho Oyu) | 8153 | તિબેટ, નેપાળ |
| 9. | નંગાપર્વત | 8126 | ભારત |
| 10. | અન્નપૂર્ણા | 8091 | નેપાળ |


## વિશ્વનાં ઊંચાં પર્વત શિખરો



## વિશ્વનાં મોટાં રણ

| ક્રમ | રણનું નામ | લંબાઈ (ચો. કિ.મી.માં) | ખંડ |
|---|---|---|---|
| 1. | સહરા | 9000000 | ઉત્તર આફ્રિકા |
| 2. | અરેબિયન | 2330000 | પશ્ચિમ એશિયા |
| 3. | ગોબી | 1295000 | મધ્ય એશિયા |
| 4. | કલહરી | 900000 | દક્ષિણ આફ્રિકા |
| 5. | ગ્રેટ વિક્ટોરિયા | 647000 | ઓસ્ટ્રેલિયા |
| 6. | પેન્ટાગોનિયા | 620000 | દક્ષિણ અમેરિકા |
| 7. | સિરિમન | 520000 | પશ્ચિમ એશિયા |
| 8. | ગ્રેટ બેસિન | 492000 | ઉત્તર અમેરિકા |
| 9. | ચિહુઆહુઆન | 450000 | ઉત્તર અમેરિકા |
| 10. | ગ્રેટ સેન્ડી | 400000 | ઓસ્ટ્રેલિયા |
| 11. | થર | 200000 | દક્ષિણ એશિયા |


## વિશ્વનાં મોટાં રણ



## વિશ્વનાં મોટાં સરોવરો

| ક્રમ | શિખર | લંબાઈ (કિ.મી.માં) | ખંડ |
|---|---|---|---|
| 1. | કાસ્પીયન | 371000 | એશિયા, યુરોપ |
| 2. | સુપીરિયર | 82900 | ઉત્તર અમેરિકા |
| 3. | વિક્ટોરિયા | 68800 | આફ્રિકા |
| 4. | અરલ | 65500 | એશિયા |
| 5. | હ્યુરોન | 59580 | ઉત્તર અમેરિકા |
| 6. | મિશિગન | 58020 | ઉત્તર અમેરિકા |
| 7. | ટાન્ગાનિયાકા | 32900 | આફ્રિકા |
| 8. | ગ્રેટ બિયર | 31330 | એશિયા |
| 9. | બૈકલ | 30500 | એશિયા |
| 10. | ગ્રેટ સ્લેવ | 28570 | ઉત્તર અમેરિકા |


## વિશ્વનાં મોટાં સરોવરો



## વિશ્વના મોટા ટાપુ (Island)

| ક્રમ | ટાપુનું નામ | ખંડ | ક્ષેત્રફળ (ચો.કિ.મી. માં) |
|---|---|---|---|
| 1. | ગ્રીનલેન્ડ | ઉ. અમેરિકા | 2175600 |
| 2. | ન્યુ ગિની | ઓસેનિયા | 805510 |
| 3. | બોર્નિયો | એશિયા | 745561 |
| 4. | મડાગાસ્કર | આફ્રિકા | 587040 |
| 5. | બેફિન | ઉત્તર અમેરિકા | 507451 |
| 6. | સુમાત્રા (ઈન્ડોનેશિયા) | એશિયા | 473606 |
| 7. | હોન્શુ (જાપાન) | એશિયા | 227414 |
| 8. | ગ્રેટ બ્રિટન (ઈંગ્લેન્ડ) | યુરોપ | 218476 |
| 9. | વિક્ટોરિયા | ઉત્તર અમેરિકા | 217291 |
| 10. | એલ્સમિયર | ઉત્તર અમેરિકા | 196236 |


## વિશ્વના મોટા ટાપુ (Island)




## વિશ્વના ઊંચા ધોધ (Waterfall)

| ક્રમ | ધોધનું નામ | ઊંચાઈ (મીટરમાં) | દેશ |
|---|---|---|---|
| 1. | એન્જલ | 979 | વેનેઝુએલા |
| 2. | ટુગેલા | 948 | દક્ષિણ આફ્રિકા |
| 3. | ટ્રેસ હેર્મેનસ | 914 | પેરુ |
| 4. | ઓલોઉપેન | 900 | યુ.એસ.એ. (હવાઈ દ્વાપુ) |
| 5. | યુંબિલા | 896 | પેરુ |
| 6. | વિનુફોસેન | 860 | નોર્વે |
| 7. | બલાફોસેન | 850 | નોર્વે |
| 8. | પુયુંકા ઓલુ | 840 | યુ.એસ.એ. (હવાઈ દ્વાપુ) |
| 9. | જેમ્સ બ્રુસ | 840 | કેનેડા |
| 10. | બ્રાઉન | 836 | ન્યુઝીલેન્ડ |


## વિશ્વના ઊંચા ધોધ (Waterfall)



## વિશ્વના ઊંચા ધોધ (Waterfall)




## વિશ્વના ટુરિસ્ટ ડેસ્ટીનેશન ધરાવતા દેશો અને વિદેશી પ્રવાસીઓની સંખ્યા (મિલિયનમાં)



## સૌથી વધુ પ્રવાસીઓને આકર્ષતાં વિશ્વનાં શહેરો



**બેન્ગકોક**

થાઈલેન્ડની રાજધાની છે. વિશ્વમાં સૌથી વધારે પ્રવાસીઓને આકર્ષતું શહેર છે.

**લંડન**

યુ.કે ની રાજધાની છે. પ્રવાસીઓ માટે બીગબેન ટાવર, લંડન આઈ અને થેમ્સ નદી પર આવેલ લંડન બ્રીજ આકર્ષણનું કેન્દ્ર છે.





**પેરિસ**

ફ્રાંસની રાજધાની છે. પ્રવાસીઓ માટે એફિલ ટાવર, આકર્ષણનું કેન્દ્ર છે તેમજ સુંદર નગરી તરીકે પ્રખ્યાત છે.

**સિંગાપોર**

સિંગાપોરમાં સ્ટેચ્યુ ઓફ હાર્બર પ્રવાસન કેન્દ્ર છે.





**ન્યૂયોર્ક**

મેનહટન, સ્કાયલાઈન અને એમ્પાયર સ્ટેટ બિલ્ડિંગ આકર્ષણનાં કેન્દ્ર છે.



### ઈસ્તંબુલ

યુરોપ અને એશિયા વચ્ચે આવેલું તુર્કીનું સૌથી મોટું અને મહત્ત્વનું શહેર છે. સોફિયા મસ્જિદ આકર્ષણનું કેન્દ્ર છે.

### દુબઈ

મધ્ય એશિયાનું પ્રસિદ્ધ આકર્ષણનું કેન્દ્ર. બુર્જ ખલીફા વિશ્વની સૌથી ઊંચી ઈમારત.





### કુઆલાલમ્પુર

મલેશિયાની રાજધાની છે. પેટ્રોનસ ટાવર્સ બિલ્ડિંગ પ્રવાસીઓના આકર્ષણનું કેન્દ્ર છે.

### હોંગકોંગ

વિક્ટોરિયા પાર્ક, હેપીવેલી રેસકોર્સ, એશિયન પાર્ક અને હોંગકોંગ ડિઝનીલેન્ડ પ્રવાસીઓના આકર્ષણનું કેન્દ્ર છે.






### બાર્સેલોના


સ્પેનનું પ્રસિદ્ધ શહેર અને ફૂટબોલ પ્રેમીઓ માટેનું નગર છે. બાર્સેલોના કેથેડ્રલ ઓફ હોલીક્રોસ અને સંત યુલાલીયા માટે પ્રવાસીઓના આકર્ષણનું કેન્દ્ર છે.

Source : www.forbes.com/pictures/ehlk4siehm/1-bangkok/etc...

## વિશ્વની સાત પ્રાચીન અજાયબીઓ

**અજાયબીનું નામ : ગીઝાનો પિરામીડ**
**બાંધકામ સમયગાળો :** 2561-2484 ઈ.પૂ.
**વિશેષતા :** પ્રાચીન ઈજીપ્તના રાજવંશી ફારાઓહ (રાજાની) કબર માટે બાંધવામાં આવેલ વિશ્વનું સૌથી ઊંચું ઐતિહાસિક બાંધકામ





**અજાયબીનું નામ : બેબીલોનના ઝૂલતા બગીચા**
**બાંધકામ સમયગાળો :** 562 ઈ.પૂ.
**વિશેષતા :** આ બહુમાળી બગીચાઓ 22 મીટર ઊંચા હતા. તેમાં તમામ જગ્યાએ પાણી પહોંચાડવાની યાંત્રિક સુવિધા હતી. તેના છાપરા પર મોટા વૃક્ષો ઉગાડેલાં હતાં. નેબુચાન્ડ નામના રાજાએ આ બગીચાઓ પોતાની પત્ની માટે બંધાવેલ હતા.

**અજાયબીનું નામ : ઓલિમ્પિયાનું ઝીયસનું સ્ટેચ્યુ**
**બાંધકામ સમયગાળો :** 345 ઈ.પૂ.
**વિશેષતા :** આ મંદિરની અંદર આવેલ મૂર્તિ 13 મીટર ઊંચી હતી.





**અજાયબીનું નામ : આર્ટેમીસનું ચર્ચ**
**બાંધકામ સમયગાળો :** 550 ઈ.પૂ.
**વિશેષતા :** ગ્રીક દેવી આર્ટેમીસના માનમાં બનાવેલ 120 વર્ષે બાંધકામ પૂર્ણ થયેલ જે આગના કારણે નાશ પામતા મહાન સિકંદર દ્વારા ફરીથી નિર્માણ કરાવેલ હતું.



**અજાયબીનું નામ : રહોડ્સનું સ્ટેચ્યુ**
**બાંધકામ સમયગાળો :** 292 થી 280 ઈ.પૂ.
**વિશેષતા :** ગ્રીક સૂર્યદેવતા હેલીઓસની 35 મીટર ઊંચી કદાવર મૂર્તિ હતી.



**અજાયબીનું નામ : એલેકઝાન્ડ્રીયાની દીવાદાંડી**
**બાંધકામ સમયગાળો :** 280 ઈ.પૂ.
**વિશેષતા :** 115 થી 135 મીટર ઊંચી હતી. તે સમયનું દુનિયાનું સૌથી ઊંચું બાંધકામ ગણાતું હતું.




**અજાયબીનું નામ : મોઝોલસની કબર**
**બાંધકામ સમયગાળો :** 351 ઈ.પૂ.
**વિશેષતા :** મોઝોલસ નામના પર્શિયન સરદાર માટે બનાવેલ કબર. અંદાજે 45 મીટર ઊંચી હતી. ચારેબાજુ સુંદર શિલ્પકૃતિઓ કંડારેલ હતી.

## ન્યુ વન્ડર્સ ફાઉન્ડેશનની વિશ્વ વિખ્યાત સાત અજાયબીઓ



**અજાયબીનું નામ : ચીનની દીવાલ**
**બાંધકામ સમયગાળો :** ઈ.સ. પૂર્વે 5 મીથી 16મી સદી
**સ્થળ :** ચીન



**અજાયબીનું નામ : પેટ્રા**
**બાંધકામ સમયગાળો :** ઈ.સ. પૂર્વે 5 મી સદી
**સ્થળ :** જોર્ડન



**અજાયબીનું નામ :** ક્રિસ્ટ ધ રેડીમર મૂર્તિ
**બાંધકામ સમયગાળો :** ઈ.સ. 1922-31
**સ્થળ :** બ્રાઝિલ



**અજાયબીનું નામ :** ચિચેન ઇત્ઝે
**બાંધકામ સમયગાળો :** ઈ.સ. 600
**સ્થળ :** મેક્સિકો



**અજાયબીનું નામ :** રોમન નાટ્યશાળા
**બાંધકામ સમયગાળો :** ઈ.સ. 80
**સ્થળ :** ઇટાલી



**અજાયબીનું નામ :** તાજમહેલ
**બાંધકામ સમયગાળો :** ઈ.સ. 1648
**સ્થળ :** ભારત



**અજાયબીનું નામ :** ગીઝાના વિશાળ પિરામીડ
**બાંધકામ સમયગાળો :** ઈ.સ. પૂર્વે 2560
**સ્થળ :** ઈજિપ્ત

## વિશ્વની સાત કુદરતી અજાયબીઓ

ગ્રાન્ડ કેન્યન (યુ.એસ.એ.)



ગ્રેટ બેરિયર રિફ (ઓસ્ટ્રેલિયા)



રીઓ-ડી-જાનેરોનું બંદર (બ્રાઝિલ)



માઉન્ટ એવરેસ્ટ (નેપાળ)



ઓરોરા (ઉત્તર ધ્રુવ અને દક્ષિણ ધ્રુવ)



પેરીકુટીન (મેક્સિકો )



વિક્ટોરિયા ધોધ (ઝામ્બિયા-ઝિમ્બાબ્વે)



## વિશ્વના ઐતિહાસિક પ્રવાસન સ્થળ

પેટ્રા - જોર્ડન
માચુ પીચુ   સ્પેન
ગિઝાનો પિરામીડ - ઈજિપ્ત
સ્ટોનહેન્જ - ઈંગ્લેન્ડ
પર્સેપોલીશ - ઈરાન
પોટાલા હાઉસ (તિબેટ) - તિબેટ
અલ્હામ્બ્રા   સ્પેન
એક્રોપોલીસ - ગ્રીસ
ક્રાઈસ્ટ રીડીમેર - પોર્ટુગલ
કોલોઝલ (રોમન એમ્ફીથીયેટર) - ઈટાલી

## વિશ્વમાં ભારતનું કૃષિ પેદાશોમાં સ્થાન

| ક્રમ | પ્રથમ સ્થાન | દ્વિતીય સ્થાન |
|---|---|---|
| 1 | ચા | ચોખા |
| 2 | ચણા | ઘઉં |
| 3 | કઠોળ | શેરડી |
| 4 | સૂર્યમુખી | વટાણા |
| 5 | આદું | ડુંગળી |
| 6 | કેળાં | બટાકા |
| 7 | કેરી | તલ |
| 8 | પપૈયા | કોબીજ |
| 9 | જામફળ | રીંગણ |
| 10 | દાડમ | ટામેટા |
| 11 | લીંબુ | ફ્લાવર |
| 12 | બાજરી | |

## વિશ્વમાં ભારતનું ખનિજ ઉત્પાદનોમાં સ્થાન

| ક્રમ | ખનિજ | સૌથી વધુ ઉત્પાદન કરતો દેશ | ભારતનું સ્થાન |
|---|---|---|---|
| 1 | ક્રોમાઈટ | દક્ષિણ આફ્રિકા | બીજું |
| 2 | અબરખ | બ્રાઝીલ | બીજું |
| 3 | કોલસો | ચીન | ત્રીજું |
| 4 | બૉક્સાઇટ | ચીન | ત્રીજું |
| 5 | લોખંડ | ચીન | ચોથું |
| 6 | સ્ટીલ | ચીન | ચોથું |
| 7 | એલ્યુમિનિયમ | ચીન | પાંચમું |
| 8 | ઝીંક | ચીન | છઠ્ઠું |
| 9 | મેંગેનીઝ | દક્ષિણ આફ્રિકા | છઠ્ઠું |






| | |
|---|---|
| **ક્ષેત્રફળ :** | 3287263 ચો. કિમી. |
| **અક્ષાંશ :** | 8.4 ઉ. અક્ષાંશ થી 37.6 ઉ. અક્ષાંશ |
| **રેખાંશ :** | 68.7 પૂ. રેખાંશ થી 97.25 પૂ. રેખાંશ |
| **પ્રમાણ સમયરેખા :** | 82. 5 પૂ (અલ્હાબાદ) જિ. મિરઝાપુર ઉત્તર પ્રદેશ. |
| **રાજ્યો :** | 29 |
| **રાષ્ટ્રીય રાજધાની પ્રદેશ :** | 1 |
| **કેન્દ્રશાસિત પ્રદેશ :** | 6 |
| **રાજધાની :** | નવી દિલ્હી |
| **રાષ્ટ્રધ્વજ :** | તીરંગો |
| **રાષ્ટ્રગીત :** | જન.. ગણ.. મન.. |
| **રાષ્ટ્રીયગીત :** | વંદેમાતરમ્ |
| **રાષ્ટ્રપિતા :** | મહાત્મા ગાંધી (મોહનદાસ કરમચંદ ગાંધી) |
| **રાષ્ટ્રીય પ્રાણી :** | વાઘ |
| **રાષ્ટ્રીય પક્ષી :** | મોર |
| **રાષ્ટ્રીય ફળ :** | કેરી |
| **રાષ્ટ્રીય પુષ્પ :** | કમળ |
| **રાષ્ટ્રીય વૃક્ષ :** | વડ |
| **રાષ્ટ્રીય જળચર પ્રાણી :** | ડૉલ્ફિન |
| **રાષ્ટ્રીય રમત :** | હૉકી |
| **રાષ્ટ્રીય નદી :** | ગંગા |
| **રાષ્ટ્રીય મીઠાઈ :** | જલેબી |
| **સર્વોચ્ચ રાષ્ટ્રીય પુરસ્કાર :** | ભારતરત્ન |
| **વસતિ ગીચતા :** | 382 (પ્રતિ ચોરસ કિ.મી. દીઠ વ્યક્તિ) |
| **સૌથી વધુ વસતિવાળું રાજ્ય :** | ઉત્તર પ્રદેશ |

**સૌથી ઓછી વસતિવાળું રાજ્ય :** સિક્કીમ

**સૌથી મોટું રાજ્ય (ક્ષેત્રફળ) :** રાજસ્થાન

**સૌથી નાનું રાજ્ય (ક્ષેત્રફળ) :** ગોવા

**પ્રથમ રાષ્ટ્રપતિ :** ડૉ. રાજેન્દ્ર પ્રસાદ

**પ્રથમ વડાપ્રધાન :** જવાહરલાલ નહેરુ

**લોકસભાની સીટ :** 545 (જેમાં 543 ચુંટાયેલા અને 2 રાષ્ટ્રપતિ દ્વારા નિયુક્ત)

**રાજ્યસભા સભ્યસંખ્યા :** 250 (238 ચૂંટાયેલા અને 12 રાષ્ટ્રપતિ દ્વારા નિયુક્ત)

**હવાઈ મથક :** 140 (આંતરરાષ્ટ્રીય હવાઈ મથક - 23)

**બંદરો :** મોટા 12, મધ્યમ અને નાના - 200

- ભારતની મધ્યમાંથી કર્કવૃત પસાર થાય છે. આઠ રાજ્યોમાંથી નીકળે છે. (ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, ઝારખંડ, પશ્ચિમ બંગાળ, ત્રિપુરા, મિઝોરમ)
- ઉજ્જૈન મહાકાલેશ્વરનું મંદિર કર્કવૃત પર આવેલું છે.
- ભારતની જમીન સીમા સાત દેશો સાથે જોડાયેલી છે.
- ભારત : ઉત્તર - દક્ષિણ લંબાઈ 3214 કિ. મી., પૂર્વ - પશ્ચિમ 2933 કિ.મી.
- સૌથી વધારે નગરોવાળું રાજ્ય - ઉત્તર પ્રદેશ
- સૌથી ઓછા નગરોવાળું રાજ્ય - મેઘાલય
- લદ્દાખનું સૌથી ઊંચું શિખર, 'રાકાયોશી' વિશ્વનું સૌથી મોટા ઢાળવાળું શિખર
- 'રાંચી' કર્કવૃત્ત પર આવેલી રાજધાની છે.
- **'Seven Sister' તરીકે જાણીતા રાજ્યો અને રાજધાની :**

  **અરૂણાચલ પ્રદેશ** - ઈટાનગર, **ત્રિપુરા** - અગરતલા, **મિઝોરમ** - આઈઝોલ, **નાગાલેન્ડ** - કોહિમા, **મેઘાલય** - શિલોંગ, **અસમ** - દિસપુર, **મણિપુર** - ઈમ્ફાલ
- **'One Brother' : સિક્કિમ** - ગંગટોક
- **ભારતની ચારે તરફનાં અંતિમ સ્થળો :**

  ઉત્તરી બિંદુ - ઈન્દિરા કોલ, જમ્મુ - કાશ્મીર

  પશ્ચિમ બિંદુ - સિરક્રીક, ગુજરાત

  દક્ષિણ બિંદુ - ઈન્દિરા પોઈન્ટ, અંદામાન નિકોબાર

  પૂર્વ બિંદુ - વાલાંગુ, અરૂણાચલ પ્રદેશ
- **સૌથી લાંબો દરિયાકિનારો ધરાવતું રાજ્ય** - ગુજરાત

  **સૌથી ઓછો દરિયાકિનારો ધરાવતું રાજ્ય** - ગોવા
- **ત્રણ દેશોની સરહદ ધરાવતાં રાજ્યો** - સિક્કિમ (ચીન, ભૂટાન, નેપાળ) પશ્ચિમ બંગાળ (બાંગ્લાદેશ, ભૂટાન, નેપાળ), અરૂણાચલ પ્રદેશ (ચીન, ભૂટાન, મ્યાનમાર)

## ભારતનાં રાજ્યો, તેનાં પાટનગર અને કેન્દ્ર શાસિત પ્રદેશો



## અગત્યનાં પર્વત-શિખરો

| ક્રમ | નામ | ઉંચાઈ (મીટરમાં) |
|---|---|---|
| 1. | માઉન્ટ ગોડવીન- ઑસ્ટીન ($K_2$) | 8611 |
| 2. | કાંચનજંઘા | 8598 |
| 3. | નંગા પર્વત | 8126 |
| 4. | બ્રોડપીક | 8047 |
| 5. | ગશેરબ્રમ - II | 8035 |
| 6. | ડિસ્ટેગહિલ-સાર | 7885 |
| 7. | નંદાદેવી | 7817 |
| 8. | કામેટશિખર | 7756 |
| 9. | સાલ્તોરો કાંગરી Saltroo Kangri ($K_{\cdot 0}$) | 7742 |
| 10. | સાસેર કાંગરી Saser Kangri ($K_{22}$) | 7642 |

## ભારતની લાંબી નદીઓ

| ક્રમ | નામ | લંબાઈ (કિ.મી. માં) |
|---|---|---|
| 1. | ગંગા | 2525 |
| 2. | ગોદાવરી | 1465 |
| 3. | કૃષ્ણા | 1401 |
| 4. | યમુના | 1375 |
| 5. | નર્મદા | 1312 |

## ભારતની અગત્યની બહુહેતુક યોજનાઓ

| ક્રમ | યોજનાનું નામ | રાજ્ય | બંધ સ્થળ | ઊંચાઈ (મીટરમાં) | સિંચાઈ (લાખ હેક્ટર) | વીજળીનું ઉ. (મેગાવોટમાં) |
|---|---|---|---|---|---|---|
| 1. | નર્મદા | ગુજરાત | નવાગામ | 121.92 | 20.5 | 1450 |
| 2. | બિયાસ | પંજાબ | પોંગ | 133 | 17.0 | 1010 |
| 3. | ભાખડા-નંગલ | પંજાબ-હરિયાણા | ભાખડા-નંગલ | 226 | 14.6 | 1204 |
| 4. | નાગાર્જુન | તેલંગાણા-આંધ્રપ્રદેશ | નન્દીકોડા | 88 | 8.95 | 210 |
| 5. | રામગંગા | ઉત્તરપ્રદેશ | ગઢવાલ | 125.6 | 5.91 | 198 |


## ભારતની લાંબી નદીઓ, અગત્યની બહુહેતુક યોજનાઓ




## ભારતનાં મોટાં રાજ્યો (વિસ્તારની દૃષ્ટિએ)

| ક્રમ | રાજ્યનું નામ | ક્ષેત્રફળ (ચો.કિ.મી.માં) |
|---|---|---|
| 1. | રાજસ્થાન | 3,42,239 |
| 2. | મધ્યપ્રદેશ | 3,08,000 |
| 3. | મહારાષ્ટ્ર | 3,07,713 |
| 4. | ઉત્તરપ્રદેશ | 2,40,928 |
| 5. | જમ્મુ-કશ્મીર | 2,22,236 |
| 6. | ગુજરાત | 1,96,024 |

## ભારતનાં મોટાં રાજ્યો (વિસ્તારની દૃષ્ટિએ)




ભારતનાં મોટાં રાજ્યો (વિસ્તારની દૃષ્ટિએ)



### ભારતનાં મોટાં રાજ્યો (વસતિની દૃષ્ટિએ)
### (2011ની વસતિ ગણતરી મુજબ)

| ક્રમ | રાજ્યનું નામ | વસતિ (કરોડમાં) |
|---|---|---|
| 1. | ઉત્તરપ્રદેશ | 19.96 |
| 2. | મહારાષ્ટ્ર | 11.24 |
| 3. | બિહાર | 10.38 |
| 4. | પશ્ચિમ બંગાળ | 9.13 |
| 5. | મધ્યપ્રદેશ | 7.26 |
| 6. | રાજસ્થાન | 6.86 |
| 7. | તમિલનાડુ | 7.21 |
| 8. | કર્ણાટક | 6.11 |
| 9. | ગુજરાત | 6.04 |

### ભારતનાં મોટાં રાજ્યો (વસતિની દૃષ્ટિએ)
### (2011ની વસતિ ગણતરી મુજબ)



## ભારતના અગત્યના જળધોધ


| ક્રમ | ધોધનું નામ | નદીનું નામ | રાજ્ય | ઊંચાઈ (મીટરમાં) |
|---|---|---|---|---|
| 1. | જોગનો ધોધ | શરાવતી | કર્ણાટક | 253 |
| 2. | શિવસમુદ્રમ ધોધ | કાવેરી | કર્ણાટક | 98 |
| 3. | હુંડરા ધોધ | સુવર્ણરેખા | ઝારખંડ | 74 |
| 4. | ગોકાક ધોધ | ઘટપ્રભા | કર્ણાટક | 55 |
| 5. | ચિત્રકોટ | ઈંદ્રાવતી | છત્તીસગઢ | 30 |



## ભારતનાં અગત્યનાં સરોવરો

| ક્રમ | સરોવરનું નામ | રાજ્ય | માપ | વિશેષતા |
|---|---|---|---|---|
| 1. | વુલર સરોવર | જમ્મુ-કશ્મીર | 260 ચો. કિ.મી. ક્ષેત્રફળ | ભારતનું સૌથી મોટું મીઠા પાણીનું સરોવર |
| 2. | ચિલ્કા સરોવર | ઓરિસ્સા | 1165 ચો. કિ.મી. | ભારતનું સૌથી મોટું ખારા પાણીનું સરોવર |
| 3. | શિવસાગર | મહારાષ્ટ્ર | 891.7 ચો. કિ.મી. | ભારતનું સૌથી મોટું માનવનિર્મિત સરોવર |
| 4. | વેમ્બનાદ | કેરાલા | 96.5 કિ.મી. | ભારતનું સૌથી લાંબું સરોવર |
| 5. | ત્સાંગમો | સિક્કિમ | 5330 મીટર ઊંચાઈ પર | ભારતનું સૌથી ઊંચાઈ પર આવેલું સરોવર વિશ્વમાં ઊંચાઈ પર આવેલા સરોવરોમાં 14માં ક્રમે |
| 6. | ગોવિંદસાગર | હિમાલય પ્રદેશ | 163 મીટર ઉંડાઈ | ભારતનું સૌથી ઊંડું સરોવર |

## ભારતનાં મુખ્ય બંદરો અને સાગરસીમા ધરાવતાં રાજ્યો



ભારતના મુખ્ય ધાતુ ઉદ્યોગો



## ભારતના પ્રવાસન સ્થળો





# ભારતના લોકોની વિશેષતાઓ

## પશ્ચિમ ભારત

- પશ્ચિમ ભારતના લોકોનો મુખ્ય ખોરાક ઘઉંમાંથી બનાવેલી વાનગીઓ, લીલાં શાકભાજી, દાળભાત વગેરે છે. ગુજરાતની 'ગુજરાતી થાળી', રાજસ્થાનની 'દાલબાટી' પ્રખ્યાત છે. 'જલેબી' ગુજરાતના લોકોની જાણીતી મીઠાઈ છે. પશ્ચિમ ભારતના દરિયાકિનારે રહેતા લોકોનો મુખ્ય ખોરાક ભાત અને માછલી છે.
- પશ્ચિમ ભારતના લોકો ઈંટ-સિમેન્ટથી બનાવેલા પાકાં અને ધાબાવાળા મકાનોમાં રહે છે. જંગલ કે ડુંગરાળ પ્રદેશમાં વસતા લોકો વાંસ અને લાકડાંમાંથી બનાવેલા ઝુંપડાઓમાં રહે છે.
- અહીંના પુરુષો ધોતી કે ચોયણો, ટૂંકું અંગરખુ પહેરણ પહેરે છે. ગુજરાતમાં પુરુષો ધોતિયું, ઝભ્ભો પહેરે છે. સ્ત્રીઓ સાડી, ચણિયો, કબજો પહેરે છે.
- ગુજરાતના રાસ-ગરબા, મહારાષ્ટ્રનું લાવણી નૃત્ય અને રાજસ્થાનનું ઘુમર, કચ્છીઘોડી અને કાલબેલિયા નૃત્યો ખૂબજ પ્રસિદ્ધ છે.






### ઉત્તર ભારત

- ઉત્તર ભારતના લોકોનો મુખ્ય ખોરાક ઘઉંમાંથી બનતી વાનગીઓ છે. તેઓ દૂધ, કઠોળ, લીલાં શાકભાજી, ફળ-ફૂલ અને છાશ લે છે. જમ્મુ કશ્મીરના લોકોનો મુખ્ય ખોરાક ભાત અને માંસ-મચ્છી છે.
- 'લસ્સી' પંજાબનું જાણીતું પીણું છે.



- ઉત્તર ભારતમાં મોટાં ભાગનાં મકાનો ધાબાવાળા તેમજ ઈંટ-સિમેન્ટથી બનેલાં હોય છે. જમ્મુ કશ્મીરમાં લાકડાંના મકાનો જોવા મળે છે. કશ્મીરના દાલ સરોવરમાં કેટલાંક લોકો નૌકાઘરમાં રહે છે.
- ઉત્તર ભારતનાં પુરુષો ધોતી અને પહેરણ પહેરે છે અને માથામાં ગમછો બાંધે છે. સ્ત્રીઓ સાડી, ચણિયો અને કબજો પહેરે છે. કશ્મીરના પુરુષો લાંબી બાંયનો ઝભ્ભો અને સ્ત્રીઓ સલવાર-કમીઝ પહેરે છે. માથે સ્કાર્ફ બાંધે છે.
- પંજાબીઓની પાઘડી વખણાય છે.
- પંજાબનું ભાંગડા નૃત્ય ખૂબ જ જાણીતું છે.







## દક્ષિણ ભારત

- દક્ષિણ ભારતના રાજ્યોને દરિયાકાંઠાનો લાભ મળ્યો છે. અહીંના લોકો કદમાં નીચા અને ખડતલ હોય છે.
- દક્ષિણ ભારતનાં લોકોનો મુખ્ય ખોરાક ભાત, માછલી અને કઠોળ છે. દક્ષિણ ભારતના ઈડલી, ઢોંસા ખૂબ જાણીતા છે.
- અહીંના લોકોમાં પ્રસંગોએ કેળના પાનમાં ખાવાનો રિવાજ છે.



- દક્ષિણ ભારતનાં શહેરોનાં મકાનો ધાબાવાળા હોય છે. વધુ વરસાદવાળા પ્રદેશોમાં વધુ ઢાળવાળાં છાપરાં જોવા મળે છે.
- દક્ષિણ ભારતની આબોહવા એકંદરે ગરમ અને ભેજવાળી હોવાથી અહીંના લોકો ખુલ્લા સુતરાઉ કપડાં પહેરે છે. પુરુષો લુંગી કે ટૂંકી ધોતી, પહેરણ પહેરે છે અને ખભે ખેસ નાખે છે. સ્ત્રીઓ દક્ષિણી સાડી, ચણિયો અને કબજો પહેરે છે.



## પૂર્વ ભારત

- પૂર્વ ભારતના લોકોનો ખોરાક ભાત, માછલી, કઠોળ, લીલાં શાકભાજી વગેરે છે.
- પૂર્વ ભારતનાં મેદાનોમાં ઈંટ-સિમેન્ટનાં બનેલાં પાકાં મકાનો હોય છે. પહાડી વિસ્તારોના મકાનો લાકડાં અને વાંસનાં બનેલાં હોય છે. પશ્ચિમ બંગાળના લોકો ઘરના પાછલાં ભાગમાં પુકુર (નાનકડું તળાવ) બનાવી એમાં માછલાંનો ઉછેર કરે છે.
- પૂર્વ ભારતમાં ગરમી અને વરસાદનું પ્રમાણ વધુ હોવાથી લોકો સુતરાઉ કપડાં વધુ પસંદ કરે છે. પુરુષો ધોતિયું, ઝભ્ભો પહેરે છે. સ્ત્રીઓ સાડી, ચણિયો, કબજો પહેરે છે. પશ્ચિમ બંગાળમાં સ્ત્રીઓ વિશિષ્ટ ઢબની બંગાળી સાડી પહેરે છે.
- અહીંના લોકો મુખ્યત્વે પ્રાદેશિક ભાષા બોલે છે. અહીં અસમી, ઉડિયા જેવી ભાપાઓ બોલાય છે.




| | |
|---|---|
| க க க க ங | (Tamil) |
| क ख ग घ ङ | (Hindi) |
| క ఖ గ ఘ ఙ | (Telugu) |
| ಕ ಖ ಗ ಘ ಙ | (Kannada) |
| ക ഖ ഗ ഘ ങ | (Malayalam) |
| ક ખ ગ ઘ ઙ | (Gujarati) |
| ক খ গ ঘ ঙ | (Bengali) |
| ਕ ਖ ਗ ਘ ਙ | (Punjabi) |
| କ ଖ ଗ ଘ ଙ | (Oriya) |


## ગુજરાતનો પરિચય

**સામાન્ય માહિતી**

- ક્ષેત્રફળ 196024 ચો. કિ.મી. (ભારતના 5.97%)
- ગુજરાત રાજ્યના ઉત્તર ભાગમાંથી કર્કવૃત્ત પસાર થાય છે.
  (કચ્છ, પાટણ, મહેસાણા, ગાંધીનગર, સાબરકાંઠા, અરવલ્લી, સુરેન્દ્રનગર)
- ગુજરાત રાજ્યની ઉત્તર - દક્ષિણ લંબાઈ 590 કિ.મી. અને પૂર્વ - પશ્ચિમ લંબાઈ 500 કિ.મી. છે.



ગુજરાત - જિલ્લા, પડોશી રાજ્યો, અક્ષાંશ, રેખાંશ, મોટા બંદરો



**ગુજરાતની સીમા**

- ગુજરાતની જમીન સીમા ત્રણ રાજ્યો (રાજસ્થાન, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર) અને એક દેશ (પાકિસ્તાન) સાથે આંતરરાષ્ટ્રીય સરહદે જોડાયેલ છે.
- ગુજરાતની દરિયાઈ સીમા 1600 કિ.મી. છે. જેમાં કચ્છ 406 કિ.મી., સૌરાષ્ટ્ર 843 કિ.મી., તળ ગુજરાત 351 કિ.મી. છે.
- ગુજરાત ભારતનું એકમાત્ર એવું રાજ્ય છે કે જેમાં બે અખાત (કચ્છ અને ખંભાત) છે.
- ગુજરાતના એકમાત્ર આંતરરાષ્ટ્રીય હવાઈ મથકનું નામ સરદાર વલ્લભભાઈ પટેલ હવાઈ મથક છે. જે અમદાવાદમાં આવેલું છે.
- ગુજરાતના 15 જિલ્લા દરિયાઈ સીમા ધરાવે છે.

**મહત્ત્વની સિંચાઈ યોજનાઓ**

♦ સરદાર સરોવર (નર્મદા) યોજના ♦ કાકરાપાર યોજના અને કડાણા યોજના ♦ ધરોઈ યોજના ♦ શેત્રુંજી યોજના ♦ દાંતીવાડા યોજના ♦ ઉકાઈ યોજના ♦ વણાકબોરી યોજના ♦ ભાદર યોજના

**સરોવર**




નારાયણ સરોવર



નળ સરોવર



આજવા સરોવર



## વનસંપત્તિ


અન્ય રાજ્યોની સરખામણીએ વનવિસ્તાર ઓછો છે. જેમાં ચાર પ્રકારનાં જંગલો આવેલ છે.

- ♦ ભેજવાળા પાનખર (સાગ, સાલ, વાંસ, સીસમ, શીમળો, સાદડ, ટીમરું, ખાખરો, ખેર વગેરે...)
- ♦ સૂકા પાનખર (ટીમરૂ, બાવળ, કેસૂડો, સાગ, વાંસ, ખેર, શીમળો વગેરે...)
- ♦ સૂકા ઝાંખરાવાળા (થોર, બોરડી, રાયણ, લીમડો, ગરમાળો, ઉમરડો, બાવળ વગેરે...)
- ♦ મેન્ગ્રુવ (ભરતીના જંગલો) (ચેર, ઊંચા પ્રકારનું ઘાસ)

**નેશનલ પાર્ક**

- ગીર નેશનલ પાર્ક જિ. ગીર સોમનાથ
- બ્લેકબક નેશનલ પાર્ક વેળાવદર, જિ. ભાવનગર
- વાંસદા નેશનલ પાર્ક જિ. નવસારી
- મરીન નેશનલ પાર્ક કચ્છનો અખાત

### ગુજરાતનાં અભયારણ્યો



## અભયારણ્યો


| | | | | | |
|---|---|---|---|---|---|
| 1. | ગીર | 9. | ખીજડીયા | 17. | પાણિયા |
| 2. | નળ સરોવર | 10. | રતનમહાલ | 18. | બાલારામ |
| 3. | કચ્છનું રણ | 11. | સુરખાબ નગર | 19. | જાંબુઘોડા |
| 4. | જેસોર | 12. | શૂલપાણેશ્વર | 20. | પૂર્ણા |
| 5. | બરડા | 13. | મહાગંગા | 21. | મિતિયાળા |
| 6. | હિંગોળગઢ | 14. | રામપરા (વાંકાનેર) | | |
| 7. | મરીન | 15. | થોળ | | |
| 8. | નારાયણ સરોવર | 16. | પોરબંદર | | |


## હિન્દુ ધર્મના તીર્થસ્થાનો



સોમનાથ, જિ. ગીરસોમનાથ


અંબાજી, જિ. બનાસકાંઠા


શામળાજી, જિ. અરવલ્લી


બહુચરાજી, જિ. મહેસાણા


કોટેશ્વર, જિ. કચ્છ


ડાકોર, જિ. ખેડા



ચાણોદ, જિ. વડોદરા


વીરપુર, જિ. રાજકોટ


પાવાગઢ, જિ. પંચમહાલ




દ્વારકા, જિ. દેવભૂમિ દ્વારકા




ગિરનાર, જિ. જૂનાગઢ


## જૈન તીર્થો




પાલીતાણા, જિ. ભાવનગર




તારંગા, જિ. મહેસાણા




ભદ્રેશ્વર, જિ. કચ્છ



મહુડી, જિ. ગાંધીનગર




ગિરનાર, જિ. જૂનાગઢ



શંખેશ્વર, જિ. પાટણ

## મુસ્લિમ આસ્થા કેન્દ્રો




મીરા-દાતાર, ઉનાવા, જિ. મહેસાણા




શેલાવી, જિ. મહેસાણા

## પારસી ધર્મ સ્થાનો



સંજાણ, જિ. વલસાડ




ઉદવાડા, જિ. વલસાડ

## યહુદી ધર્મ સ્થાનો



ખમાસા, સિનેગોગ, જિ. અમદાવાદ

## ખ્રિસ્તી ધર્મ સ્થાનો



ફતેગંજ ચર્ચ, જિ. વડોદરા




ખંભોળજ, જિ. આણંદ

## અન્ય પ્રવાસન સ્થળો



સીદી સૈયદની જાળી, જિ. અમદાવાદ



આશાપુરા માતાનો મઢ, જિ. કચ્છ



સાસણગીર, જિ. ગીર સોમનાથ



નર્મદા ડેમ (સરદાર સરોવર), જિ. નર્મદા



દાંડી સ્મારક, જિ. નવસારી



રાજપરા ખોડિયાર માતા, જિ. ભાવનગર



મોઢેરા, જિ. મહેસાણા



તિથલ, જિ. વલસાડ



સફેદ રણ, જિ. કચ્છ



ડુમસ, જિ. સુરત



તરણેતર, જિ. સુરેન્દ્રનગર

## મુખ્ય પાકો


**ધાન્ય પાક**
(બાજરી, જુવાર, ઘઉં, ડાંગર, મકાઈ)

**રોકડિયા પાકો**
(કપાસ, તમાકુ, શેરડી)


**અન્ય પાકો**
(વિવિધ ફળો, મગફળી, જીરૂ, વરિયાળી, ઈસબગુલ, કઠોળ)

## જળધોધ


નિનાઈ ધોધ, ડેડિયાપાડા
જિ. નર્મદા




ઝરવાણી ધોધ,
કેવડિયા કોલોની, જિ. નર્મદા



ત્રંબક ધોધ, જિ. ભાવનગર



ગીરા ધોધ, જિ. ડાંગ



હાથણીમાતા, જાંબુઘોડા
જિ. પંચમહાલ



જમજીર, જિ. ગીર સોમનાથ



# અર્થશાસ્ત્ર



# અર્થશાસ્ત્ર

## સમાવિષ્ટ મુદ્દાઓ

- માનવ વિકાસ સૂચકાંક (HDI)
- માનવ સંસાધન
- માથાદીઠ અને રાષ્ટ્રીય આવક
- આર્થિક વિકાસ - ટકાઉ (સુપોષિત) વિકાસ
- અર્થશાસ્ત્રના પાયાના ખ્યાલો
- રોજીંદા વ્યવહારમાં વપરાતા શબ્દોના અર્થ
  • કિંમત • મૂલ્ય • વસ્તુ-સેવાઓ • માંગ-પુરવઠો
  • પાયાની સુવિધાઓ • વસતિ • ફુગાવો • બજેટ
- વ્યાપાર ચક્ર
- જાહેર-ખાનગી-સંયુક્ત અને સહકારી ક્ષેત્ર
- વિનિમય દર - વિદેશી હુંડિયામણ/ચલણ
- મોંઘવારી દર
- GST
- જકાત
- કુલ આંતરિક (ઘરેલું) ઉત્પાદન = GDP • કુલ રાષ્ટ્રીય પેદાશ = GNP
- વિમૂડીકરણ (ડિસઈન્વેસ્ટમેન્ટ)
- નીતિ આયોગ
- ડિજિટલ ઈન્ડિયા
- ઈ-કૉમર્સ
- કેશલેસ અર્થતંત્ર
- BHIM - એપ

# પ્રસ્તાવના

પ્રાચીન સમયમાં લોકોના જીવન વ્યવહાર કેવી રીતે ચાલતા હતા, જ્યારે ચલણી નાણું નહોતું? એ સમયે વસ્તુની સામે બીજી વસ્તુની લેવડ-દેવડ દ્વારા વ્યવહારો ચાલતા હતા. જેને આપ-લે કે વિનિમય કહેવાય.

આપણી સંસ્કૃતિમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચાર મુખ્ય કર્મો (પુરુષાર્થ) દર્શાવ્યા છે. જેમાં, 'અર્થ' એ આર્થિક વ્યવહાર સંબંધી બાબત છે. તેમાં ખેતી, ધંધા, વેપાર અને રોજગાર કેવી રીતે ચલાવવા તેના નિયમો અને તેના થકી સમાજમાં પ્રદાન પણ આપવું તથા રાજાશાહી સમયમાં કર (ટેક્ષ) વ્યવસ્થા વગેરેનો ઉલ્લેખ કેટલાક ગ્રંથોમાં છે.

વર્તમાન સમયમાં આ બધી બાબતોને વૈશ્વિક ફલક પર સમજાવવા માટે અર્થશાસ્ત્ર વિષય અભ્યાસક્રમમાં છે. અહીં પ્રસ્તુત પુસ્તકમાં અર્થશાસ્ત્ર સંબંધિત પાયાના ખ્યાલો તથા વર્તમાન નવા ખ્યાલોનો આછેરો પરિચય આપવાનો પ્રયાસ છે. આ વિષયના ગહન અભ્યાસ માટે આપણાં પાઠ્યપુસ્તકોનો તથા સંદર્ભ સાહિત્ય તેમજ સંબંધિત વેબસાઈટનો વિશેષ ઉપયોગ કરવો રહ્યો. ગુજરાતનાં બાળકોને આ વિષયમાં રસ-રુચિ જાગે તેવા પ્રયત્નો કરવામાં આવ્યા છે.



# Human Development Index
# માનવ વિકાસ સૂચકાંક

## What is HDI?
## માનવ વિકાસ સૂચકાંક શું છે?

- સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ (UNDP) દ્વારા વર્ષ 1990થી દર વર્ષે માનવ વિકાસ અહેવાલ બહાર પાડવામાં આવે છે.
- તેમાં આર્થિક માપદંડોની સાથે બિનઆર્થિક માપદંડ ઉપર વધુ ભાર મૂકવામાં આવે છે.
- જે દેશનો આંક 1 ની નજીક હોય તે વધુ વિકસિત ગણાય છે. તેને HDI માં ઊંચો ક્રમ મળે છે.
- માનવ વિકાસ સૂચકાંક એ વિકાસનો આધુનિક નિર્દેશક છે.
- સરેરાશ આયુષ્ય, શિક્ષણ અને સારા જીવનધોરણના માપદંડ આ ત્રણ પરિબળો અનુસાર માનવ વિકાસ સૂચકાંક તૈયાર કરવામા આવે છે.
- દેશની માથાદીઠ આવક અને જીવનની ભૌતિક ગુણવત્તાનો સમન્વય કરી રચાયેલા આંકને માનવ વિકાસ સૂચકાંક કહે છે.
- માનવ વિકાસ સૂચકાંક (HDI)નું મૂલ્ય 0 અને 1 ની વચ્ચે હોય છે.

### માનવ વિકાસ સૂચકાંકના ત્રણ માપદંડો



**Life Expectancy at Birth**
**જન્મ સમયે અપેક્ષિત આયુષ્ય**



**Average Education Levels + Adult Literacy Rates**
**સરેરાશ શિક્ષણ સ્તર + પ્રૌઢ શિક્ષણ દર**



**Standard of Living (GNI/Capita PPP)**
**જીવનધોરણ**


Gross National Income in terms of Purchasing Power Parity

### ભારત અને પડોશી દેશોનું માનવ વિકાસ સૂચકાંકમાં સ્થાન (વર્ષ 2015)

| ક્રમ | દેશ | માનવ વિકાસ સૂચકાંક (HDI) | માનવ વિકાસ સૂચકાંકમાં દેશનો ક્રમ |
|---|---|---|---|
| 1. | શ્રીલંકા | 0.759 | 73 |
| 2. | ચીન | 0.727 | 90 |
| 3. | માલદીવ | 0.706 | 104 |
| 4. | ભારત | 0.609 | 130 |
| 5. | ભૂતાન | 0.605 | 132 |
| 6. | બાંગ્લાદેશ | 0.570 | 142 |
| 7. | નેપાળ | 0.548 | 145 |
| 8. | પાકિસ્તાન | 0.538 | 147 |
| 9. | મ્યાનમાર | 0.536 | 148 |
| 10. | અફઘાનિસ્તાન | 0.465 | 171 |

## Global HDI Ranking - Top Ten Countries
## માનવ વિકાસ આંકમાં ટોચના 10 દેશો

| Rank | Countries | HDI |
|---|---|---|
| 1 | નોર્વે | 0.944 |
| 2 | ઑસ્ટ્રેલિયા | 0.933 |
| 3 | સ્વિટ્ઝર્લૅન્ડ | 0.917 |
| 4 | નેધરલેન્ડ | 0.915 |
| 5 | અમેરિકા | 0.914 |
| 6 | જર્મની | 0.911 |
| 7 | ન્યુઝીલેન્ડ | 0.910 |
| 8 | કેનેડા | 0.902 |
| 9 | સિંગાપોર | 0.901 |
| 10 | ડેન્માર્ક | 0.900 |




**World map indicating the Human Development Index (based on 2015 and 2016 data, published on 21 March 2017):**

## Human Resources માનવ સંસાધન

- કોઈ કાર્યને પૂર્ણ કરવા માટે ઉપયુક્ત હોય તેવા જીવિત કે સામગ્રીના સ્વરૂપમાં ઉપલબ્ધ સાધનને સંસાધન તરીકે ઓળખવામાં આવે છે. જેમ કે, કોલસો. જેમાંથી આપણે અગ્નિ કે વીજળી (ઊર્જા) પેદા કરી શકીએ છીએ. અહીં માનવ (વસતિ) ને સમસ્યા નહીં, પરંતુ શક્તિના સ્રોત તરીકે મૂલવવાનો વિચાર છે. તેથી તે માનવ સંસાધન તરીકે ગણવામાં આવે છે.
- ભારત જેવા દેશમાં અતિ વસતિને સમસ્યા ગણવામાં આવે છે. પરંતુ જો આજ વસતિને શિક્ષિત, તાલીમબદ્ધ અને વધુ કૌશલ્યવાન બનાવવામાં આવે તો તે શક્તિના સ્રોતરૂપ બને છે. તેનાથી દેશ સાર્વત્રિક વિકાસ તરફ આગળ વધે છે. દા.ત. ચીન. હવે ભારત પણ આ દિશામાં આગળ વધી રહ્યું છે. અહીં માનવ સંસાધનને મહત્તમ અને યોગ્ય ઉપયોગમાં લેવાનો અભિગમ છે.





## Per Capita Income - માથાદીઠ આવક

$$\text{માથાદીઠ આવક} = \frac{\text{દેશની કુલ રાષ્ટ્રીય આવક}}{\text{દેશની કુલ વસતિ}}$$

- દેશની કુલ રાષ્ટ્રીય આવકને કુલ વસતિ વડે ભાગતાં મળતા આંકને **માથાદીઠ આવક** કહે છે. જેમકે, રાહુલના ઘરમાં તેના માતા-પિતા, બહેન અને દાદા રહે છે. રાહુલના પિતા શિક્ષક છે જેમની માસિક આવક ₹ 15000 છે. તેના દાદા વકીલ છે જેઓની માસિક આવક ₹ 20000 છે. કુટુંબની કુલ આવક ₹ 35000 છે, કુટુંબમાં કુલ 5 સભ્યો છે તો માથાદીઠ આવક (35000 ÷ 5 =) ₹ 7000 થાય.
- **રાષ્ટ્રીય આવક:** વર્ષ દરમ્યાન દેશમાં ખેતી, ઉદ્યોગ અને સેવા ક્ષેત્રે ઉત્પન્ન થયેલ વસ્તુઓ અને સેવાઓના નાણાંકીય મૂલ્યના સરવાળાને રાષ્ટ્રીય આવક કહે છે. ટૂંકમાં દેશની કુલ આવકને રાષ્ટ્રીય આવક કહે છે.

**માથાદીઠ આવક**
**Per Capita Income**



**કોષ્ટક-1**

**છેલ્લા વર્ષોમાં ભારતની માથાદીઠ આવકમાં થયેલા ફેરફાર**

| વર્ષ | વર્તમાન/ચાલુ કિંમત ₹ માં | સ્થિર કિંમત ₹ માં |
|---|---|---|
| 2011-12 | 63.326 | 64.316 |
| 2012-13 | 71.593 | 66.344 |
| 2013-14 | 80.388 | 69.959 |
| 2014-15 | 88.533 | 74.193 |

**કોષ્ટક-2**

| દેશ | રાષ્ટ્રીય આવકનો વાર્ષિક ટકાવારી વૃદ્ધિ-દર (2014) |
|---|---|
| નોર્વે | 2.2 |
| અમેરિકા | 2.4 |
| શ્રીલંકા | 4.2 |
| ચીન | 7.3 |
| ભારત | 7.3 |
| પાકિસ્તાન | 4.7 |

- કોષ્ટક-1 મુજબ ભારતની માથાદીઠ આવક દર વર્ષે વધી રહી છે.
- કોષ્ટક-2 મુજબ ભારતનો રાષ્ટ્રીય આવકનો વૃદ્ધિદર ઊંચો છે.

આમ, આજે ભારત વિશ્વમાં ઝડપથી વિકાસ પામતા અર્થતંત્રમાં ગણાય છે.

## Economic Development - આર્થિક વિકાસ

જે દેશની વસતિની સુખાકારીમાં ઉત્તરોત્તર વધારો કે સુધારો થતો હોય તેમજ દેશની વધતી જતી વસતિના પ્રમાણમાં ઉત્પાદન અને માથાદીઠ આવક પણ વધતાં હોય તેને આર્થિક વિકાસ કહે છે.

- વિકસિત દેશ અને વિકાસશીલ દેશનાં લક્ષણો

### વિકસિત દેશનાં લક્ષણો

- ઊંચું જીવન ધોરણ
- મહત્તમ આવક
- મહત્તમ સંસાધનો
- GDP નો ઊંચો દર
- ગૂનાઓનું પ્રમાણ ઓછું
- આધુનિક ટેક્નોલૉજી
- નીચો બાળમૃત્યુ દર
- સારું સ્વાસ્થ્ય



જર્મની, અમેરિકા, ઈંગ્લેન્ડ, સિંગાપોર, જાપાન, ફીનલેન્ડ, ફ્રાંસ, બેલ્જિયમ, ડેનમાર્ક, સ્વિટ્ઝર્લેન્ડ, ઓસ્ટ્રેલિયા વગેરે

### વિકાસશીલ દેશનાં લક્ષણો

- ગરીબીનું ઊંચું પ્રમાણ
- નીચું જીવન ધોરણ
- ટેક્નોલૉજીનો ઓછો ઉપયોગ
- નીચી આવક
- વસતિ વધારો
- મર્યાદિત સંસાધનો
- બાળમજૂરીનું વધુ પ્રમાણ



ભારત, ઈજિપ્ત, પાકિસ્તાન, ઈથોપિયા, ઈરાક, તુર્કી, દક્ષિણ આફ્રિકા, નેપાળ, શ્રીલંકા, ભૂતાન વગેરે

## Sustainable Development - ટકાઉ (સુપોષિત) વિકાસ



- ભાવિ પેઢીની જરૂરિયાતો પૂરી પાડવાની ક્ષમતાને નુકસાન પહોંચાડ્યા સિવાય વર્તમાન પેઢીની જરૂરિયાતો સંતોષવી એટલે સુપોષિત ટકાઉ વિકાસ.
- પર્યાવરણીય સંસાધનોની જાળવણી
- આવનાર પેઢી માટે પૃથ્વીને શુદ્ધ અને પ્રદૂષણમુક્ત છોડી જવી.

## Imports / Exports of India - આયાત / નિકાસ




- **ભારતની નિકાસ (Export):**

  ભારતમાં ઉત્પાદિત થતી ચીજવસ્તુઓ / સેવાઓને બીજા દેશમાં મોકલવામાં આવે તેને નિકાસ કહે છે. જેમ કે, કૃષિ પેદાશો (અનાજ-કઠોળ વગેરે), કોલસો, કેટલીક ખનીજો, દવાઓ, રિફાઈન્ડ ઑઈલ તથા સૅટેલાઈટ ઉપગ્રહની સેવાઓ વગેરે...


પેટ્રોલિયમ પેદાશ


હીરા


ક્રુડ ઑઈલ


ઓટોમોબાઈલ


મશીનરી


દવાઓ


અનાજ


બાયોકેમિકલ

- **ભારતની આયાત (Import)**

વિદેશમાં ઉત્પાદિત થતી ચીજવસ્તુઓ સેવાઓ ભારત દેશમાં મેળવવામાં આવે તેને આયાત કહે છે. જેમકે ક્રુડ ઓઇલ, મૂલ્યવાન પથ્થર, ઇલેક્ટ્રોનિક આઇટમ્સ, મશીનરી વગેરે...

## Basic Concepts of Economics - અર્થશાસ્ત્રના પાયાના ખ્યાલો

- **સામાન્યતઃ** 'અર્થ' એટલે નાણું, ચલણ, પૈસા, રૂપિયા
- કશુંક મેળવવાની અપેક્ષા સાથે થતી પ્રવૃત્તિ એ અર્થપૂર્ણ/આર્થિક પ્રવૃત્તિ છે.

  **વ્યાખ્યાઃ** "મનુષ્યની વૃત્તિ અર્થ છે. આ ભૂમિ અર્થ છે, તેવી પૃથ્વીના લાભ પાલનના ઉપાયો દર્શાવતું શાસ્ત્ર એટલે અર્થશાસ્ત્ર" - ચાણક્ય
- આપણી સંસ્કૃતિમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચાર મુખ્ય કર્મો (પુરુષાર્થ) દર્શાવ્યા છે. જેમાં 'અર્થ' એ અર્થશાસ્ત્ર સંબંધિત બાબત છે.
- અર્થ એટલે નાણું અને શાસ્ત્ર એટલે પદ્ધતિસરનું જ્ઞાન.
- માનવી એક બુદ્ધિશાળી પ્રાણી છે. માનવીએ પોતાનું જીવન સુખમય-સરળ રીતે ચાલે તે માટે અને પોતાના જીવનમાં ઉદ્ભવતા પ્રશ્નોને ઉકેલવા માટે જુદા જુદા શાસ્ત્રોની રચના કરી. જેના દ્વારા તે તમામ પ્રશ્નોને ઉકેલવા લાગ્યો. તેમાં સમાજ વ્યવસ્થા, રાજ વ્યવસ્થા અને અર્થ વ્યવસ્થાનો સમાવેશ થાય છે.
- આપણી આજુબાજુ ઘણી બધી આર્થિક પ્રવૃત્તિ થતી હોય છે. નાણાંકીય અપેક્ષાથી કરવામાં આવતી પ્રવૃતિને આર્થિક પ્રવૃત્તિ કહે છે. ઉ.દા. દરજીકામ, લુહારકામ, સુથારીકામ, વકીલ વગેરે....



- પ્રવર્તમાન સમયમાં મહત્તમ પ્રવૃતિઓ આર્થિક હોય છે એટલે નાણાં દ્વારા જ વસ્તુની લેવડ દેવડ થતી હોય છે. દરેક વ્યક્તિએ પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા આર્થિક ઉપાર્જન કરવું અનિવાર્ય થાય છે. આ માટે નાણાંના પદ્ધતિસરના ઉપયોજનનું જ્ઞાન હોવું જરૂરી છે.




- **પ્રાથમિક ક્ષેત્ર: (Primary Sector)**

  આ ક્ષેત્રમાં એવા વ્યવસાય આવેલા છે કે જે માનવની પ્રાથમિક જરૂરિયાતો પૂરી પાડે છે.


ખેતી


ખાણ


જંગલની પેદાશોનું કામ


મત્સ્ય ઉદ્યોગ


પશુ સંવર્ધન

- **દ્વિતીય ક્ષેત્ર: (Secondary Sector)**

  આ ક્ષેત્રમાં એવા ઉદ્યોગો આવેલા છે જેમાં યંત્રો, ઓજારો અને માનવશ્રમની મદદથી એક પ્રકારના પદાર્થોનું રૂપાંતર બીજા પ્રકારના પદાર્થોમાં કરવામાં આવે છે. જેમ કે, વિવિધ ઉદ્યોગો...


ઑટોમોબાઈલ


ટેક્ષટાઈલ


બાંધકામ

- **તૃતીય ક્ષેત્ર: (Service / Tertiary Sector)**

  આ ક્ષેત્રમાં અનેકવિધ સેવાઓ (શિક્ષણ, મનોરંજન, વીમા, વાહન વ્યવહાર, માહિતી, બેંકિંગ વગેરે જેવી અભૌતિક બાબતો)નો સમાવેશ થાય છે.



મનોરંજન




વીમા



વાહન વ્યવહાર



માહિતી




બેંકિંગ

- **આર્થિક વ્યવસ્થા:** જેમ એક વ્યક્તિ પોતાનાં નાણાંનું પદ્ધતિસરનું ઉપયોજન કરે છે, તેવી જ રીતે દેશ પણ પોતાના નાણાંનું આયોજન અને ઉપયોજન કરે છે. અર્થશાસ્ત્રની ભાષામાં તેને આર્થિક વ્યવસ્થા કહે છે.

  દરેક દેશ ખેતી, ઉદ્યોગ અને સેવાક્ષેત્રમાંથી જુદી જુદી રીતે આવક પ્રાપ્ત કરે છે અને પ્રાપ્ત થયેલ આવકને જુદાં જુદાં ક્ષેત્રો માટે ખર્ચ પણ કરે છે. જેમકે ખેતી, ઉદ્યોગ, વિદેશ વ્યાપાર, સંરક્ષણ, ગ્રામીણ વિકાસ, સ્વાસ્થ્ય સેવા, પર્યાવરણ, ઊર્જા, શિક્ષણ વગેરે...



ખેતી



ઉદ્યોગ




સેવાક્ષેત્ર

## રોજીંદા વ્યવહારમાં વપરાતા શબ્દોના અર્થ

- **કિંમત (Price):** કિંમત એટલે વસ્તુ કે સેવાના બદલામાં ચૂકવવામાં આવતા નાણાનું પ્રમાણ.

  **દા.ત.** એક પેનની કિંમત ₹10 છે. અહીં ₹10 એ કિંમત છે.

  હાલમાં સિક્કાઓ અને વિવિધ રકમની નોટો ચલણમાં છે. જે કિંમત તરીકે ચૂકવવામાં આવે છે.



- **મૂલ્ય (Value) :** મૂલ્ય એટલે એક વસ્તુ કે સેવાનું અન્ય વસ્તુના પ્રમાણમાં તેનું વિનિમય મૂલ્ય.

  **દા.ત.** 1 કિલો ઘઉંના બદલામાં કેટલા પ્રમાણમાં ચોખા મળશે? તે ઘઉંનું વિનિમય મૂલ્ય દર્શાવે છે. જેમકે, 1 કિલો ઘઉંની કિંમત ₹ 20 છે, ચોખા 1 કિલોના ₹ 80 છે. તો અહીં 1 કિલો ઘઉંના બદલામાં – 250 ગ્રામ ચોખા મળે છે, તો તે ઘઉંનું મૂલ્ય ગણાય.




- **વસ્તુ (Goods):** જે ભૌતિક બાબતો દ્વારા વ્યક્તિ પોતાની જરૂરિયાતો સંતોષે છે, તેને વસ્તુ કહી શકાય. જેમ કે કપડાં, ટી.વી., કાર, સોનું, જ્વેલરી વગેરે..


- **સેવાઓ (Service):** જે અભૌતિક બાબતો દ્વારા વ્યક્તિ પોતાની જરૂરિયાતો સંતોષે છે, તેને સેવાઓ કહી શકાય. જેમકે, શિક્ષણનું કાર્ય કે સેવા, ડૉક્ટરની સેવા, બેન્કિંગ સેવાઓ તેમજ મોબાઈલ સેવાઓ વગેરે...

- **માંગ (Demand):** કોઈ એક ચોક્કસ સમયગાળામાં અને ચોક્કસ કિંમતે ગ્રાહકની વસ્તુ કે સેવા ખરીદવાની ઇચ્છા, શક્તિ અને નાણાં ચૂકવવાની તૈયારીને તે વસ્તુ કે સેવાની માંગ કહે છે. દા.ત. વર્ષ 2016માં ₹ 20 ના એક કિલો લેખે દેશના લોકો 80 કરોડ ટન ઘઉં ખરીદવાની ઇચ્છા, શક્તિ અને નાણાં ચૂકવવાની તૈયારી દર્શાવે તેને ઘઉંની માંગ કહે છે. ચોમાસાની ઋતુમાં છત્રીની માંગમાં વધારો થાય છે. આમ, ઋતુ કે સંજોગો અનુસાર માંગમાં વધ-ઘટ થયા કરે છે.




- **પુરવઠો (Supply) :** કોઈ એક ચોક્કસ સમયગાળામાં અને ચોક્કસ કિંમતે ઉત્પાદક (કંપની કે વેપારીઓ) ઉત્પાદનનો જે ભાગ વેચવાની ઇચ્છા, શક્તિ અને તૈયારી દર્શાવે તેને તે વસ્તુનો પુરવઠો કહે છે.

  દા.ત. બજાજ કંપનીએ વર્ષ 2016માં 10,000 નંગ બાઈકનું ઉત્પાદન કર્યું, પરંતુ તે તેમાંથી 8,000 બાઈક ₹ 45,000ના એક લેખે વેચવા બજારમાં લાવે તો 8,000 બાઈક વેચવાની તૈયારી તેનો પુરવઠો કહેવાય.




- **પાયાની સુવિધાઓ (Basic Facilities) :** દેશના વિકાસ માટે જરૂરી મૂળભૂત સગવડોને પાયાની સુવિધા કહે છે.


  જેમકે, રોડ-રસ્તા, પાણી, વીજળી, સફાઈ, શિક્ષણ, બેન્કિંગ, વાહન-વ્યવહાર વગેરે...


- **વસતિ (Population)** : દેશની કુલ જનસંખ્યાને દેશની વસતિ કહે છે. દેશની વસતિ ગણતરી દર 10 વર્ષના અંતે કરવામાં આવે છે. હાલ ભારત, ચીન, યુ.એસ.એ. અને ઇન્ડોનેશિયા સૌથી વધુ વસતિ ધરાવતા દેશો છે. ભારતમાં ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર, બિહાર અને પશ્ચિમ બંગાળ રાજ્ય સૌથી વધુ વસતિ ધરાવે છે.
  - વર્ષ 2011માં દેશની વસતિ 121.02 કરોડ હતી.



- **ફુગાવો :**
  - સામાન્ય રીતે સતત વધતી જતી ભાવસપાટીને 'ફુગાવા' તરીકે ઓળખવામાં આવે છે.
  - જો ચીજવસ્તુઓ અને સેવાઓના પુરવઠા (જથ્થા) કરતાં તેમની માંગ સતત વધતી જાય તો અછત ઊભી થાય છે. આવી અછત સતત વધતી રહે અને તેથી ભાવ(કિંમતો) પણ સતત વધતાં રહે તો તેને ફુગાવો કહેવાય છે.
  - એક વખતે શરૂ થયેલો ભાવવધારો અર્થતંત્રનાં બધાં જ ક્ષેત્રોમાં થાય છે.
  - માત્ર એકાદ વસ્તુના ભાવ વધે તો તે ફુગાવો ન કહેવાય પરંતુ બધી જ વસ્તુઓ અને સેવાઓના ભાવ વધતા જાય તો તે ફુગાવો છે તેમ કહી શકાય.

- બજેટ(અંદાજપત્ર) **(Budget)**:
  - **અર્થ:** એક વર્ષના સમયગાળા માટે સરકારની આવક અને ખર્ચ દર્શાવતું નાણાંકીય પત્રક એટલે અંદાજપત્ર
  - **અંદાજપત્રનો સમયગાળો:** 1st April to 31st March નો હોય છે. જોકે, અંદાજપત્રનો સમયગાળો આગામી સમયમાં જાન્યુઆરી થી ડિસેમ્બર કરવાનું સરકાર/નીતિ આયોગ વિચારી રહ્યું છે.
  - દેશનું અંદાજપત્ર ફેબ્રુઆરી માસમાં સરકાર દ્વારા રજૂ થાય છે.
  - વર્ષ દરમિયાન દેશની આવક અને ખર્ચના હિસાબો અંદાજપત્રમાં દર્શાવાય છે.
  - અંદાજપત્ર સામાન્ય રીતે કેન્દ્રના નાણાંમંત્રી સામાન્ય બજેટ સ્વરૂપે રજૂ કરે છે.






## Economic Cycle વ્યાપાર ચક્ર

**અર્થ:** અર્થતંત્રમાં વારાફરતી આવતાં સારાં અને ખરાબ આર્થિક પરિવર્તનો એટલે વ્યાપાર ચક્ર. વારાફરતી આવતાં પરિવર્તનો તબક્કાવાર હોય છે. વ્યાપાર ચક્રના આવા ચાર તબક્કા છે.

**1. તેજી 2. ઓટ 3. મંદી 4. સુધારણા**




**તેજી :**

આ એવો સમયગાળો છે કે જ્યારે અર્થતંત્રમાં તમામ પ્રકારના ધંધા-વ્યાપારમાં વસ્તુઓ અને સેવાઓની ખૂબ માંગ હોય છે. નફાનું પ્રમાણ પણ ઊંચું હોય છે. માટે તે સમયે મૂડી રોકાણ અને રોજગારીનો દર ઊંચો જોવા મળે છે.

દા.ત. સોના ચાંદી તથા જમીન-મકાનના ભાવો વધતા હોવા છતાં ભવિષ્યમાં આનાથી પણ વધશે તેવી ધારણા સાથે વર્તમાનમાં તેની ખૂબ માંગ રહે, તેને તેજીની સ્થિતિ ગણાવી શકાય.

**ઓટ :**

તેજીના સમયની સ્થિતિમાં માંગ, નફો, મૂડીરોકાણ અને રોજગારીમાં જે વધારો થયો હોય છે, તેનું પ્રમાણ ઘટતું જોવા મળે છે અને ધીમે ધીમે અર્થતંત્ર મંદી તરફ જતું હોય છે.

**મંદી :**

આ એવો સમયગાળો છે કે જયારે અર્થતંત્રમાં ધંધા-વ્યાપારમાં વસ્તુઓ અને સેવાઓની કિંમતો ઘટવાનું વલણ હોય. વધુ ભાવ ઘટાડાની આશાએ માંગ પણ ઘટતી જાય છે. આ સ્થિતિ મંદીની છે. અહીં લોકો પાસે નાણું (ખરીદશક્તિ) હોવા છતાં તેઓ ખરીદી કરતા નથી. તેથી માંગના અભાવે મૂડીરોકાણ અને રોજગારીમાં ઘટાડો જોવા મળે છે.

**સુધારણા :**

મંદીના સમયની સ્થિતિ કરતાં હવે અર્થતંત્રમાં માંગ, નફો, મૂડીરોકાણ અને રોજગારીની સ્થિતિમાં ધીમેધીમે વધારો થતો જોવા મળે છે. એ રીતે અર્થતંત્ર સુધારણા અને તેજી તરફ ગતિ કરે છે.

## જાહેર ક્ષેત્ર (Public Sector)




જે કંપનીઓ, સંસ્થાઓ અને વહીવટી સેવાઓ કે માળખું સરકાર દ્વારા સંચાલિત હોય અને જેમાં નફાનો ઉદ્દેશ ન હોય, પરંતુ લોકોની સુવિધા વધારવાનો ધ્યેય હોય તેને જાહેર ક્ષેત્ર તરીકે ઓળખવામાં આવે છે.

**દા.ત.** સરકારી શાળાઓ, સરકારી દવાખાનાં, રેલવે, ઓએનજીસી, જીએસપીસી, લશ્કર, પોલીસ, ન્યાયતંત્ર, જાહેર રસ્તાઓ, પુલ, પાણી પુરવઠો, કેટલીક સરકારી બેંકો વગેરે...

## ખાનગી ક્ષેત્ર (Private Sector)

જે વસ્તુઓ કે સેવાઓ ખાનગી પેઢી કે કંપનીઓ દ્વારા નફાના ઉદ્દેશથી ઉત્પાદન કરી પૂરી પાડવામાં આવતી હોય તેને ખાનગી ક્ષેત્ર કહેવામાં આવે છે. દા.ત. તૈયાર કપડાં, ટ્રાવેલ્સ સેવાઓ, ઘર વપરાશની વસ્તુઓ, ખાનગી હૉસ્પિટલો, ખાનગી બેંકો વગેરે...




## સંયુક્ત ક્ષેત્ર (Joint Sector)

વસ્તુઓ કે સેવાઓ પૂરી પાડતી જે કંપનીઓ કે સંસ્થાઓનું સંચાલન જાહેર (સરકારી) ક્ષેત્ર અને ખાનગી કંપનીઓ બંને દ્વારા થતું હોય તેને સંયુક્ત ક્ષેત્ર તરીકે ઓળખવામાં આવે છે. દા.ત. ઈન્ડિયન પેટ્રોકેમિકલ્સ કોર્પોરેશન લિમિટેડ, હિન્દુસ્તાન પેટ્રોકેમિકલ્સ લિમિટેડ




## સહકારી ક્ષેત્ર (Co-operative Sector):

- જ્યારે લોકો ભેગા મળીને મંડળી કે સંઘ બનાવી ઉત્પાદન કે વેચાણની પ્રક્રિયા હાથ ધરે છે ત્યારે એકબીજાના સહકારથી શરૂ થયેલા આવા ઉદ્યોગો તથા એકમો સહકારી ક્ષેત્રના છે એમ ગણાય છે. દા.ત. દૂધની ડેરી (અમુલ દૂધ ડેરી), ખાંડનાં કારખાનાં.
- દેશમાં બધી જ વ્યક્તિઓ આર્થિક રીતે સમૃદ્ધ હોતી નથી. તેથી તેઓ ઉદ્યોગ શરૂ ન કરી શકે. આવા લોકો ભેગા મળીને મંડળી કે સંઘ બનાવી ઉત્પાદન - વેચાણ કરતા હોય છે.




## વિનિમય દર (Exchange Rate)

બે દેશો વચ્ચેના ચીજવસ્તુઓ અને સેવાઓના લેવડ-દેવડ માટેના દરને વિનિમય દર કહે છે. એક દેશના ચલણને બીજા દેશના ચલણ સાથે રૂપાંતર કરવાના દરને વિનિમય દર કહે છે.
**દા.ત.** ભારતના 65 રૂપિયા – અમેરિકાના **1** ડૉલર



## વિદેશી હુંડિયામણ/ચલણ

- સ્થાનિક ભાષામાં આપણે જેને રૂપિયો કે પૈસા કહીએ છીએ તેને 'ચલણ' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- બીજા દેશનું ચલણ આપણે કેવી રીતે મેળવી શકીએ?
- આપણા દેશમાંથી વસ્તુઓ કે સેવાઓની બીજા દેશમાં નિકાસ કરી, તેની કમાણી કરીને બીજા દેશનું ચલણ મેળવવામાં આવે છે.
  અર્થ : જે દરે એક ચલણનું બીજા દેશના ચલણમાં રૂપાંતર થાય તેને વિદેશી હુંડિયામણ દર કહેવાય છે.
  દા.ત. 1 ડોલર = 65 રૂપિયા
- વિદેશી ચલણની માંગ અને તેના પુરવઠા દ્વારા વિદેશી ચલણની કિંમત નક્કી થાય છે.



## મોંઘવારી દર :

- સરકાર દ્વારા ચોક્કસ ધોરણોને અનુસરીને મોંઘવારીનો દર નક્કી કરવામાં આવે છે.
- દૈનિક જીવનમાં વપરાશમાં આવતી વસ્તુઓના જથ્થાબંધ ભાવની ગણતરી કરીને મોંઘવારી વધી છે કે ઘટી છે તે અંદાજ કાઢવામાં આવે છે તેને આધારે મોંઘવારીના દર નક્કી થાય છે.
- મોંઘવારીના દર પ્રતિમાસ નક્કી થાય છે.

## ચીજવસ્તુ અને સેવા કર GST (Goods and Service Tax)

- આ એક પરોક્ષ વેરાનું સ્વરૂપ છે. જેમાં અસ્તિત્વ ધરાવતા ઘણાબધા વેરાઓનો સમાવેશ કરી એક જ કર પ્રણાલી સ્થાપવામાં આવે છે. જેમાં તમામ વસ્તુઓ તથા તમામ પ્રકારની સેવાઓને આવરી લેવામાં આવે છે.
- GST એક એવો પરોક્ષ કર છે જે એક દેશ, એક કર પ્રણાલી અને એક બજાર વ્યવસ્થાનું નિર્માણ કરે છે.
- કેટલાક દેશોમાં ડબલ GST છે, એટલે કે કેન્દ્ર અને રાજ્ય બન્નેના કર ઉમેરવાની પ્રથા હોય છે. જેમ કે બ્રાઝીલ, કેનેડા વગેરે.
- ભારતે કેનેડાની પ્રથાને અનુસરીને GST લાગુ કરેલ છે.
- સૌ પ્રથમ ફ્રાન્સે GST અમલ કરેલ (1954). અત્યાર સુધીમાં વિશ્વના 140 થી વધુ દેશોમાં GST નો અમલ થયેલ છે.

## કયા દેશે ક્યારે GST સિસ્ટમ લાગુ કરી

| દેશ | GST ક્યારે અમલમાં | દેશ | GST ક્યારે અમલમાં |
|---|---|---|---|
| ફ્રાન્સ | 1954 | કેનેડા | 1991 |
| જર્મની | 1968 | રશિયા | 1991 |
| સ્વીડન | 1969 | ચીન | 1994 |
| બ્રિટન (યુ.કે.) | 1973 | સિંગાપોર | 1994 |
| ન્યુઝીલેન્ડ | 1986 | ઑસ્ટ્રેલિયા | 2000 |
| જાપાન | 1989 | મલેશિયા | 2015 |
| પાકિસ્તાન | 1990 | ભારત | 2017 |

આ કર પ્રણાલીમાં દેશભરમાં માત્ર એક જ સમાનવેરો લાદવામાં આવે છે. ભારતમાં આ કરપ્રણાલી 1 જુલાઈ, 2017 થી લાગુ કરવામાં આવેલ છે.




**GSTની અસર:**

સમગ્ર દેશમાં વસ્તુઓ અને સેવાઓ પર એક જ ટેક્ષ લાગુ થવાથી કેટલીક વસ્તુ-સેવાઓ સસ્તી થશે. સરકારની ટેક્ષની આવક વધશે. જી.ડી.પી.માં 2% જેટલો વધારો થવાનો અંદાજ છે અને ટેક્ષ ચોરીમાં ઘટાડો થશે. તેનાથી કેન્દ્ર-રાજ્ય સરકારના 18 પ્રકારના અલગ અલગ ટેક્ષ નાબૂદ થઈ ગયા છે.

**GSTના પ્રકાર:**

1. SGST: રાજ્યોને લગતા કર (સ્ટેટ GST)
2. CGST: કેન્દ્રને લગતાં કર (સેન્ટ્રલ GST)
3. IGST: આંતરરાજ્યને લગતા કર (ઈન્ટરસ્ટેટ GST)

- જૂના કર જેવા કે વેટ અને વેચાણવેરામાં ખરીદી અને વેચાણના વ્યવહાર પર વેરો લાગતો હતો, જ્યારે GSTમાં માલ અને સેવાઓના સપ્લાય ઉપર વેરો લાગે.
- GST ના સંદર્ભમાં સપ્લાય એટલે વેચાણ, ટ્રાન્સફર, બાર્ટર (વિનિમય), એક્ષચેન્જ, લાયસન્સ, લીઝ, ભાડે આપવું કે કોઈપણ રીતે માલ કે સેવાઓના અવેજના બદલામાં ધંધા દરમિયાન કે ધંધાના વિકાસ માટે નિકાલ કરવો.




## જકાત (Custom Dulies)

**જકાત એટલે એક પ્રકારનો કર. (ટેક્સ કે વેરો)**

જ્યારે દેશની પેઢીઓ કે કંપનીઓ વિદેશમાં વસ્તુ કે સેવાઓની નિકાસ કરે કે વિદેશમાંથી આયાત કરે ત્યારે તેના પર જે કર (ટેક્સ) લેવામાં આવે તેને જકાત કહે છે.




**દા.ત.** અમેરિકામાંથી એપલ (i-Phone) મોબાઈલની આયાત થાય ત્યારે તેની કિંમત ₹ 40000 હોય, પરંતુ તેના પર સરકાર 15% કર વસુલ કરે તો તેની કિંમત ₹ 46000 થાય.. આમ અહીં ₹ 6000 એ જકાત ગણાય.. (જેને ઈમ્પોર્ટ ડ્યૂટી પણ કહે છે.)




જો કે, દેશની અંદર પણ વિવિધ જકાત હતી.. જેમકે, એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં વસ્તુ કે સેવાઓની હેરફેર ઉપર જકાત હતી. તેમજ એક રાજ્યમાં પણ નગરપાલિકા કે મહાનગરપાલિકાઓમાં જકાત હતી. (જો કે GST લાગુ થવાથી રાજ્યોની જકાત નીકળી ગઈ છે.)

- **મહેસુલ (Revenue):** મહેસુલ એક પ્રકારનો ટેક્ષ (કર) છે, જે સરકાર દ્વારા જમીન ઉપર વસૂલ કરવામાં આવે છે.

## કુલ આંતરિક (ઘરેલું) ઉત્પાદન GDP (Gross Domestic Product)

એક વર્ષમાં દેશની સરહદમાં દેશના અને વિદેશના નાગરિકો દ્વારા અંતિમ વપરાશની વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન થાય તેના બજાર મૂલ્ય (કિંમત)ને કુલ આંતરિક (ઘરેલું) ઉત્પાદન (GDP) કહે છે. જેમકે, અસંખ્ય વસ્તુઓ અને સેવાઓનું એક વર્ષમાં ઉત્પાદન મૂલ્ય માનો કે, ₹ 2500 કરોડ થાય, તો તે GDP કહેવાય.

## કુલ રાષ્ટ્રીય પેદાશ GNP (Gross National Product)

એક વર્ષમાં દેશના જ નાગરિકો દ્વારા અંતિમ વપરાશની વસ્તુઓ-સેવાઓનું ઉત્પાદન કરેલ હોય તેના બજાર મૂલ્ય (કિંમત)ને કુલ રાષ્ટ્રીય પેદાશ (GNP) કહે છે. તેને કુલ રાષ્ટ્રીય ઉત્પાદન પણ કહે છે.

## વિમૂડીકરણ (ડિસઈન્વેસ્ટમેન્ટ) Disinvestment

જાહેર ક્ષેત્રના ઉદ્યોગોમાંથી રાજ્ય પોતાનો ફાળો ઓછો કરીને કે પાછો ખેંચીને ખાનગી ક્ષેત્રને વેચે છે. આમ, રાજ્ય જાહેર ક્ષેત્રના ઉદ્યોગોમાંથી પોતાની મૂડી પાછી ખેંચે છે, જેને વિમૂડીકરણ કહે છે.

## નીતિ (NITI)આયોગ National Institution for Transforming India

- નીતિ આયોગની સ્થાપના 1 જાન્યુઆરી 2015ના રોજ થયેલ છે. તેના ચેરમેન વડાપ્રધાન હોય છે.
- સરકારની નીતિ(પોલિસી) ઘડવા માટે વિચારકો, બુદ્ધિજીવીઓની આ સમિતિ છે.
- **ઉદ્દેશ્ય:** રાજ્ય સરકારોના સહયોગથી ભાગીદારીથી આર્થિક નીતિઓનું ઘડતર-નિર્માણ કરવાની પ્રક્રિયા હાથ ધરવી.
- સૌ પ્રથમ તેની બેઠક 8 ફેબ્રુઆરી 2015ના રોજ વડાપ્રધાનની અધ્યક્ષતામાં થયેલ. જેમાં આયોજન પંચના પૂર્વ ચેરમેન્સ, સભ્યો તેમજ દરેક રાજ્યના મુખ્યમંત્રીઓ તથા અર્થશાસ્ત્રીઓ અને કેન્દ્રશાસિત પ્રદેશોના ગવર્નર્સ હતા.

1951માં દેશના વિકાસ માટેની વ્યૂહરચના ઘડવા માટે આયોજન પંચની રચના કરવામાં આવેલ. જે 31 જાન્યુઆરી, 2015 સુધી કાર્યરત હતું. ત્યારબાદ તેનું નામ અને માળખામાં ફેરફારો કરીને હવે તેને નીતિ આયોગ તરીકે ઓળખવામાં આવશે. જે આર્થિક નીતિઓના ઘડતર અને અમલીકરણની કામગીરી પર દેખરેખ રાખશે.

## ડિજિટલ ઈન્ડિયા Digital India




- ડિજિટલ ઈન્ડિયા યોજનાનો પ્રારંભ 1 જુલાઈ, 2015થી થયેલ છે.
- ગામડાંથી શહેર સુધી ભારતમાં ડિજિટલ ક્રાંતિ લાવવાના વિચારથી આ અભિયાન શરૂ કરેલ છે.
- આ યોજના સાથે બીજી યોજનાઓ જોડાયેલ છે. જેમ કે, ડિજિટલ લોકર, ઈ સ્વાસ્થ્ય, ઈ શિક્ષા, રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ, ડિજિટલ સિગ્નેચર, ઈન્ટરનેટ અને વાઈ-ફાઈની વ્યાપકતા વગેરે...
- **લક્ષ્ય:** ભારતમાં કાગળ પરનું વહીવટી કામ ઓછું કરવું અને સરકારી સેવાઓમાં ઈલેક્ટ્રોનિક્સ વ્યવહારોમાં વધારો કરવો.
- **અસર:** આ યોજનાથી સમયની બચત, માનવશ્રમની બચત અને ઝડપી સેવાઓ પ્રાપ્ત થશે.

- **ડિજિટલ ઈન્ડિયાની આવશ્યક બાબતો :**
  - ♦ ઈન્ટરનેટ, ડિજિટલ સાક્ષરતા અને કમ્પ્યુટર સંબંધિત કે અન્ય ઈલેક્ટ્રોનિક્સ ઉપકરણો સંબંધિત જાણકારી
- **ત્રણ મહત્ત્વની બાબતો**
  - ♦ ડિજિટલ સંરચના (માળખા)નું નિર્માણ,
  - ♦ ડિજિટલ સાક્ષરતા,
  - ♦ ડિજિટલ સેવાઓ 2019 સુધીમાં આ લક્ષ્યાંક પૂર્ણ કરવાનું આયોજન છે.

## ઈ-કોમર્સ (ઈલેક્ટ્રોનિક્સ કે આધુનિક વ્યાપાર) E-commerce







- ઈ-કોમર્સ (e-commerce) એટલે કે ઈલેક્ટ્રોનિક્સના ઉપકરણો તેમજ માધ્યમો વડે કરવામાં આવતો વેપાર.
- ઈ-કોમર્સમાં વેપારનાં તમામ પાસાંઓ જેવાં કે જાહેરખબર જોવાનું, માહિતી મેળવવાનું, અન્ય ઉત્પાદનો સાથે સરખામણી કરવાનું, પસંદગી કરવાનું તેમજ પસંદ કરેલ વસ્તુ મેળવવા રૂપિયા ચૂકવવાનું કાર્ય ઈલેક્ટ્રોનિક ઉપકરણો વડે થાય છે.
- આ માટે આંતરજાળ (ઈન્ટરનેટ), કમ્પ્યૂટર નેટવર્ક, ઈ મેઈલ સેવા, બેન્ક ક્રેડિટ કાર્ડ, મોબાઈલ તથા કમ્પ્યૂટર જેવાં ઈલેક્ટ્રોનિક ઉપકરણો અને માધ્યમોનો ઉપયોગ કરવામાં આવે છે.
- ઈ-કોમર્સનો વ્યવહારમાં ઉપયોગ થયા પછી વેપારમાં મોટી ક્રાંતિ આવી છે, તેમજ વેપારમાં અનેકગણી વૃદ્ધિ થઈ છે.
- હાલમાં આપણે બધા ઘેર બેઠાં ખરીદી કરતા થયા છીએ. ઉ.દા. SNAPDEAL, AMAZONE, AMUL ONLINE, FLIPKART, BIG BASKET, FRESH N FRESH જેવી એપ્લીકેશન્સ પરથી ગ્રાહક ઘેર બેઠાં મનગમતી વસ્તુની ખરીદી કરી શકે છે.
- જૂની વસ્તુની લે-વેચ પણ ઘેર બેઠાં OLX એપ્લીકેશન પરથી કરી શકાય છે. વસ્તુની ખરીદીની સાથે સેવાઓ પણ ઘેર બેઠાં મેળવી શકાય છે. ઉદા. OLA CAB, UBER જેવી વાહનવ્યવહારની સેવાઓ વગેરે...

## કેશલેસ અર્થતંત્ર (રોકડ વિહીન અર્થવ્યવસ્થા) Cashless Economy

- કેશ એટલે રોકડ નાણું તથા લેસ એટલે બાદ અથવા ઓછું
- જે અર્થતંત્રમાં વસ્તુની ખરીદી કે અન્ય લેવડ-દેવડમાં રોકડ નાણાંને બદલે અન્ય માધ્યમો દ્વારા ચૂકવણી થતી હોય તેને કેશલેસ અર્થતંત્ર કહે છે.
- દા.ત. બેંક ચેક, ડિમાન્ડ ડ્રાફ્ટ, ઑનલાઈન મની ટ્રાન્સફર(એક ખાતામાંથી બીજા ખાતામાં નાણાંની ચૂકવણી), ક્રેડિટ કાર્ડ તથા નેટ બેંકિંગ, ઈ-વૉલેટ, UPI એપ્સ વગેરે દ્વારા ચૂકવણી.
- દુનિયામાં સૌથી વધારે રોકડ વ્યવહાર ઈન્ડોનેશિયા અને રશિયામાં થાય છે. જ્યારે ભારત ત્રીજા ક્રમે રોકડ વ્યવહારમાં આવે છે.
- ભારતમાં વર્ષ 2016માં 68% નાણાંકીય વ્યવહારો રોકડમાં થયા હતા. જ્યારે બ્રાઝિલ, ચીન, થાઈલેન્ડ જેવા દેશોમાં રોકડનો ઓછો ઉપયોગ થાય છે. સ્વીડન દુનિયાનાં બધા દેશોમાં સૌથી ઓછો રોકડ વ્યવહાર કરે છે.
- હવે ભારત પણ ઓછાં રોકડ નાણાંના (કેશલેસ) વ્યવહારો તરફ આગળ વધી રહ્યું છે. કારણ કે રોકડા નાણાં છાપવાનો ખર્ચ વધી રહ્યો છે. લેવડ-દેવડમાં પણ જોખમ દૂર થાય છે. બેંકો પર ભારણ હળવું બને છે. ભ્રષ્ટાચાર ઓછો થાય છે અને સરકાર બેન્કની આવક વધે છે.
- રોકડનો ઓછો ઉપયોગ કરી તેને બદલે ડેબિટકાર્ડ, ક્રેડિટ કાર્ડ, ઈન્ટરનેટ બેંકિંગ અને મોબાઈલ ફોન એપ મારફતે ડિજિટલ વ્યવહારોનો વધુ ઉપયોગ કરવો જોઈએ.
- કેશલેસ અર્થતંત્રનો ઉદ્દેશ ડિજિટલ મૉડનો વધુને વધુ ઉપયોગ કરવો અને રોકડ વ્યવહારોનો ઓછામાં ઓછો ઉપયોગ કરવાનો છે.









## એપ્લીકેશન BHIM એપ - Bharat Interface for Money

- આ એક મોબાઈલ એપ્લીકેશન છે. જે મોબાઈલ દ્વારા નાણાં ટ્રાન્સફર કરવા (લેવડ-દેવડ) માટે બનાવવામાં આવેલ છે. આ એપ નેશનલ પૅમેન્ટ કોર્પોરેશન ઑફ ઈન્ડિયાએ બનાવેલ છે, જે ભારત સરકારની સત્તાવાર એપ્લીકેશન છે. આ એપ ડૉ. બાબાસાહેબ આંબેડકરના નામથી શરૂ કરવામાંઆવેલ છે.

- ♦ **નાણાંનું વિમુદ્રિકરણ (ડિમોનેટાઈઝેશન - Demonetization)**

અર્થતંત્રમાં રહેલું નાણું સરકાર (રિઝર્વ બેંક) પાછું ખેંચે કે રદ કરે તેને નાણાંનું વિમુદ્રિકરણ કહે છે.

દા.ત. ₹ 1000 અને 500ની ચાલુ ચલણી નોટ પાછી ખેંચવામાં આવી અને તેને સ્થાને નવી ચલણી નોટ આપવામાં આવે છે.




- ♦ **પુનઃમુદ્રિકરણ (રીમોનેટાઈઝેશન - Remonetisation)**

દેશના અર્થતંત્રમાં સરકાર (રિઝર્વ બેંક) નવી ચલણી નોટો બહાર પાડે તેને નાણાંનું પુનઃમુદ્રિકરણ કહે છે. દા.ત. રૂા. 500 અને 2000ની નવી ચલણી નોટો.

- પ્રાચીન સમયમાં રાજાશાહી વખતે રાજાનું શાસન બદલાય ત્યારે તે રાજાના નામે નવું ચલણ બહાર પાડતા. હાલમાં ડુપ્લીકેટ નાણું અર્થતંત્રમાં છે, તેને દૂર કરવા માટે આ પગલું ભરવામાં આવે છે. તેમજ ગેરકાયદેસર (કાળા નાણાં) ને રોકવા માટે પણ આવું પગલું ભરવામાં આવે છે.



- ♦ **કાળુનાણું (Black Money)**

વાસ્તવમાં કોઈ નાણું કાળુનાણું હોતું નથી. પરંતુ નાણું કાયદેસર અને ગેરકાયદેસર હોય છે. જેમાં ચોખ્ખી આવક-જાવકનો હિસાબ મળી રહે તેવું હિસાબી નાણું કાયદેસર નાણું કહેવાય છે. પરંતુ, જે નાણાંનો સ્પષ્ટ હિસાબ ન મળે કે ટેક્ષ ભર્યા વિનાનું નાણું હોય તેને ગેરકાયદેસરનું નાણું કહે છે. સામાન્ય બોલચાલમાં આવા ગેરકાયદેસર નાણાંને કાળુનાણું કહેવાય છે.



## અર્થશાસ્ત્ર અંગેનાં નોંધનીય પ્રકાશનો અને અગત્યની તારીખ (Timeline)

| ક્રમ | પુસ્તકનું નામ | સમયગાળો | લેખક | વિશેષતા |
|---|---|---|---|---|
| 1. | ચાણક્યનું અર્થશાસ્ત્ર | ઈ.સ. પૂર્વેની ત્રીજી સદી | વિષ્ણુગુપ્ત (કૌટિલ્ય) | આ ગ્રંથમાં માનવીની અર્થોપાર્જન કરવાની પ્રવૃત્તિઓ સંબંધિત બાબતોનો ઉલ્લેખ તેમજ અર્થનીતિશાસ્ત્ર અને અર્થવ્યવસ્થાનો સંગમ છે. |
| 2. | Economica | ઈ.સ.ની ચોથી સદી | એરિસ્ટોટલ | આ પુસ્તકમાં આર્થિક વિચારધારા રજૂ થયેલ છે. |
| 3. | ધ વેલ્થ ઑફ નેશન્સ | ઈ.સ. 1776 | એડમ સ્મિથ | વિશ્વમાં સૌ પ્રથમ સ્વતંત્ર અને વૈજ્ઞાનિક ઢબે અર્થશાસ્ત્રનો અભ્યાસ આ પુસ્તક થકી શરૂ થયેલ હોવાથી એડમ સ્મિથને 'આધુનિક અર્થશાસ્ત્રના પિતા' માનવામાં આવે છે. |
| 4. | પ્રિન્સિપલ ઑફ ઈકોનોમિક્સ | ઈ.સ. 1890 | આલ્ફ્રેડ માર્શલ | 'અર્થશાસ્ત્ર કલ્યાણલક્ષી શાસ્ત્ર છે' તથા માનવી ભૌતિક ચીજવસ્તુઓના વપરાશથી કેવી રીતે સુખાકારી મેળવવાનો પ્રયાસ કરે છે, તેનું વિશ્લેષણ આ પુસ્તકમાં છે. |
| 5. | ધ નેચર એન્ડ સિગ્નિફિકન્સ ઑફ ઈકોનોમિક્સ | ઈ.સ. 1921 | પ્રો. લાયોનલ રોબીન્સ | 'અર્થશાસ્ત્ર અછતલક્ષી શાસ્ત્ર છે' તથા માનવીની અમર્યાદિત જરૂરિયાતો સંતોષવા માટે ક્યા સાધનોનો, કેવી રીતે ઉપયોગ કરવો આવી બાબતોનો અભ્યાસ પુસ્તકમાં છે. લેખકે અર્થશાસ્ત્રને વાસ્તવવાદી વિજ્ઞાન તરીકે રજૂ કર્યું છે. |

| ક્રમ | પુસ્તકનું નામ | સમયગાળો | લેખક | વિશેષતા |
|---|---|---|---|---|
| 6. | ધ જનરલ થિયરી ઑફ એમ્પ્લોયમેન્ટ, ઈન્ટરેસ્ટ એન્ડ મની | ઈ.સ. 1936 | જહૉન મેનાર્ડ કેઈન્સ | આ પુસ્તક દ્વારા 1929 ની મહામંદી દૂર કરવા માટેના ઉપાયો દર્શાવેલ હતા, જેનાથી અમેરિકા સહિત દુનિયાના ઘણા દેશો વૈશ્વિક મંદીમાંથી બહાર નીકળી શક્યા હતા. |
| 7. | 'પોવર્ટી એન્ડ ફેમિન' (ગરીબી અને અછત) અભિગમ | ● ઈ.સ. 1972 | પ્રો. ડૉ. અમર્ત્ય સેન | અમર્ત્ય સેનને 'વેલ્ફેર ઈકોનોમિક્સ એન્ડ સોશ્યલ ચોઈસ થિયરી' પર નોબલ પારિતોષિક મળેલ. જેમાં, સમાજના અતિ ગરીબ લોકોની સમસ્યા એવી ખોરાકની તંગી અને તેના ઉકેલ પ્રત્યે ધ્યાન દોરવામાં આવ્યું હતું. |


# ભારતીય બંધારણ



# ભારતીય બંધારણ

**સમાવિષ્ટ મુદ્દાઓ**

- ભારતનું સંવિધાન - આમુખ
- ભારતીય બંધારણની રચના
- મૂળભૂત અધિકારો
- મૂળભૂત ફરજો
- બંધારણની વિશેષતાઓ
- બંધારણની મુખ્ય બાબતો/ જોગવાઈઓ
- કેન્દ્રીય જાહેર સેવા આયોગ **(UPSC)**
- નિયંત્રક- મહાલેખા પરીક્ષક (કેગ) **CAG (Comptroller and Auditro General)**
- ભારતના મહાન્યાયવાદી/ એટર્ની જનરલ **AG (Attroney General)**
- સંસદ
- રાજ્યસભા (ઉપલું ગૃહ - કાયમી ગૃહ)
- લોકસભા (નીચલું ગૃહ - બિનકાયમી ગૃહ)



# પ્રસ્તાવના

ચોક્કસ ભૌગોલિક સીમાઓની અંદર વસેલો માનવ સમુદાય જ્યારે ધર્મ, સંસ્કાર, સંસ્કૃતિ કે અન્ય કોઈ ભૌગોલિક કે ઐતિહાસિક પરિબળને કારણે સાથે જ રહે છે અને એ રીતે એકત્વ પ્રાપ્ત કરે છે, ત્યારે તે પ્રદેશ અને તે ઉપર વસતો માનવસમુદાય સંયુક્ત રીતે રાષ્ટ્ર કે દેશ બને છે. આપણે જાણીએ છીએ કે, 15 ઑગસ્ટ, 1947ના રોજ આપણે બ્રિટીશ શાસન (1858-1947) માંથી આઝાદ થયા. 15 ઑગસ્ટને આપણે આપણા 'સ્વતંત્રતા દિવસ' તરીકે ઉજવીએ છીએ.

ભારતની આઝાદીની સાથે સાથે ભારત વર્ષ પર ભારતના લોકોનું શાસન હોય તે માટે લોકશાહી શાસનની સંકલ્પના સ્વીકારી, ભારતના બંધારણના ઘડતરની પ્રક્રિયા સાથે સાથે ચાલી અને ભારતના બંધારણની રચના પૂર્ણ થતાં બંધારણ સભા દ્વારા 26 નવેમ્બર, 1949ના રોજ સ્વીકાર કરવામાં આવ્યો. આ દિવસને આપણે 'કાયદા દિન' તરીકે ઉજવીએ છીએ. ભારતનું બંધારણ 26 નવેમ્બર, 1949ના રોજ સ્વીકારાયું. તેનો અમલ 26 જાન્યુઆરી, 1950થી કરવામાં આવ્યો અને આ દિવસને આપણે 'પ્રજાસત્તાક દિન' તરીકે ઉજવીએ છીએ. 26 જાન્યુઆરીનો દિવસ એટલા માટે નક્કી કરવામાં આવ્યો કારણ કે, ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસના વર્ષ 1929ના લાહોર અધિવેશનના ઠરાવ મુજબ 26 જાન્યુઆરી, 1930ને 'પૂર્ણ સ્વરાજ દિન' તરીકે ઉજવવામાં આવ્યો હતો. આમ, આ તારીખનું ઐતિહાસિક મહત્ત્વ હોવાના કારણે 26 જાન્યુઆરી, 1950થી આપણે 'પ્રજાસત્તાક દિન'ની ઉજવણી કરીએ છીએ.

'પ્રજાસત્તાક' એટલે પ્રજાનું શાસન-કાયદાનું શાસન, જ્યાં કાયદાઓ રાજવ્યવસ્થાનું ઘડતર, નિયમન અને સંચાલન કરતા હોય. આવા કાયદાઓની દિશા નક્કી કરવા માટેનો પાયારૂપ દસ્તાવેજ એટલે જ દેશનું બંધારણ. આ બંધારણ જે મુજબ કાયદાઓએ વર્તવાનું રહે.

સામાન્ય રીતે કોઈપણ દેશના શાસનને ચલાવવા માટે તૈયાર કરવામાં આવેલ કાયદાઓના વ્યવસ્થિત સંગ્રહને દેશનું 'બંધારણ' કે 'સંવિધાન' કહે છે.

**આમુખ :**

વિધાનમંડળ દ્વારા ઘડાતા કોઈપણ કાયદાની શરૂઆતમાં એ કાયદો કોના દ્વારા ઘડવામાં આવ્યો, ક્યારે ઘડાયો અને કયા હેતુઓ માટે ઘડવામાં આવ્યો, એ દર્શાવતું વક્તવ્ય આમુખ (Preamble) કહેવાય છે. કોઈપણ સંવિધાનના ઉદ્દેશને પ્રગટ કરવા માટે આમુખ રજૂ કરવામાં આવે છે. જેના માધ્યમથી બંધારણનો સાર, અપેક્ષાઓ, ઉદ્દેશ્ય તથા દર્શન પ્રગટ થાય છે. ભારતીય બંધારણના આમુખને વિશ્વના શ્રેષ્ઠ આમુખ પૈકીનું એક માનવામાં આવે છે.

## ભારતનું સંવિધાન

### આમુખ

**અમે ભારતના લોકો ભારતને એક સાર્વભૌમ સમાજવાદી બિનસાંપ્રદાયિક લોકતંત્રાત્મક પ્રજાસત્તાક તરીકે સંસ્થાપિત કરવાનો**

**તથા તેના સર્વ નાગરિકોને:**

**સામાજિક, આર્થિક અને રાજકીય.................ન્યાય**

**વિચાર, અભિવ્યક્તિ, માન્યતા,**

**ધર્મ અને ઉપાસનાની.............................સ્વતંત્રતા**

**દરજ્જા અને તકની..............................સમાનતા**

**પ્રાપ્ત થાય તેમ કરવાનો,**

**અને તેઓ સર્વમાં**

**વ્યક્તિનું ગૌરવ અને રાષ્ટ્રની**

**એકતા અને અખંડતા સુદૃઢ કરે એવી............બંધુતા**

**વિકસાવવાનો**

**ગંભીરતાપૂર્વક સંકલ્પ કરીને**

**અમારી સંવિધાન સભામાં 26 નવેમ્બર, 1949ના રોજ**

**આથી આ સંવિધાન અપનાવી, તેને અધિનિયમિત કરી**

**અમને પોતાને અર્પિત કરીએ છીએ.**

**બંધારણ મુખ્યત્વે બે બાબતોને ધ્યાનમાં રાખી ઘડાયું હશે તેમ તેના આમુખ પરથી જણાય છે :**


(1) ભારતને એક સાર્વભૌમ, સમાજવાદી, ધર્મનિરપેક્ષ, લોકશાહી, પ્રજાસત્તાક રાજ્ય બનાવવાનું અને

(2) એમાં વસતા સૌ નાગરિકોને ન્યાય, સ્વતંત્રતા અને સમાનતાના અધિકારો પ્રાપ્ય બનાવવા તેમજ બંધુત્વની ભાવના થકી માનવીનું ગૌરવ, રાષ્ટ્રીય એકતા અને અખંડિતતા જાળવવી.

## ભારતીય બંધારણની રચના

આપણો દેશ સ્વતંત્ર થયાની સાથે જ બંધારણ સભાની રચના કરવામાં આવી. જોકે બંધારણ સભાએ 9 ડિસેમ્બર,1946થી પોતાનું કાર્ય શરૂ કર્યું હતું જેમાં જવાહરલાલ નહેરુ, ડૉ. રાજેન્દ્ર પ્રસાદ, સરદાર વલ્લભભાઈ પટેલ, મૌલાના આઝાદ, શ્યામાપ્રસાદ મુખર્જી, ડૉ. બાબાસાહેબ આંબેડકર, ક.મા.મુનશી, સરોજીની નાયડુ, વિજયાલક્ષ્મી પંડિત જેવા વિદ્વાન મહાનુભાવોએ બંધારણસભાને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

- ડૉ. રાજેન્દ્ર પ્રસાદને બંધારણ સભાના પ્રમુખ તરીકે ચૂંટવામાં આવ્યા હતા. જેઓ પછીથી ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ બન્યા હતા.
- બંધારણનો ખરડો (Draft) તૈયાર કરવા માટે ખરડા સમિતિ બનાવવામાં આવી હતી, જેના અધ્યક્ષ ડૉ. બાબાસાહેબ આંબેડકર હતા. જેઓને ભારતના બંધારણના જનક (ઘડવૈયા) ગણવામાં આવે છે.
- બંધારણ સભા દ્વારા બંધારણ 2 વર્ષ, 11 માસ અને 18 દિવસમાં પૂર્ણ કરવામાં આવ્યું હતું.
- 26 નવેમ્બર, 1949ના દિવસે 389 પૈકી 284 સભ્યોની સહીથી ભારતના બંધારણને માન્યતા આપવામાં આવી હતી. જેથી 26 નવેમ્બરને 'કાયદા દિન' તરીકે ઉજવવામાં આવે છે. ભારતનું બંધારણ 26 જાન્યુઆરી, 1950થી અમલમાં આવ્યું.
- બંધારણની શરૂઆતમાં કુલ 8 પરિશિષ્ટ(અનુસૂચિ), 22 ભાગ અને 395 કલમો હતી. બંધારણમાં હાલમાં કુલ 12 પરિશિષ્ટ (અનુસૂચિ), 25 ભાગ અને 444 કલમો છે.
- બંધારણમાં સુધારો કરવાની સત્તા સંસદને છે, જે વિવિધ જરૂરી બાબતોને લગતા કાયદાઓ સંસદમાં પસાર કરીને રાષ્ટ્રપતિની મંજૂરી મેળવ્યા બાદ બંધારણમાં સમાવી શકે કે રદ કરી શકે છે.



ડૉ. રાજેન્દ્ર પ્રસાદ
બંધારણ સભાના પ્રમુખ અને ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ



ડૉ. બાબાસાહેબ આંબેડકર
બંધારણની ખરડા સમિતિના અધ્યક્ષ

ભારતનું બંધારણ ઘડતી વખતે દુનિયાના 60 જેટલા દેશોના બંધારણને ધ્યાનમાં લીધેલા હતા. આથી ભારતના બંધારણની મુખ્ય જોગવાઈઓમાં નીચે મુજબના દેશોના બંધારણની અસર જોવા મળે છે.

| ક્રમ | સ્રોત | સ્વીકારાયેલ વિગત |
|---|---|---|
| 1 | બ્રિટન | સંસદીય શાસનપ્રણાલી, કાયદાનું શાસન, કાયદાકીય પ્રક્રિયા, દ્વિ-ગૃહી સંસદ, એકલ નાગરિકતા |
| 2 | અમેરિકા (યુ.એસ.એ.) | આમુખ, મૂળભૂત અધિકારો, ઉપ રાષ્ટ્રપતિ, ન્યાયતંત્ર, ન્યાયાધીશોને દૂર કરવાની પ્રક્રિયા અને રાષ્ટ્રપતિ મહાભિયોગ |
| 3 | આયર્લેન્ડ | રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો |
| 4 | કેનેડા | સશક્ત કેન્દ્ર સાથેનું સમવાયી તંત્ર, રાજ્યપાલની નિમણૂક, કેન્દ્રની અવશિષ્ટ સત્તાઓ |
| 5 | ઓસ્ટ્રેલિયા | સમવર્તી યાદી, સંસદનાં બંને ગૃહોની સંયુક્ત બેઠક |
| 6 | ફ્રાન્સ | ગણતંત્ર અને સ્વતંત્રતા, સમાનતા અને બંધુતાના આદર્શો |
| 7 | દક્ષિણ આફ્રિકા | બંધારણમાં સુધારા કરવાની પ્રક્રિયા, રાજ્યસભાના સભ્યોની ચૂંટણી |
| 8 | જર્મની | કટોકટીના સમયે અમુક મૂળભૂત અધિકારોની મોકૂફી |
| 9 | પૂર્વ સોવિયેટ સંઘ | મૂળભૂત ફરજો, આમુખમાં ન્યાયના સિદ્ધાંતો |
| 10 | જાપાન | કાયદા દ્વારા પ્રસ્થાપિત પ્રક્રિયા |

## મૂળભૂત અધિકારો

આપણા દેશના દરેક નાગરિકને આપણું બંધારણ કેટલાક અધિકાર (હક) આપે છે. મૂળભૂત અધિકારોનો વિચાર અમેરિકાના બંધારણમાંથી લેવામાં આવ્યો છે. ભારતીય બંધારણના અનુચ્છેદ 12 થી 35 માં મૂળભૂત અધિકારોની જોગવાઈ કરવામાં આવી છે. મૂળભૂત અધિકારોના ભાગ-3ને 'મેગ્નાકાર્ટા' તરીકે ઓળખવામાં આવે છે. ભારતના બંધારણમાં શરૂઆતમાં સાત જેટલા મૂળભૂત અધિકારો આપવામાં આવ્યા હતા પરંતુ બંધારણના 44 મા સુધારા (1978) દ્વારા 'મિલકત/સંપત્તિનો અધિકાર' રદ કર્યો. 2002ના 86માં બંધારણીય સુધારો કરીને પ્રાથમિક શિક્ષણના અધિકારને મૂળભૂત અધિકાર તરીકે 2009માં પસાર કર્યો અને એપ્રિલ, 2010થી અમલમાં આવ્યો છે. હવે સાત મૂળભૂત અધિકારો અસ્તિત્વમાં છે.

**(1) સમાનતાનો અધિકાર**

દરેક નાગરિકને કાયદા સમક્ષ રક્ષણ, ધર્મ કે જાતિ આધારિત ભેદભાવ નિષેધ, રોજગારીની સમાન તકો, અસ્પૃશ્યતા નાબૂદી તેમજ પદવીઓની નાબૂદી જેવી સમાનતાનો અધિકાર પ્રાપ્ત થયેલ છે.

(2) **સ્વતંત્રતાનો અધિકાર**

વાણી-અભિવ્યક્તિ, શાંતિપૂર્ણ રીતે અને શસ્ત્રો વિના એકઠા થવાની, સંગઠનો-સહકારી મંડળીઓ રચવાની, સમગ્ર દેશમાં મુક્ત રીતે હરવા-ફરવાની, દેશના કોઈપણ વિસ્તારમાં રહેવા સ્થાયી થવાની તેમજ કોઈપણ વ્યવસાય રોજગાર અને વેપાર કરવાની સ્વતંત્રતાનો અધિકાર પ્રાપ્ત થયેલ છે.

(3) **શોષણ વિરુદ્ધનો અધિકાર**

માનવ દુર્વ્યવહાર, બળપૂર્વક મજૂરી કરાવવી વગેરે પર પ્રતિબંધ તેમજ કારખાનાંઓ વગેરેમાં ૧૪ વર્ષ કે તેથી નાના બાળકો પાસે શ્રમ કરાવવા પરના નિષેધનો અધિકાર પ્રાપ્ત થયેલ છે.

(4) **ધાર્મિક સ્વતંત્રતાનો અધિકાર**

અંતઃકરણપૂર્વક ધર્મ પાળવાની, તેનો પ્રચાર કરવાની, ધાર્મિક કાર્યો તેમજ શૈક્ષણિક સંસ્થાઓના ધાર્મિક શિક્ષણ કે ઉપાસનામાં જોડાવવાની સ્વતંત્રતાનો અધિકાર પ્રાપ્ત થયેલ છે.

(5) **સંસ્કૃતિ અને શૈક્ષણિક અધિકાર**

અલ્પસંખ્યક વર્ગોની ભાષા, લિપિ અને સંસ્કૃતિની સુરક્ષાનો તેમજ તેમને શૈક્ષણિક સંસ્થાઓ સ્થાપવા અને તેને ચલાવવાનો અધિકાર પ્રાપ્ત થયેલ છે.

(6) **બંધારણીય ઉપચારોનો અધિકાર**

મૂળભૂત અધિકારોનું રક્ષણ કરવા માટે પાંચ પ્રકારની રીટને આધારે ઉચ્ચ ન્યાયાલય સુધી જઈ ન્યાય મેળવવાનો અધિકાર પ્રાપ્ત થયેલ છે.

(7) **શિક્ષણનો અધિકાર**

6 થી 14 વર્ષની ઉંમરના દરેક બાળકને નજીકની પ્રાથમિક શાળામાં મફત અને ફરજીયાત શિક્ષણ મેળવવાનો અધિકાર પ્રાપ્ત થયેલ છે.

## મૂળભૂત ફરજો

આપણા બંધારણે આપણને અધિકારો આપ્યા છે તેની સાથે સાથે એક નાગરિક તરીકે આપણે સૌએ પાળવાની ફરજો પણ નક્કી કરવામાં આવી છે. બંધારણમાં ફરજોનો વિચાર ભૂતપૂર્વ સોવિયેટ સંઘ (રશિયા)માંથી લેવામાં આવેલ છે. ભારતીય બંધારણની રચના સમયે આ મૂળભૂત ફરજોનો સમાવેશ કરવામાં આવ્યો ન હતો. પરંતુ બંધારણના 42મા સુધારાથી ભાગ-4 (ક) થી કલમ 51 (ક) તરીકે મૂળભૂત ફરજોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

મૂળભૂત ફરજો અગાઉ 10 હતી પરંતુ વર્ષ 2002માં બંધારણના 86મા સુધારા અન્વયે 11મી ફરજ તરીકે, 'માતા-પિતાએ અથવા વાલીએ 6 વર્ષથી 14 વર્ષ સુધીની વયના પોતાના બાળક અથવા પાલ્યને શિક્ષણની તકો પૂરી પાડવાની ફરજ રહેશે.' તે મૂળભૂત ફરજ દાખલ કરેલ છે.

આપણા દરેક પાઠ્યપુસ્તકના પ્રથમ પાને જેમ 'પ્રતિજ્ઞાપત્ર' હોય છે તેમ બીજા પાને 'મૂળભૂત ફરજો' દર્શાવવામાં આવેલ હોય છે. આપણે સૌએ આ મૂળભૂત ફરજોનું ચૂસ્તપણે પાલન કરવું જોઈએ.

## મૂળભૂત ફરજો

**ભારતીય બંધારણની કલમ-51 (ક) મુજબ ભારતના દરેક નાગરિકની ફરજો નીચે પ્રમાણે છે :**

(ક) સંવિધાનને વફાદાર રહેવાની અને તેના આદર્શો અને સંસ્થાઓનો, રાષ્ટ્રધ્વજનો અને રાષ્ટ્રગીતનો આદર કરવાની;

(ખ) આઝાદી માટેની આપણી રાષ્ટ્રીય લડતને પ્રેરણા આપનારા ઉમદા આદર્શોને હૃદયમાં પ્રતિષ્ઠિત કરવાની અને અનુસરવાની;

(ગ) ભારતમાં સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવાની અને તેમનું રક્ષણ કરવાની;

(ઘ) દેશનું રક્ષણ કરવાની અને રાષ્ટ્રીય સેવા બજાવવાની હાકલ થતાં, તેમ કરવાની;

(ચ) ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા સાંપ્રદાયિક ભેદોથી પર રહીને, ભારતના તમામ લોકોમાં સુમેળ અને સમાન બંધુત્વની ભાવનાની વૃદ્ધિ કરવાની, સ્ત્રીઓના ગૌરવને અપમાનિત કરે તેવા વ્યવહારો ત્યજી દેવાની;

(છ) આપણી સમન્વિત સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું મૂલ્ય સમજી તે જાળવી રાખવાની;

(જ) જંગલો, તળાવો, નદીઓ અને વન્ય પશુપક્ષીઓ સહિત કુદરતી પર્યાવરણનું જતન કરવાની અને તેની સુધારણા કરવાની અને જીવો પ્રત્યે અનુકંપા રાખવાની;

(ઝ) વૈજ્ઞાનિક માનસ, માનવતાવાદ અને જિજ્ઞાસા તથા સુધારણાની ભાવના કેળવવાની;

(ટ) જાહેર મિલકતનું રક્ષણ કરવાની અને હિંસાનો ત્યાગ કરવાની;

(ઠ) રાષ્ટ્ર પુરુષાર્થ અને સિદ્ધિનાં વધુ ને વધુ ઉન્નત સોપાનો ભણી સતત પ્રગતિ કરતું રહે એ માટે વૈયક્તિક અને સામૂહિક પ્રવૃત્તિનાં તમામ ક્ષેત્રે શ્રેષ્ઠતા હાંસલ કરવાનો પ્રયત્ન કરવાની;

(ડ) માતા પિતાએ અથવા વાલીએ 6 વર્ષથી 14 વર્ષ સુધીની વયના પોતાના બાળક અથવા પાલ્યને શિક્ષણની તકો પૂરી પાડવાની ફરજ રહેશે.

## બંધારણની વિશેષતાઓ

**આપણા દેશનું બંધારણ ઘણી રીતે વિશિષ્ટ છે, જેમાંની કેટલીક બાબતો નીચે મુજબ છે:**

- વિશ્વનું સૌથી લાંબુ, સ્પષ્ટ અને લેખિત બંધારણ છે.
- ભારતીય બંધારણ મુજબ સંસદ સર્વોપરી જ્યારે ન્યાયતંત્ર સર્વોચ્ચ છે.
- લોકો દ્વારા ચૂંટાયેલ સરકાર દ્વારા શાસન ચાલે તેવી વ્યવસ્થા છે, જેને લોકશાહી શાસન પદ્ધતિ કહે છે.
- બંધારણના ત્રણ મુખ્ય સ્તંભ નીચે મુજબ છે:

**બંધારણના ત્રણ સ્તંભ**
**Three pillars of the Constitution**

| ધારાસભા (કાયદો ઘડવો) Legislature | કારોબારી (કાયદાનો અમલ) Executive | ન્યાયતંત્ર (તપાસ - ન્યાય અર્થઘટન) Judiciary |
|---|---|---|

- સંસદ કાયદો ઘડવાનું કાર્ય કરે છે, **મંત્રીમંડળ** આ કાયદાઓનો અમલ કરવા/કરાવવાનું કામ કરે છે અને ન્યાયતંત્ર એ આ કાયદાઓનું અર્થઘટન કરવાનું અને ન્યાય આપવાનું કાર્ય કરે છે.
- આપણા દેશમાં સંસદીય શાસન પ્રણાલી છે.
- આ ઉપરાંત નાગરિકતા, કટોકટી, સંઘાત્મક રાજ્યપ્રણાલી, મૂળભૂત અધિકારો, રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો જેવી અન્ય ઘણી મહત્ત્વની વિશેષતાઓ ભારતના બંધારણમાં જોવા મળે છે.

## બંધારણની મુખ્ય બાબતો / જોગવાઈઓ

♦ **લોકશાહી શાસન પદ્ધતિ**

- 18 વર્ષથી વધુ ઉંમરનો દરેક નાગરિક મત આપી શકે છે. ઉપરાંત બંધારણીય જોગવાઈ મુજબ યોગ્યતા ધરાવતો દેશનો કોઈપણ નાગરિક ચૂંટણી લડી શકે છે.
- દેશમાં દર પાંચ વર્ષે ચૂંટણીઓ થાય છે. જેના આધારે રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર રચાય છે.

♦ **ધર્મ નિરપેક્ષતા**

- ભારત એક ધર્મ નિરપેક્ષ (બિનસાંપ્રદાયિક) દેશ છે.
- બિનસાંપ્રદાયિક એટલે દેશનું શાસન કોઈ સંપ્રદાય કે ધર્મની માન્યતાના આધારે ના ચાલે તે.
- દેશના દરેક નાગરિકને પોતાનો ધર્મ પાળવાની, માન્યતા ધરાવવાની અને તેનો પ્રચાર કરવાની સ્વતંત્રતા છે.


♦ **પ્રજાસત્તાક**


- દેશના તમામ પદાધિકારીઓ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ચૂંટાય છે.

- દેશની વ્યવસ્થા માટે બંધારણે પ્રજાસત્તાક લોકશાહી સ્વીકારેલ છે.
- પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ચૂંટણી દ્વારા સત્તા પ્રાપ્ત કરે તેને સરકાર કહેવાય છે.
- ભારત 'સંઘ રાજ્ય' છે. કાયદો બનાવવામાં ભારતમાં કેન્દ્રના, રાજ્યના અને સંયુક્ત વિષયો નક્કી થયેલા છે.
- મૂળભૂત અધિકારોને 'ભારતીય બંધારણનો અંતરાત્મા' કહેવામાં આવે છે. બંધારણ રાજ્ય અને વ્યક્તિઓના અધિકારોની રક્ષા કરે છે.

♦ **ચૂંટણી પંચ**

- કેન્દ્રીય ચૂંટણી પંચ રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, લોકસભા, રાજ્યસભા, વિધાનસભા, વિધાન પરિષદ અને મધ્યસ્થ ચૂંટણીનું આયોજન-સંચાલન કરે છે.
- રાજ્ય ચૂંટણી પંચ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ અને પેટા ચૂંટણીઓનું આયોજન-સંચાલન કરે છે.
- ચૂંટણીની તારીખો જાહેર કરવી, મતદાર ઓળખકાર્ડ અને યાદીઓ બહાર પાડવી, ચૂંટણી પ્રચાર પર દેખરેખ નિયંત્રણ રાખવું જેવી ચૂંટણીને લગતી તમામ કામગીરી ચૂંટણીપંચના કાર્યક્ષેત્રમાં આવે છે.



## કેન્દ્રીય જાહેર સેવા આયોગ (UPSC)

- કેન્દ્રીય જાહેર સેવા આયોગ એ એક કેન્દ્રીય ભરતી સંસ્થા છે. જે ઉચ્ચકક્ષાના સનદી  અધિકારીઓનું ચયન કરે છે.
- આ આયોગ IAS, IPS અને IFS કક્ષાના અધિકારીઓની નિયુક્તિ માટેની પરીક્ષાઓનું આયોજન કરે છે.
- આવી ઉચ્ચકક્ષાની પરીક્ષાઓમાંથી પસંદગી પામનાર અધિકારી કેન્દ્ર તેમજ રાજ્ય સરકારોમાં ફરજ પર મૂકાય છે.
- UPSC એ સ્વતંત્ર ભરતી આયોગ છે, જેના પર સરકારનો હસ્તક્ષેપ હોતો નથી. જેમાં એક અધ્યક્ષ અને તેના કેટલાક સભ્યો હોય છે, જેને  રાષ્ટ્રપતિ નિયુક્ત કરે છે.
- UPSC સનદી સેવાઓમાં નિયુક્તિ ઉપરાંત બઢતી જેવી કામગીરી પણ સંભાળે છે.
- UPSC ની પરીક્ષા આપવા માટેની લઘુતમ શૈક્ષણિક લાયકાત સ્નાતક કક્ષાની હોય છે.

## નિયંત્રક - મહાલેખા પરીક્ષક (કેગ) CAG (Comptroller and Auditor General)

- CAG એ ભારતના સમગ્ર નાણાંકીય તંત્રનું કેન્દ્રીય અને રાજ્ય એમ બંને સ્તરે નિયંત્રણ કરે છે, આથી તેમને ભારતીય બંધારણ મુજબ સૌથી અગત્યના અધિકારી ગણી શકાય.
- CAG નાણાંકીય વહીવટમાં કારોબારીને ધારાકીય અંગની પ્રત્યેક જવાબદારીનું પાલન કરાવે છે. આથી તે સંસદના પ્રતિનિધિ તરીકે વર્તે છે અને તેઓ ફક્ત સંસદને જ જવાબદાર છે.
- રાષ્ટ્રપતિને CAG ની નિમણૂક કરવાની સત્તા છે.

## ભારતના મહાન્યાયવાદી/એટર્ની જનરલ AG (Attorney General)

- એટર્ની જનરલ એ દેશના સર્વોચ્ચ કાયદા અધિકારી છે.
- રાષ્ટ્રપતિ દ્વારા તેમને સોંપાયેલ કાયદા સંબંધિત બાબતોમાં ભારત સરકારને સલાહ આપવી એ તેમની મુખ્ય ભૂમિકા છે.
- આ ઉપરાંત તેઓ ભારત સરકાર તરફથી સર્વોચ્ચ તેમજ વડી અદાલતોમાં રજૂઆત કરવી, ભારત સરકારનું પ્રતિનિધિત્વ કરવું તેમજ બંધારણ દ્વારા કોઈ કાયદા કે રાષ્ટ્રપતિ દ્વારા તેમને સોંપાયેલ કાર્યો અને ફરજોનું વહન કરવું એ તેમની મુખ્ય કામગીરી છે.

## સંસદ

- સંસદ એ દેશની સર્વોચ્ચ ધારાકીય સંસ્થા છે, જેમાં લોકસભા, રાજ્યસભા અને રાષ્ટ્રપતિનો સમાવેશ થાય છે.
- જો કેન્દ્ર અને રાજ્ય વચ્ચે કોઈ વિષયમાં કાયદો ઘડવા બાબતે મતભેદ થાય તો તેનું નિવારણ સંસદ કરે છે.

- માત્ર સંસદ જ રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, વડાપ્રધાન, સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશ તથા CAG ને વિધિસરની પ્રક્રિયા બાદ સત્તા પરથી દૂર કરી શકે છે.
- દેશની નાણાંકીય બાબતો પર અંકુશ મૂકવો, બજેટ મંજૂર કરવું કે નહિ જેવી બાબતો પર સંસદનો અંકુશ હોય છે.

## રાજ્યસભા (ઉપલું ગૃહ - કાયમી ગૃહ)


- હોદ્દાની દૃષ્ટિએ ઉપરાષ્ટ્રપતિ રાજ્યસભાના અધ્યક્ષ બને છે.
- રાજ્યસભા કાયમી ગૃહ છે, તેને ક્યારેય વિસર્જીત કરી શકાતું નથી કે તેને કોઈ બરખાસ્ત પણ કરી શકતું નથી.
- રાજ્યસભામાં દર બે વર્ષે 1/3 સભ્યો તબક્કાવાર ચૂંટાય છે તેથી તેનું એકી સાથે વિસર્જન ન થતું હોવાથી તે કાયમી ગૃહ છે.
- રાજ્યસભાની ચૂંટણી પરોક્ષ રીતે થાય છે એટલે કે તેમાં માત્ર જે-તે રાજ્યના વિધાનસભાના સભ્યો જ મત આપી શકે છે.
- રાજ્યસભામાં ચૂંટાઈને આવનાર સભ્યને સંસદસભ્ય (M.P.) કહેવામાં આવે છે.
- રાજ્યસભાની બેઠક ઓછામાં ઓછી વર્ષમાં બે વાર બોલાવવામાં આવે છે.
- રાજ્યસભાની કુલ સભ્ય સંખ્યા 250 છે.

## લોકસભા (નીચલું ગૃહ - બિનકાયમી ગૃહ)

- લોકસભામાં બહુમતી ધરાવનાર પક્ષની સરકાર રચાય છે.
- લોકસભામાં ચૂંટાઈને આવનાર સભ્યને સંસદસભ્ય (M.P.) કહેવામાં આવે છે, જેઓ મળીને લોકસભાના અધ્યક્ષને ચૂંટે છે.
- લોકસભાનું દર પાંચ વર્ષે વિસર્જન થઈ ફરીથી ચૂંટણી યોજાય છે. તેથી તે બિનકાયમી ગૃહ કહેવાય છે.
- લોકસભાના સભ્યો માટેની ચૂંટણી પ્રત્યક્ષ રીતે દેશના મતદારો દ્વારા થાય છે.
- લોકસભાની કુલ સભ્ય સંખ્યા 545 છે.

આમ, આપણે અહી ભારતના સંવિધાનમાં તેની રચના, આમુખ, મૂળભૂત અધિકારો, મૂળભૂત ફરજો ઉપરાંત બંધારણની વિશેષતાઓ અને મુખ્ય જોગવાઈઓ તેમજ સંસદને લગતી બાબતો અંગે પ્રારંભિક જાણકારી મેળવી.

# ચૂંટણી







# ચૂંટણી

## સમાવિષ્ટ મુદ્દાઓ

- ભારતીય ચૂંટણી- પ્રક્રિયા
- ચૂંટણી પ્રક્રિયા સાથે સંબંધિત કેટલીક વિગતો
  - મતદાન અને મતદાતા
  - મતદાર યાદી
  - મતદાન બુથ
  - મતદાર ઓળખપત્ર (Electroal Photo ID Card -EPIC)
  - મતપત્ર (Ballot Paper)
  - વિજાણું મતદાન યંત્ર (Electronic Voting Machine - EVM)
  - મતદાનની પ્રક્રિયા
  - ચૂંટણીનું જાહેરનામું
  - ચૂંટણી
  - સામાન્ય ચૂંટણી અને પેટા ચૂંટણી
- તમારો મત કઈ રીતે સુનિશ્ચિત કરશો?
- મતદાન મથક
  - મતદાર તરીકે તમે શું કરશો?
  - મતદાન મથકમાં
- યાદ રાખો



# પ્રસ્તાવના

લોકશાહી પદ્ધતિની રાજ્યવ્યવસ્થામાં ચૂંટણી અનિવાર્ય છે. ભારતમાં લોકસભા તેમજ વિવિધ રાજ્યોની વિધાનસભાના સભ્યોની ચૂંટણી પ્રત્યક્ષ પદ્ધતિથી થાય છે. રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ તેમજ રાજ્યસભાના સભ્યોની ચૂંટણીમાં તમામ મતદારો મતદાન કરતા નથી, આમ છતાં ચૂંટાયેલા સભ્યો પ્રત્યક્ષ પદ્ધતિની જેમ જ તેમની ચૂંટણી કરે છે.

નિષ્પક્ષ ચૂંટણી થાય, લોકો સ્વતંત્ર રીતે પોતાનો મત આપી શકે અને સમગ્ર પ્રક્રિયા પારદર્શી રીતે થાય તે માટે ભારતમાં સ્વતંત્ર 'ચૂંટણીપંચ'ની રચના કરવામાં આવી છે. ચૂંટણીની સમગ્ર પ્રક્રિયા ચૂંટણીપંચના હસ્તક હોય છે.

ભારતમાં લોકશાહી સુદૃઢ હોવાથી ચૂંટણી મહાપર્વની જેમ ઉજવાય છે તેમજ આજ સુધી ચૂંટણીનું સંચાલન તટસ્થ રીતે કરવામાં રાષ્ટ્રને સફળતા પણ મળી છે.

## ભારતીય ચૂંટણી -પ્રક્રિયા

ભારત જેવા મોટા દેશમાં સામાન્ય ચૂંટણીઓ યોજવાનું કાર્ય નાનુસૂનું નથી. પ્રવર્તમાન સ્થિતિ જોતાં લોકસભાના 543 સભ્યોની ચૂંટણી કરવામાં આવે છે. ભારતમાં અંદાજીત 81 કરોડથી વધારે મતદાતાઓની નોંધણી કરવામાં આવી છે. આ લોકો પોતાના નિવાસથી શક્ય એટલા નજીકના અંતરે મતદાન કરી શકે એ માટે લગભગ 9,30,000 જેટલાં મતદાન મથકો ઊભાં કરવામાં આવે છે. વર્ષ: 2014માં યોજાયેલ લોકસભાની ચૂંટણીમાં 8,251 ઉમેદવારોએ પોતાનું ભાગ્ય અજમાવ્યું હતું.


ભારતમાં ભૌગોલિક વૈવિધ્ય જોતાં મતદાન મથકો પણ આશ્ચર્ય પમાડે તેવાં સ્થળોએ છે. ખૂબ ઊંચાઈવાળાં ક્ષેત્રો કે જંગલ વિસ્તારો પણ તેમાં સામેલ છે. અંતર વધી જતું હોય તો બહુ નાના જૂથ માટે પણ અલગ મતદાન મથક બનાવવામાં આવે છે. ગુજરાત રાજ્યના ગીરના જંગલ વિસ્તારમાં માત્ર એક મતદાર માટે પણ મતબુથ બનાવવાનું ઉદાહરણ નોંધાયેલ છે.

## ચૂંટણી પ્રક્રિયા સાથે સંબંધિત કેટલીક વિગતો

### મતદાન અને મતદાતા

આપણી ચૂંટણીની પ્રક્રિયામાં મતદાતા ખૂબ જ અગત્યનો છે. મતદાતાઓએ આપેલા મતોથી ચૂંટણીમાં ઊભેલા ઉમેદવારો પૈકી એક ઉમેદવાર ચૂંટાય છે. અઢાર વર્ષ કે તેથી વધુ વય ધરાવતા તમામ પુખ્ત ભારતીય મતદારો સામાન્ય રીતે મતદાતા તરીકે નોંધાય છે. તે સિવાય વિદેશમાં રહેતા ભારતીયો કે જેઓએ ભારતીય નાગરિકત્વ ચાલુ રાખ્યું હોય તે પણ મતદાતા બને છે. ભારતની અદાલતોએ જેને ગંભીર ગુના માટે સજા કરી હોય કે અસ્થિર મગજના હોય તેવા વ્યક્તિઓનું નામ મતદાર યાદીમાંથી બાકાત કરવામાં આવે છે.

### મતદાર યાદી:



કોઈ વિસ્તારમાં નોંધાયેલા મતદારોના નામોની યાદી એટલે મતદાર યાદી. સામાન્ય રીતે કોઈ ચોક્કસ મતદાન મથક પર મતદાન કરવાની વ્યવસ્થા માટે મતદારોની સંકલિત યાદી હોય છે. મતદાર યાદીમાં મતદારનો ફોટો, નામ, મતદાર પુરુષ કે સ્ત્રી અથવા અન્ય જાતિના હોય તે વિગત, ઉંમર, રહેઠાણ, તેમને આપવામાં આવેલ Electroal Photo ID Card (EPIC) ની વિગત સમાવિષ્ટ હોય છે.

મતદાર યાદીનું પ્રકાશન સામાન્ય રીતે જે તે મતવિસ્તારના આધારે થાય છે. જેમકે વિધાનસભાનો મતવિસ્તાર હોય તો તે મતવિસ્તારની મતદાર યાદી તૈયાર થાય છે. એનું નામ પણ રાજ્યની કુલ વિધાનસભાની બેઠકોનો ક્રમ આપીને નક્કી થાય છે. જેમકે ગુજરાત રાજ્યની દહેગામ બેઠકની મતદારયાદી હોય તો ‘34 દહેગામ વિધાનસભા મતવિભાગની મતદાર યાદી’ એમ લખાય છે. ત્યાર પછી મતબુથોની સંખ્યાના આધારે તેના ‘ભાગ નંબર’ આપવામાં આવે છે.

મતદાર યાદી બનાવવા મોટાભાગે નોંધણી કર્મચારી ઘેરઘેર જઈને નોંધણી કરે છે. એ દરમ્યાન જૂની મતદાર યાદીમાંથી મૃત્યુ પામેલા, અન્યત્ર રહેવા ગયેલા કે અન્ય જગ્યાએ નોંધાયેલા મતદારોનાં નામ કમી કરવામાં આવે છે.

અઢાર વર્ષ કે તેથી વધુ વય ધરાવતી વ્યક્તિ પોતાના તાલુકાની મામલતદાર કચેરીની ચૂંટણી શાખામાં જઈ નિયત ફોર્મ ભરીને પોતાનું નામ મતદાર તરીકે નોંધાવી શકે છે.

## મતદાન બુથઃ




સામાન્ય રીતે કોઈ ગામ કે વિસ્તારમાં આવેલ સરકારી મકાનોમાં મતદાન બુથ બનાવાય છે. આવું મકાન ન મળી શકે તો ખાનગી મકાન પણ મતબુથ તરીકે ઉપયોગમાં લઈ શકાય છે. ચૂંટણીના દિવસે મતદારો જે સ્થાને જઈને પોતાનો મત આપે તે સ્થાનને મતદાન બુથ કહેવાય છે.

## મતદાર ઓળખપત્ર (Electroal Photo ID Card -EPIC)



ચૂંટણીપંચ દ્વારા દરેક મતદારને એના ફોટા સાથેનું ઓળખપત્ર આપવામાં આવે છે. આ ઓળખપત્ર પ્રથમ વખત કોઈપણ જાતનો ચાર્જ લીધા વિના કાઢી આપવામાં આવે છે. ચૂંટણી વખતે મતદારે આ કાર્ડ રજૂ કરવાનું હોય છે. આ ઓળખપત્ર ન હોય તો ચૂંટણીપંચે માન્ય કરેલા અન્ય પૂરાવા રજૂ કરવાથી મતદાતા મતદાન કરી શકે છે.

## મતપત્ર (Ballot Paper)

હાલના સંજોગોમાં સામાન્ય રીતે મતપત્રની પ્રથાનો ઉપયોગ ખૂબ ઓછો થાય છે પણ અગાઉ મતપત્રના આધારે જ મતદાન થતું હતું.

## વિજાણું મતદાન યંત્ર (Electronic Voting Machine - EVM)



હાલમાં ભારતમાં ચૂંટણીઓમાં EVMનો વ્યાપક રીતે ઉપયોગ થાય છે. જેમાં મતદારો માત્ર એક બટન દબાવીને પોતાનો મત આપે છે. EVMમાં સામાન્ય રીતે બે યુનિટ હોય છે. આ પૈકી Control Unit (CU) મતદાન અધિકારી પાસે હોય છે જ્યારે Ballot Unit (BU) મતદાન કુટીરમાં રાખવામાં આવે છે. મતદાન અધિકારી CUનું બટન દબાવે ત્યાર પછી BU માં મતદાર પોતાનો મત આપી શકે છે. તાજેતરમાં ચૂંટણી પ્રક્રિયામાં Voter Verifiable Paper Audit Trail (VVPAT) નામનો ત્રીજો ભાગ પણ ઉમેરાયો છે. આ મશીનમાં મતદારે મત આપ્યો હોય તે પ્રિન્ટ થાય છે અને સાત સેકન્ડ સુધી મતદાર તે જોઈ શકે છે. ત્યાર પછી તે કાપલી મશીનની સાથે આપેલા બોક્ષમાં પડી જાય છે.

## મતદાનની પ્રક્રિયા

ભારતનું ચૂંટણી પંચ સંસદ તેમજ રાજ્યના વિધાનગૃહોની ચૂંટણી કરાવે છે. જેની ચૂંટણી થવાની હોય તેના 'ચૂંટણી કાર્યક્રમ'ની જાહેરાત સામાન્ય રીતે ચાળીસ દિવસ પહેલાં થાય છે. આ સમયગાળો ઘણી વખત બે મહિનાથી પણ વધારે સમયનો હોય છે. ચૂંટણી કાર્યક્રમ જાહેર થાય તેની સાથે જે તે વિસ્તારમાં 'ચૂંટણીની આદર્શ આચારસંહિતા' નો અમલ શરૂ થઈ જાય છે. આચારસંહિતાના અમલ દરમિયાન સામાન્ય ચૂંટણીમાં સંસદની ચૂંટણી દરમિયાન કેન્દ્ર અને તમામ રાજ્ય સરકારો તેમજ વિધાનસભાની ચૂંટણી દરમિયાન જે તે રાજ્યની સરકાર કોઈ મહત્ત્વના નીતિ વિષયક નિર્ણયો લઈ શકતી નથી કે જાહેરાતો કરી શકતી નથી. વિવિધ રાજકીય પક્ષો પણ ચૂંટણી પંચની મંજૂરી લઈને જ કાર્યક્રમોનું આયોજન કરી શકે છે. ચૂંટણીની જાહેરાતની સાથે તમામ સરકારી કર્મચારીઓ પણ ચૂંટણી પંચના તાબામાં ગણવામાં આવે છે, તેઓને ચૂંટણી પંચ વિવિધ કામગીરીના હુકમો કરી શકે છે.

## ચૂંટણીનું જાહેરનામું

ચૂંટણી કાર્યક્રમમાં દર્શાવ્યા મુજબના દિવસે ચૂંટણીનું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવે છે. જાહેરનામું પ્રસિદ્ધ થવાની સાથે ઉમેદવારી પત્રો ભરવાનું શરૂ થાય છે.

## ચૂંટણી

જે નાગરિક બંધારણમાં દર્શાવ્યા મુજબની લાયકાતો ધરાવતો હોય તે ચૂંટણીમાં ઉમેદવારી કરી શકે છે. ગુજરાત રાજ્યની વિધાનસભાની ઉમેદવારી કરવી હોય તો તે નાગરિકનું નામ ગુજરાતના કોઈપણ વિધાનસભા ક્ષેત્રમાં મતદાર તરીકે નોંધાયેલું હોવું જોઈએ.

ઉમેદવારી પત્ર ભરવાની મુદત સામાન્ય રીતે પાંચ – છ દિવસની રાખવામાં આવે છે.

ઉમેદવારી પત્રો ભરવાના છેલ્લા દિવસ પછીના દિવસે ઉમેદવારી પત્રોની ચકાસણી કરવામાં આવે છે, જેમાં ખૂટતી વિગતો કે લાયકાતના અભાવમાં ચૂંટણી અધિકારી ઉમેદવારી પત્ર રદ કરી શકે છે. ઉમેદવારી પત્ર ભરનાર વ્યક્તિ પણ ઉમેદવારી પત્ર ભર્યા પછીના નિયત દિવસો સુધીમાં ઉમેદવારી પરત ખેંચી શકે છે.

ઉમેદવારી પત્ર પરત ખેંચવાના દિવસ પછીના દિવસે ચૂંટણી અધિકારી દ્વારા ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવે છે. આ પછી અંદાજે ચૌદ દિવસ બાદ ચૂંટણી યોજવામાં આવે છે. આ દરમિયાન ઉમેદવારો પોતાનો પ્રચાર કરે છે. મતદાન શરૂ થવાના અડતાળીસ કલાક પહેલાં ચૂંટણીનો જાહેર પ્રચાર બંધ કરવામાં આવે છે.


મતદાન પૂર્ણ થયા બાદ ચૂંટણી કાર્યક્રમમાં દર્શાવ્યા મુજબના દિવસે મત ગણતરી હાથ ધરવામાં આવે છે અને જે તે મતક્ષેત્રમાં સૌથી વધારે મત મેળવનાર ઉમેદવારને વિજેતા જાહેર કરવામાં આવે છે.

## સામાન્ય ચૂંટણી અને પેટા ચૂંટણી

કોઈપણ ક્ષેત્રની લગભગ તમામ બેઠકોની ચૂંટણી થતી હોય તેને સામાન્ય ચૂંટણી કહેવામાં આવે છે જ્યારે કોઈ કારણસર એટલે કે સભ્યના રાજીનામાને કારણે, મૃત્યુના કારણે કે ગેરલાયકાત ઊભી થવાથી સભ્યપદ રદ થવાને કારણે ખાલી પડેલી બેઠકની ચૂંટણી થાય ત્યારે તેને પેટા ચૂંટણી કહેવામાં આવે છે.

### તમારો મત કઈ રીતે સુનિશ્ચિત કરશો?

1. મતદારયાદીમાં પોતાનું નામ સુનિશ્ચિત કરવું.
2. યોગ્ય અને માન્ય ઓળખપત્ર અથવા EPIC કાર્ડ ધરાવવું.
3. મતદાન મથકે પહોંચી નિયમો આધિન રહી પસંદગીના ઉમેદવારને મત આપવો.



## મતદાન મથક




### મતદાર તરીકે તમે શુ કરશો?

1. મતદાન મથક પરનાં સૂચનોનું પાલન
2. મતદાન અધિકારીઓની સૂચનાનું પાલન
3. કોઈપણ લાલચ અને દબાણ વગર પોતાના પસંદગીના ઉમેદવારને મતદાન કરવું.

### મતદાન મથકમાં

1. પહેલા (પોલિંગ) મતદાર અધિકારીને પોતાનું ઓળખપત્ર આપી મતદાર યાદીમાં નામ સુનિશ્ચિત કરાવવું.
2. બીજા મતદાર અધિકારી પાસે ડાબા હાથની પહેલી આંગળી પર શાહી લગાવડાવી રજીસ્ટરમાં સહી કરી બેલેટ માટેની કાપલી મેળવો.
3. ત્રીજા અધિકારીને તમારી આંગળી બતાવી કાપલી આપી અધિકારીની સૂચના મુજબ વોટિંગ મશીન બુથમાં પોતાનો મત આપવા આગળ વધવું.
4. મુખ્ય મતદાન અધિકારી મશીનને બેલેટ આપશે જેથી મતદાન બુથમાં રહેલ બેલેટ મશીન પર લીલા રંગનું પ્રકાશિત બિંદુ દેખાશે.
5. લીલા પ્રકાશની લાઈટ થયા બાદ જ તમે બેલેટ મશીનમાં ઉમેદવારની સામેના ભૂરા બટનને દબાવીને તમારો મત આપી શકશો.

6. અહીં આપેલ મશીનમાં ઉમેદવારોનાં નામ એની સામે એનું ચિહ્ન દર્શાવેલ હશે. પોતાની પસંદગીના ઉમેદવારને મત આપવા ઉમેદવારના ચિહ્નની સામેના ભૂરા બટનને દબાવવું.

7. તમારા ઉમેદવારની સામેના બટનને દબાવવાથી એજ ઉમેદવારના નામની સામે લાલ લાઈટ પ્રકાશિત થશે અને 4 સેકન્ડ સુધી બીપનો અવાજ આવશે. જો તમે મોટા બીપનો અવાજ ન સાંભળો તો મુખ્ય મતદાન અધિકારીને જાણ કરવી.

8. જો તમને EVM મશીનમાં યોગ્ય ઉમેદવાર ન જણાય તો મશીનના અંતમાં નીચેના ભાગમાં NOTA કે જે લાલ અક્ષરે લખેલ હોય છે. એમાં તમારો મત આપી શકો છે.

9. VVPAT નું પ્રિન્ટર એક સ્લીપ પ્રિન્ટ કરશે કે જેમાં તમે આપેલ ઉમેદવારનો ક્રમ, નામ, ચિહ્ન અંકિત થશે અને VVPAT ના પારદર્શક કાચમાંથી સાત સેકન્ડ માટે તમને દેખાશે અને મશીનના નીચેના ભાગમાં સ્ટોરેજમાં ભેગી થશે આ પ્રિન્ટ મતદાર માટે નથી.

## યાદ રાખો

1. ચૂંટણીના અગાઉ મતદાર યાદીમાં તમારું નામ સુનિશ્ચિત કરો. ચૂંટણીકાર્ડ હોવા માત્રથી તમને મતદાનનો અધિકાર મળતો નથી.
2. ચૂંટણી દરમિયાન મતદાર પત્ર અને વોટીંગ માટેની માહિતી અંતર્ગત હેલ્પલાઈન નંબર 1950 પર કોલ કરી શકો છો.
3. જ્યારે તમે નવા સ્થળે રહેઠાણ કરો છો અને એ સ્થળના મતદારોમાં નોંધણી કરાવો છો ત્યારે જૂની મતદાર યાદીમાંથી તમારું નામ કમી કરાવવું આવશ્યક છે.
4. તમારા વિધાનસભાના સંસદીયક્ષેત્ર અથવા મતદાર યાદીમાં નામ જાણવા માટે નીચે મુજબની વેબસાઈટની વિઝિટ કરી શકો છે.

www.eci.nic.in ♦ www.ecisveep.nic.in ♦ www.nvsp.in

**હેલ્પલાઈન ટોલ ફ્રી નંબર 1950**